| ૩૮ | આચાર્યશ્રી માણેકલાલ નાણાવટી લો કોલેજ, લાલદરવાજા | ૮૫૬ | !! |
| ૩૯ | આચાર્યશ્રી મોતીલાલ નહેરૂ લો કોલેજ, રીલીફ રોડ | ૧૬૪૯ | !! |
| ૪૦ | આચાર્યશ્રી એમ.એસ.ભગત સી.એસ.સોનાવાલા લો કોલેજ અમદાવાદ | ૫૫૮ | !! |
| ૪૧ | આચાર્યશ્રી જી.એલ.એસ.ઈન્સ્ટર. ઓફ કોમ્પ્યુ.એપ્લી. એલીસબ્રીજ (એસ.એફ.) | ૪૨૨૪ | !! |
| ૪૨ | આચાર્યશ્રી કે.કે.એમ.બી.સી.એ.કોલેજ કપડવંજ | ૧૪૦૧૬ | !! |
| | કુલ | ૫૮૦૦૪૬ | |

## ૫.૩ ગુજરાત યુનિવર્સીટી ધ્વારા યુનિ.કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમ સરભર ન થવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી ધ્વારા તેમના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ વિભાગોને વિવિધ પ્રકારના એડવાન્સ આપેલ છે. તારીખ-૩૧/૩/૦૫ ના રોજ સામેલ પરિશિષ્ટ મુજબ રૂ..૪,૯૦,૨૩,૦૩૪/- સરભર કરવાના બાકીમાં છે. તેમજ પરિશિષ્ટ મુજબ આપેલ એડવાન્સ કરતા રૂ..૭,૨૩,૪૮૩/- વધુ સરભર થયેલ છે.જે બાબત ગંભીર હીસાબી અનિયમિતતાનું સુચન કરે છે. સંસ્થાએ રજુ કરેલ યુનિ.કાર્યાલય ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સ ના રજીસ્ટરની ચકાસણી કરતા સામેલ પરીશીષ્ટની વિગતે નમુનારૂપ કીસ્સાઓ વિશેષ કરીને સંસ્થાને ધ્યાને મુકવામાં આવે છે.

(૧) સામેલ પરિશિષ્ટ- ના અ.નં.૩૮ નંબર ઉપર દર્શાવેલ એડવાન્સ સરભર થવાની બાકી રકમ રૂ..૨,૭૭,૮૪૫/- ડમી નંબરના કામ માટે એડવાન્સ ઓડીટ વર્ષ અગાઉના વર્ષમાં આપેલ છે તે પણ સરભર થયેલ નથી. પરીક્ષાને લગતી ડમી નંબરની કામગીરી જે તે એડવાન્સના વર્ષમાં પૂર્ણ થયેલ હોય તેમ છતાં હિસાબો સરભર કરેલ નથી. જે હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી. સને ૨૦૦૩-૦૪ ના વર્ષમા પણ આ રકમ આગળ ખેંચાતી આવેલ છે. વર્ષોવર્ષ ઓડીટ વાંધો આપવા છતાં રકમ સરભર કરવામાં આવેલ નથી તો આ બાબતે સત્વરે પગલા લઈ રકમ સરભર કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૨) સામેલ પરિશિષ્ટ – ૩ના અ.નં.૪૫ ઉપરની એડવાન્સ સરભર થવાની બાકીમાં છે રૂ..૬૧,૩૪,૮૭૭/-યુનિવર્સીટી પ્રેસ વિભાગની બાકીમાં છે. આ પ્રેસ પાસે ઓડીટ વર્ષ અગાઉના વર્ષના એટલેકે ૨૦૦૩-૦૪ ના વર્ષના એડવાન્સ સરભર થવાની બાકી રકમ રૂ..૫૮,૭૭,૫૦૯/- હતી. અને ઓડીટ વર્ષમાં રૂ..૩૫,૦૮,૧૩૮/-નું એડવાન્સ આપેલ છે. અને વર્ષ દરમ્યાન રૂ..૩૨,૫૦,૭૭૧/- ના હિસાબો સરભર કરાવેલ છે. આમ, ઓડીટ વર્ષના અંતે પ્રેસ પાસે રૂ..૬૧,૩૪,૮૭૬/- એડવાન્સ રકમ સરભર થવાની બાકીમાં છે જે બહું મોટી રકમ ગણાય. તો આ બાબત્તે તકેદારી રાખી સત્વરે એડવાન્સ સરભર કરાવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૩)સામેલ પરિશિષ્ટમાં અ.નં.નં.૫૩ ઉપર એડવાન્સ એકાઉન્ટ યુનિ.સ્ટાફ અન્યમાં એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રૂ..૭,૬૩,૦૦૦/- છે. જ્યાર ઉપરોકત સરભર થવાની બાકી રકમ પૈકી શ્રી દિપકભાઈ બી. પટેલ પત્રકારત્વ વિભાગના ખાતામાં રૂ..૨,૨૫,૦૦૦/- જમા બાકી એટલેકે આપેલ એડવાન્સ કરતા વધુ રકમ સરભર કરાવેલ છે તેની આધારસહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોકત સિવાયના અન્ય કિસ્સામાં એડવાન્સ ની રકમ સરભર થવાની બાકીમાં હોય, સત્વરે સરભર કરવા અંગેના પગલા લઈ, રકમ સરભર કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. તેમજ ચુકવેલ એડવાન્સ રકમ કરતા વધું સરભર થયેલ રકમના કિસ્સામાં અગાઉના વર્ષના ચુકવેલ એડવાન્સની રકમ સરભર થવાની બાકી રકમ ઓડીટ વર્ષમાં ઉઘડતી સિલક તરીકે એડવાન્સ રજીસ્ટરમાં દર્શાવી હિસાબમેળ લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૧૫૮,૧૫૯ અને ૨૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

## ગુજરાત યુનિવર્સીટીના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રકમનું વિગત દર્શાવતું

## પરિશિષ્ટ-૩ – ફકરા નં. ૫

| ક્રમ | ખાતા નુ નામ | કોડ નંબર | તા-૩૧/૩/૦૫ ના રોજ સરભર કરવાની બાકી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | યુ.એસ.એસ.એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૧૦૦૧ | ૫૭૧૯ |
| ૨ | યુ.એસ.એસ.એડવાન્સ જનરલ | ૯૩૦૧૦૦૨ | ૩૬૭૫૦૩ |
| ૩ | યુ.એસ.એસ.એડવાન્સ જનરલ | ૯૩૦૧૦૦૨ | ૫૯૫૪૬૯ |
| ૪ | યુ.એસ.પી.એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૧૦૦૧ | ૨૦૦૦ |
| ૫ | યુ.એસ.પી. એડવાન્સ જનરલ | ૯૩૦૩૦૦૨ | ૧૫૮૫૩૫ |
| ૬ | યુ.એસ.સી.એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૪૦૦૧ | ૧૪૯૬૨ |
| ૭ | યુ.એસ.જી.એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૨૦૦૧ | ૩૩૨૨૫ |
| ૮ | યુ.એસ.સી.એડવાન્સ બોટની ડીપોર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૨ | ૧૬૮૫૦ |
| ૯ | યુ.એસ.સી.એડવાન્સ બોટની ડીપોર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૫ | ૨૩૩૯૩૧ |
| ૧૦ | યુ.એસ.સી.એડવાન્સ કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૬ | ૧૮૫૭૪૦૧ |
| ૧૧ | યુ.એસ.સી.એડવાન્સ ફીઝીકસ ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૭ | ૩૦૧૯૫૩ |
| ૧૨ | યુ.એસ.સી.એડવાન્સ ઝુલોજી ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૯ | ૨૭૯૪૬ |
| ૧૩ | યુ.એસ.સી.એડવાન્સ માઈક્રો બાયોલોજી ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૧૦ | ૮૫૩૧૮૫ |
| ૧૪ | યુ.એસ.સી.એડવાન્સ સેન્ટ્રલ લેબોરેટરી | ૯૩૦૪૦૧૧ | ૭૨૦૯૩ |
| ૧૫ | યુ.એસ.સી.એડવાન્સ જીયોગ્રાફી ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૧૨ | ૩૧૪૧૧ |
| ૧૬ | યુ.એસ.સી.એડવાન્સ સ્ટેટીકસ ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૧૪ | ૯૧૨૬૧ |
| ૧૭ | યુ.એસ.સી.એડવાન્સ જનરલ | ૯૩૦૪૦૧૫ | ૧૪૭૪૧ |
| ૧૮ | યુ.એસ.સી.એડવાન્સ બાયો કેમેસ્ટ્રી/લાઈફ સાઈન્સ | ૯૩૦૪૦૧૬ | ૨૦૯૩ |
| ૧૯ | યુ.એસ.વી.એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૫૦૦૧ | ૬૧૦ |
| ૨૦ | યુ.એસ.વી. એડવાન્સ જનરલ | ૯૩૦૫૦૦૨ | ૪૮૪૨૫૪ |
| ૨૧ | બી.એમ.એસ.એડવાન્સ સ્ટુડન્ટસ યુનીયન | ૯૩૦૬૦૦૧ | ૮૯૦૦ |
| ૨૨ | બી.એમ.એસ.એડવાન્સ જનરલ | ૯૩૦૬૦૦૨ | ૨૮૮૮૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | બી.બી.એ.એડવાન્સ જનરલ /કે.એમ. | ૯૩૦૬૦૦૩ | ૩૩૬૯૯૨૪ |
| ૨૪ | યુ.એસ.લો એડવાન્સ સ્ટુડન્ટસ યુનિયન | ૯૩૦૭૦૦૧ | ૧૧૯૯ |
| ૨૫ | યુ.એસ.લો એડવાન્સ જનરલ | ૯૩૦૭૦૦૨ | ૧૫૧૮૮૪ |
| ૨૬ | એડવાન્સ ટુ અધ્યક્ષ ફોર એકઝામ | ૯૩૦૮૦૦૨ | ૪૬૨૧૪૮ |
| ૨૭ | એડવાન્સ સીડીપીઈ ડીપાર્ટમેન્ટ એડવાન્સ | ૯૩૦૯૦૦૧ | ૩૪૩૭૪ |
| ૨૮ | ડી.પી.ઈ.એડવાન્સ ઈન્ટર યુનિ.સ્પોર્ટસ | ૯૩૦૯૦૦૧ | ૨૭૧૨૭૭૬ |
| ૨૯ | ડી.પી.ઈ.એડવાન્સ ઈન્ટર ગ્રુપ | ૯૩૦૯૦૦૨ | ૪૯૩૭૮૨ |
| ૩૦ | ડી.પી.ઈ.એડવાન્સ લોકલ સ્પોટર્સ | ૯૩૦૯૦૦૩ | ૩૮૫૩૬ |
| ૩૧ | ડી.પી.ઈ.એડવાન્સ યુથ વેલફેર | ૯૩૦૯૦૦૪ | ૪૫૦૫૫૪ |
| ૩૨ | એન.એસ.એસ.એડવાન્સ ટુ યુનિ. એન.એસ.એસ.ડીપાર્ટમેન્ટ | ૯૩૧૦૦૦૨ | ૨૨૪૯ |
| ૩૩ | એડલ્ટ એજ્યુકેશન એડવાન્સ | ૯૩૧૦૦૦૩ | ૬૯૫૪૯ |
| ૩૪ | એડવાન્સ એકાઉન્ટસ ઈલેકશન | ૯૩૧૧૦૦૪ | ૫૨૪૪૧ |
| ૩૫ | એડવાન્સ એકાઉન્ટસ કવેકચન બુક | ૯૩૧૧૦૦૫ | ૧૦૧ |
| ૩૬ | એડવાન્સ પી.જી.રીસર્ચ | ૯૩૧૧૦૦૬ | ૧૭૯૯૪ |
| ૩૭ | સ્ટાફ/બેઝ ડીપોઝીટ એડવાન્સ | ૯૩૧૧૦૦૯ | ૩૨૭૧૭ |
| ૩૮ | એડવાન્સ એકાઉન્ટ ડમી નંબર વર્કસ | ૯૩૧૧૦૧૦ | ૨૭૭૮૪૫ |
| ૩૯ | એડવાન્સ એકાઉન્ટ કોમ્પ્યુટર સેન્ટર | ૯૩૧૧૦૧૨ | ૧૭૧૪૫૭૫ |
| ૪૦ | એડવાન્સ એકાઉન્ટ આર.એમ.ઓ. | ૯૩૧૧૦૧૩ | ૩૬૬૬ |
| ૪૧ | હોસ્ટેલ એડવાન્સ જનરલ મેન | ૯૩૧૨૦૦૧ | ૭૫૬૩૦ |
| ૪૨ | એડવાન્સ એકાઉન્ટ એસ્ટેટ | ૯૩૧૩૦૦૧ | ૨૭૮૧૭૬૨ |
| ૪૩ | પોલીવેલેન્ટ સેન્ટર એડવાન્સ જનરલ | ૯૩૧૫૦૦૧ | ૫૫૪૬૮ |
| ૪૪ | એસ.કે.સેન્ટર એડવાન્સ જનરલ | ૯૩૧૬૦૦૧ | ૬૬૪૨ |
| ૪૫ | પ્રેસ એડવાન્સ એકાઉન્ટ | ૯૩૧૭૦૦૧ | ૬૧૩૪૮૭૬ |
| ૪૬ | લાયબ્રેરી એડવાન્સ એકાઉન્ટ | ૯૩૧૮૦૦૧ | ૧૦૭૬૫૯ |
| ૪૭ | લાયબ્રેરી સાયન્સ એડવાન્સ એકાઉન્ટ | ૯૩૧૮૦૦૨ | ૧૭૨ |
| ૪૮ | ડેવલમપેન્ટ કોમ્યુનીકેશન એડવાન્સ જનરલ | ૯૩૧૯૦૦૧ | ૨૧૮૯૪ |
| ૪૯ | ઈ.એમ.આર.સી.એડવાન્સ જનરલ | ૯૩૧૮૦૦૨ | ૭૭૬૩૯૯૫ |
| ૫૦ | ઈ.એમ.આર.સી. એડવાન્સ જનરલ | ૯૩૧૯૦૦૯ | ૨૬૦૦ |
| ૫૧ | એડવાન્સ એકેડેમી સ્ટાફ કોલેજ | ૯૩૨૧૦૦૦ | ૩૯૦૭૩૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૫૨ | યુ.પી.પુરોહીત | ૯૩૨૩૦૦૦ | ૨૭૫૧૮૪૦ |
| ૫૩ | એડવાન્સ એકાઉન્ટયુનિ.સ્ટાફ અન્ય | ૯૩૧૧૦૦૧ | ૭૬૩૦૦૦ |
| ૫૪ | એડવાન્સ એકાઉન્ટ જનરલ | ૯૩૧૧૦૦૩ | ૯૩૦૦૯૩૬ |
| | કુલ | | ૪૯૦૨૩૦૩૪ |

ગુજરાત યુનિવર્સીટીના કાર્યાલય, ભવનો, સ્ટાફ તથા જનરલ એડવાન્સની રકમ જમા હોવાની વિગત દર્શાવતું

## પરિશિષ્ટ-૪ -ફકરા નં. ૫

| ક્રમ | ખાતા નુ નામ | કોડ નંબર | તા-૩૧/૩/૦૫ ના રોજ સરભર કરવાની બાકી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | યુ.એસ.જી. એડવાન્સ બી.સી.જે.પી. | ૭૩૦૨૦૦૩ | ૩૧૨૩૩ |
| ૨ | બી.એડ એડમીશન એડવાન્સ | ૭૩૦૩૦૦૩ | ૮૦૨૧૧ |
| ૩ | યુ.એસ.સી. એડવાન્સ વર્કશોપ | ૯૩૦૪૦૦૩ | ૧૨૨૯૩ |
| ૪ | યુ.એસ.સી. એડવાન્સ મેથ્સ ડીપાર્ટમેન્ટ | ૯૩૦૪૦૦૮ | ૩૧૯૮૬ |
| ૫ | યુ.એસ.વી.પી.જી.ડી.એફ.એ. એડવાન્સ | ૯૩૦૫૦૦૩ | ૨૪૭૦૫ |
| ૬ | એડવાન્સ એકાઉન્ટ પરીક્ષાના હેતુ માટે | ૯૩૦૮૦૦૦ | ૩૨૪૩૯ |
| ૭ | એડવાન્સ એકાઉન્ટ ટેલીફોન્સ | ૯૩૧૧૦૦૨ | ૧૧૦૪૪ |
| ૮ | એડવાન્સ ટુ પી.જી.સેન્ટર્સ | ૯૩૧૧૦૦૭ | ૪૬૮૬૬૩ |
| ૯ | એડવાન્સ ટુ ઓબ્ઝર્વસ | ૯૩૧૧૦૧૧ | ૭૭૯૯ |
| ૧૦ | એડવાન્સ એકાઉન્ટ ગેસ્ટ હાઉસ | ૯૩૧૧૦૧૫ | ૧૫૩૦ |
| ૧૧ | હોસ્ટેલ એડવાન્સ જનરલ વુમેન | ૯૩૧૨૦૦૨ | ૨૧૫૪૦ |
| ૧૨ | આઈ.એ.એસ. એડવાન્સ જનરલ | ૯૩૧૪૦૦૧ | ૩૫ |
| | | | ૭૨૩૪૮૩ |

## ફકરા નં.૬

રેકર્ડ રજુ ન કરવા બાબત.

**૬.૧** સેનેટ તથા વિવિધ કમીટી અને કારોબારીની મીનીટસ બુક રજુ કરવા બાબત.

આ સંસ્થા એસ્વાયત સંસ્થા છે અને આ સંસ્થા સરકારી ગ્રાન્ટ તથા યુજીસી ની ગ્રાન્ટ તથા ફી અને અન્ય આવકથી ચાલતી સંસ્થા છે. આ સંસ્થાના સંચાલન માટે તથા વહીવટી. તાંત્રીક તથા નાણાકીય મંજુરીઓ આપવા માટે સેનેટ કારોબારી બાંધકામ સમીતી તથા અન્ય પ્રકારની કેટલીક સમીતીઓ ધ્વારા વહીવટી, તાંત્રીક તથા આર્થીક આવક અને ખર્ચ બાબતના નિર્ણયો લેવામાં આવતા હોય છે તો આ સંસ્થામાં કેટલા પ્રકારની કમીટીઓ નિમાવવામાં આવેલ છે તેનુ લીસ્ટ તથા આ તમામ કમીટી ઓએ ૨૦૦૪-૦૫ ના નાણાકીય વર્ષમાં કરેલ ખર્ચ અને આવકના વ્યવહારો બાબતે લેવામાં આવેલ નિર્ણયો ની ઓડીટ ચકાસણી અર્થે તમામ સમીતીઓની મિનિટસ બુક ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે જેથી ઓડીટ વર્ષમાં થયેલ આવક અને ખર્ચના વ્યાજબીપણાની ખાત્રી કરી શકાય.

પ્રા.વા.નં.૬૭, તા-૨૮/૧૦/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી તેમજ વિવિધ કમીટી કે કારોબારીની મીનીટસ બુક ઓડીટમાં રજુ થયેલ નથી જે યોગ્ય નથી.

**૬.૨** પરીક્ષાના પેપરોની છપામણીના ખર્ચ બાબત

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાની પરીક્ષા શાખામાં અન્વેષણ વર્ષમાં લેવાયેલ પરીક્ષાઓ ના પ્રશ્નપત્રો છપામણી નો ખર્ચ નીચેની વિગતે થયેલ છે.

| ક્રમ | વા.નંબર | તારીખ | રકમ | હિસાબી કોડ નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૩૧૮૧ | ૩૦/૯/૦૪ | ૨૯૯૦૭૬.૩૫ | ૩૫૧૫૦૦૦ |
| ૨ | ૪૬૯૧ | ૩૧/૧૨/૦૪ | ૯૮૪૮૫૮.૦૦ | !! |
| ૩ | ૫૬૭૫ | ૧૬/૨/૦૫ | ૧૮૮૨૦.૦૦ | !! |
| ૪ | ૭૦૪૫ | ૩૧/૩/૦૫ | ૫૯૭૭૮૪.૦૦ | !! |
| ૫ | ૭૦૪૬ | ૩૧/૩/૦૫ | ૧૪૫૪૩૫૬.૦૦ | !! |
| કુલ | | | ૩૩૫૩૮૯૪.૩૫ | !! |

આમ ઉકતના ઓડીટ બાબતે પરીક્ષા વિભાગના પ્રશ્નપત્રો છપાવવાની કામગીરી કરતા કર્મચારીશ્રીને રૂબરૂ બોલાવી ઓડીટ વર્ષમાં લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્રો છપાવવા માટે કરેલ કાર્યવાહી જેવી કે પરીક્ષાના વિષયવાર પરીક્ષાર્થી ની માહિતી, પ્રશ્નપત્રો ની નિયત કરેલ સંખ્યા આ પ્રશ્નપત્રો છપાવવા માટે કરેલ કાર્યવાહી જેવી કે છપાવવાની કામગીરી માટે ભાવપત્રો મેળવવા છપાવવા માટેની પાર્ટી નકકી કરવી પેપરો છપાઈને આવ્યા બાદ કરેલ વિતરણની કાર્યવાહી ની ફાઈલ તમામ રેકર્ડ સાથે રજુ કરવા જણાવતા રેકર્ડ રજુ કરેલ નથી. જેથી આ કામે થયેલ ખર્ચ વાંધા હેઠળ કેમ ન રાખવું તે બાબતે જવાબદારથી સ્પષ્ટતા મેળવી ઓડીટ સમક્ષ રજુ કરવી તથા રેકર્ડ રજુ કરાવવા જવાબદાર સામે કાર્યવાહી કરી ઓડીટને જાણ કરવી.

પ્રા.વા.નં.૧૩, તા-૨/૧/૧૦ નો જવાબ સંસ્થાએ આપેલ નથી આ રેકર્ડ રજુ કરવા માટે ઓડીટરશ્રી તથા જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી ધ્વારા રૂબરૂ મળી રજુઆત કરવા છતાં તેમજ અલગ પત્ર લખી જણાવવા છતાં રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી જે ગંભીર બાબત છે તો આ રેકર્ડ સ્ત્વરે તૈયાર કરી આગામી ઓડીટમાં રજુ કરી ઓડીટ કરાવવામાં ન આવે ત્યાં સુધી આ હેતુથી થયેલ ખર્ચ રૂ..૩૩,૫૩,૮૯૪.૩૫ વાંધા હેઠળ રાખવામાં આવે છે. આમ રેકર્ડ રજુ ન કરવા બદલ જવાબદાર અધિકારી / કર્મચારી સામે યોગ્ય પગલા લેવા ઓડીટનું સુચન છે.

**વાંધા હેઠળ રૂ..૩૩,૫૩,૮૯૪.૩૫**

---

**<u>૬.૩</u>** ભુકંપના કારણે યુનિ.અને તેના ભવનોને થયેલ નુકસાન અંગે ઈલેકટ્રીક ફીટીંગ અને ફીકચર્સના ખર્ચ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન હિસાબી તથા શાખાએ રજુ કરેલ રેકર્ડની ચકાસણી કરતા સંસ્થાનું મકાન, ભવનો, સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા બેડમિન્ટન હોલ ઈલેકટ્રીફીકેશન તથા ફીકચર્સ ની કામગીરી નીચે જણાવેલ ત્રણ કંપનીઓ પાસેથી સેવા લેવામાં આવેલ છે. આ કંપનીઓને સામેલ પરિશિષ્ટ-૫ મુજબ વાઉચરથી પેમેન્ટ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ઓમ ઈલેકટ્રોનીકસ યુનિ. તથા ભવનોમાં નવુ વાયરીંગ | ૩૦૬૨૬૦૯ |
| ૨ | ડીઝીટલ એન્જી.પ્રો.પ્રા.લી. યુનિ.તથા બેડમીન્ટન હોલનું વાયરીંગ તથા ફીકચર્સ | ૭૨૨૧૧૬૦ |
| ૩ | જે.કે.એન્જીનીયર્સ યુનિ.ના સ્પોર્ટસ કોમ્પલેક્ષ ના ઈલેકટ્રી રીપેરીંગ | ૫૦૫૧૮૫૪ |
| | કુલ | ૧૫૩૩૫૬૨૩ |

આમ ઉપરોકત પ્રકારના ખર્ચના ઓડીટ માટે એસ્ટેટ શાખામાં પ્રાથમીક વાંધા તથા વારંવાર રૂબરૂ મુલાકાત લઈ રેકર્ડની માંગણી કરતા એસ્ટેટ વિભાગે રેકર્ડ રજુ કરેલ ન હતું. ચાલુ ઓડિટ દરમ્યાન રેકર્ડ રજુ ન થવાથી કરાવેલ કામોની ટેન્ડરીંગ પધ્ધતિમાં કે અન્ય કોઇ ગેરરીતી થયેલ હશે અને જો ઓડિટને ધ્યાને આવી શકી નથી જેથી જવાબદારી નકકી કરી યોગ્ય પગલા સમયસર લેવાય તે અંગે પણ ઉચિત કાર્યવાહી થવી ઘટે. આ અંગે કરેલ ખર્ચનું ઓડીટપાત્ર રેકર્ડ રજુ ન થવાને કારણે આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૧૬૧,તા-૨૫/૧/૧૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી અને રેકર્ડ રજુ કરેલ નથી જેથી આ ખર્ચ રૂ.૧,૫૩,૩૫૬.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

કુલ - ૧,૮૬,૮૯,૫૧૭

## પરિશિષ્ટ-૫ - ફકરા નં. ૬

### યુનિ. અમદાવાદ ધ્વારા ઓડીટ વર્ષમાં કરેલ ઈલેકટ્રીફીકેશન તથા ફીકચર્સ પાછળ કરેલ ખર્ચની વિગત

| ક્રમ | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| અ-ઓમ ઈલેકટ્રોનીકસ | | | | |
| ૧ | ૫૯૭ | ૭/૫/૦૪ | ૫૫૨૫૪૮ | રનીંગ બીલ નં.૧ |
| ૨ | ૧૬૯૯ | ૯/૭/૦૪ | ૧૪૪૭૨૮૪ | રનીંગ બીલ નં.૨ |
| ૩ | ૩૯૫૪ | ૮/૧૧/૦૪ | ૨૯૯૫૬૯ | રનીંગ બીલ નં.૩ |
| ૪ | ૩૯૫૫ | ૮/૧૧/૦૪ | ૭૬૩૨૦૮ | રનીંગ બીલ નં.૪ |
| કુલ | | | ૩૦૬૨૬૦૯ | |

| ક્રમ | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| બ-ડીજીટલ એન્ડ પ્રો.પાર.લી. | | | | |
| ૧ | ૫૯૮ | ૭/૫/૦૪ | ૬૩૯૯૫૬ | રનીંગ બીલ નં.૧ |
| ૨. | ૩૩૧૮ | ૧૧/૧૦/૦૪ | ૨૬૮૪૧ | રનીંગ બીલ નં.૨ |
| ૩ | ૩૩૬૪ | ૧૪/૧૦/૦૪ | ૨૬૯૧૩૬ | રનીંગ બીલ નં.૩ |
| ૪ | ૩૯૫૬ | ૮/૧૧/૦૪ | ૧૮૦૬૧૬ | રનીંગ બીલ નં.૪ |
| ૫ | ૫૪૨૦ | ૨/૨/૦૫ | ૨૨૯૦૬૬૪ | રનીંગ બીલ નં.૫ |
| ૬ | ૫૭૦૩ | ૧૮/૨/૦૫ | ૬૪૨૨૨૧ | રનીંગ બીલ નં.૬ |
| ૭ | ૬૨૦૦ | ૪/૩/૦૫ | ૧૯૨૩૫૮૨ | રનીંગ બીલ નં.૭ |
| ૮ | ૬૨૯૬ | ૯/૩/૦૫ | ૭૩૯૪૪૩ | રનીંગ બીલ નં.૮ |
| ૯ | ૬૫૨૧ | ૨૧/૩/૦૫ | ૩૬૭૧૨૭ | રનીંગ બીલ નં.૯ |
| કુલ | | | ૭૨૨૧૧૬૦ | |

| ક્રમ | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ક-જે.કે.એન્જીનીયર્સ | | | | |
| ૧ | ૫૯૯ | ૭/૫/૦૪ | ૩૨૮૭૧૬ | રનીંગ બીલ નં.૧ |
| ૨ | ૧૫૫૭ | ૫/૭/૦૪ | ૧૨૨૧૫૭૨ | રનીંગ બીલ નં.૨ |
| ૩ | ૨૩૩૫ | ૨૭/૮/૦૪ | ૭૬૪૫૮૦ | રનીંગ બીલ નં.૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૨૬૭૬ | ૬/૯/૦૪ | ૯૧૭૫૫૮ | રનીંગ બીલ નં.૪ |
| ૫ | ૩૯૨૭ | ૬/૧૧/૦૪ | ૬૨૨૫૩૪ | રનીંગ બીલ નં.૫ |
| ૬ | ૫૬૫૮ | ૧૬/૨/૦૫ | ૬૯૬૮૯૪ | રનીંગ બીલ નં.૬ |
| ૭ | ૬૬૦૪ | ૨૪/૩/૦૫ | ૫૦૦૦૦૦ | રનીંગ બીલ નં.૭ |
| | | | ૫૦૫૧૮૫૪ | |
| કુલ | | | ૧,૫૩,૩૫,૬૨૩ | |

૬.૪ ૧૬ પેઈજની મુખ્ય ઉતરવહીની ખરીદી અને વપરાશના હિસાબ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના પ્રેસના ઓડીટ વખતે આ પ્રેસમાં નિભાવવામાં આવેલ ૧૬ પેઈજની મુખ્ય ઉતરવહીની ખરીદી, સ્ટોક અને વપરાશના હિસાબોની ચકાસણી કરતા આ નાણાંકીય વર્ષમાં ૧૬ પેઈજની મુખ્ય ઉતરેવહી શરૂ કરવામાં આવેલ છે અને ઓડીટ વર્ષ દરમ્યાન તા-૩૧/૩/૦૫ ના રોજ ૨,૦૦,૦૦૦ (૧૬ પેઈજ ની )મુખ્ય ઉતરવહીઓ ખરીદવામાં આવેલ છે. પરંતુ ઓડીટ વર્ષ દરમ્યાન આ જથ્થો ઈસ્યુ કરવામાં આવેલ નથી જેથી ત્યારબાદના વર્ષોમાં ખરીદ ઈસ્યુ તથા પરત આવેલ સ્ટોકના હિસાબ મેળ લઈ આજની તારીખની સિલક કાઢી હાથ ઉપરના ભૌતિક જથ્થા સાથે મેળ લઈ જણાવેલ વધ/ઘટ બાબતે આપવા સ્તરેથી નિયમોનુસાર ના કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૧૯, તા-૧૮/૧૨/૨૦૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ મુખ્ય ઉતરવહીનો સ્ટોક અને હિસાબ ઓડીટ વર્ષથી અદ્યતન નિભાવી આગામી ઓડીટે રજુ કરવા ઓડીટનુ સુચન છે. ત્યાં સુધી વા. નં. ૧૧૩૪૭ થી કરેલ ખર્ચ રૂ. ૨૬૪૦૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ. ૨,૬૪,૦૦૦/-**

૬.૫ કાનુની ખર્ચ અંગેનુ રેકર્ડ રજુ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન તથા વાર્ષીક હિસાબોની ચકાસણી કરતા જનરલ ફંડના ખર્ચ સદર ૪૫૦૩૦૦૦ લીગલ ચાર્જીસ ખાતે

રૂ..૩૭,૬૨,૭૯૪- નો ખર્ચ ઉધારવામાં આવેલ છે જે ખર્ચની ચકાસણી સારૂ નીચેની વિગતેનું રેકર્ડ રજુ થયેલ નથી.

૧. વર્ષવાર કેટલા કોર્ટ કેસો નિકાલ થયા વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતુ પત્રક

૨. સને ૨૦૦૪-૦૫ ના સમયગાળા દરમ્યાન ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઈલો રેકર્ડ સાથે રજુ કરવી.

૩. વકીલશ્રીની નિમણુંક આપવા અંગેના ઠરાવો નિયમો અને ફી ના દર અંગેના ધારા ધોરણની ફાઈલો

૪. દાવા રજીસ્ટર

૫. લીગલ ચાર્જીસ માટેના નીતી નિયમોની વિગત

૬. સને ૨૦૦૪-૦૫ ના વર્ષાન્તે બાકી રહેલા કેસોની સંખ્યા દર્શાવતુ વિગતવાર પત્રક

પ્રા.વા.નં.૧૧ તા-૩/૯/૦૯ ના જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે, સંસ્થાના જુદા જુદા વિભાગો અને ભવનો ના કેસો હોઈ કોઈ લીગલ સેલ અલગથી ઉભુ કરેલ નથી તેમજ આ અંગેનું રજીસ્ટર નિભાવેલું નથી જેથી ઉકત માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. આમ, આ જવાબ માન્ય રાખી શકાય નહીં આથી આ કરેલ ખર્ચ રૂ..૩૭,૬૨,૭૯૪.૦૦ નો ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૩૭,૬૨,૭૯૪.૦૦

## <u>૬.૬</u> યુનીવર્સીટી એસ્ટેટ, રેસીડેન્સીયલ ભાવનો તથા રોડ લાઈટના રીપેરીંગ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાના એસ્ટેટ વિભાગો ઓડીટ વર્ષ દરમ્યાન નીચે જણાવેલ પ્રકારનો ખર્ચ યુનિવર્સીટીની એસ્ટેટ, રેસીડેન્શીયલ,ભવનો તથા રોડ અને લાઈટ ના રીપેરીંગ પાછળ ખર્ચ કરેલ છે.

| ક્રમ નં. | ખર્ચની વિગત | હિસાબી કોડ | રકમ |
|---|---|---|---|
| ૧ | એસ્ટેટ રીપેર એન્ડ મેઈન્ટેનન્સ | ૫૭૦૧૦૦૦ | રૂ.. ૨૧૨૦૩૩૨.૬૦ |
| ૨ | રેસીડેન્સીયલ મકાન રીપેર | ૫૭૦૧૦૦૧ | રૂ.. ૧૭૩૬૩૯૮.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | યુનિવર્સીટી ભવનો સમારકામ | ૫૭૦૧૦૦૨ | રૂ.. ૭૩૬૪૧.૦૦ |
| ૪ | રોડ અને લાઈટ રીપેરીંગ | ૫૬૦૨૦૦૦ | રૂ.. ૫૯૭૩૯૭.૦૦ |
| | | કુલ | રૂ..૪૫,૨૭,૭૩૮.૬૦ |

આમ ઉકત કરેલ રૂ..૪૫,૨૭,૭૩૮.૬૦ નો ખર્ચ બાબતે કરેલ વિગતવાર એસ્ટીમેટ, ખરીદી કામગીરીમા કરેલ સુપરવીઝનના વિગતો વિગેરેની ફાઈલો આગામી ઓડીટ સમક્ષ તાત્કાલીક રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૪૬, તા-૧૬/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તથા રેકર્ડ રજુ કરેલ નથી જેથી આ ખર્ચના વ્યાજબી પણાની ખાત્રી થઈ શકેલ નથી જેથી આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૪૫,૨૭,૭૩૮.૬૦

.....

૬.૭ પરીક્ષાની કામગીરી માટે ખાનગી વાહનનો કોન્ટ્રાકટ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાઉચરોની ચકાસણી કરતા આ સંસ્થાએ કોલેજોના વિદ્યાર્થીઓની પરીક્ષા માટે ની કામગીરી માટે ખાનગી વાહન રાખવાથી ઓડીટ વર્ષ દમ્યાન રૂ..૩૦,૨૪,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે. આ રકમનું ચુકવણું યુ.પી.પુરોહીતને તેમના વાહનો ભાડે રાખવાથી થયેલ ખર્ચનુ કરેલ છે તા આ સવલત ઉભી કરવા માટે આ કામગીરી માટેની ભાવો મેળવવાની કરેલ કામગીરીની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી. જેથી આ ખર્ચની વ્યાજબીપણાની ખાત્રી થઈ શકતિ નથી.

પ્રા.વા.નં.૧૦૨, તા-૧/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ રજુ કરેલ નથી તેમજ કોઈજ રેકર્ડ રજુ કરેલ નથી આથી આ ખર્ચ રૂ..૩૦,૨૪,૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૩૦,૨૪,૦૦૦/-

**ફકરા નંબર-૭**

આગ, ચોરી, લુંટફાટ કે ઉચાપતને કારણે સંસ્થાને થયેલ આર્થીક નુકસાન બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના વર્ષના અન્વેષણ સમયે પ્રા.વા.નં.૧ તા-૩૧/૮/૦૯ થી અન્વેષણ દરમ્યાન આ સંસ્થાને આગ, ચોરી, લુંટફાટ કે ઉચાપતથી સંસ્થાને કોઈ આર્થીક નુકસાન થયેલ હોય તેવા કિસ્સાઓ ઓડીટના ધ્યાને લાવવા માટે ધ્યાન દોરવામાં આવેલ હતું, પરંતુ સંસ્થાએ ઓડીટ સમય દરમ્યાન આ પ્રાથમીક વાંધાનો કોઈ જવાબ રજુ કરેલ ન હતો કે આવા પ્રકારના કિસ્સાઓની કોઈજ વિગત ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ ન હતી. તો ઉકત પ્રકારની કોઈ ઘટના ન બની હોવાનો પુંતતા જવાબ આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

**ફકરા નંબર- ૮**

ઉચ્ચતર પગાર ધોરણ/ આરઓપી/ સ્ટેપીંગ અપ વગેરે પ્રમાણીત કર્યા સિવાય ચુકવણું કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના ઓડીટ દરમ્યાન ઓડીટ વર્ષ ની મુદત દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મચારીઓની સેવાપોથીઓ રજુ થતા આ કચેરીના માળી શ્રી રામદુલારે જગદંત જેઓના તા-૨૯/૨/૦૪ ના રોજ નિવૃત થવાથી તેમને ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૬-૮૭ થી રૂ..૮૦૦-૧૧૫૦ ના પગાર ધોરણમાં આપવામાં આવેલ છે ત્યારબાદ આર.ઓ.પી.૯૮ તા-૧/૧/૯૬ થી રૂ..૨૬૫૦-૪૦૦૦ ના પગાર ધોરણમાં મંજુર કરેલ છે. આ બન્ને પગાર ધોરણ ઓડીટ કચેરી ધ્વારા પ્રમાણીત થયેલ છે જયારે આ કચેરીએ શ્રી રામદુલારે જગતને બીજુ ઉચ્ચતર પગાર ધોરણ તા-૧/૬/૦૨ થી રૂ.૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ માં મંજુર કરી તા-૧/૬/૨૦૦૨ ના રોજ રૂ..૪૧૧૦ મંજુર કરેલ છે અને નિવૃત્તિની તારીખે રૂ.૪૧૯૦ મુજબ ગ્રેજયુટી રૂ..૧૧૧૨૯૩.૦૦ રજાનો પગાર રૂ. ૫૭,૯૧૨.૦૦ (૨૫૪ દિવસની રજા) મળી કુલ રૂ..૧,૭૦,૨૦૫.૦૦ ની ચુકવણી કરેલ છે. જે નિયમોનુસાર નથી આ શ્રી રામદુલારે ને ચુકવેલ ધ્વીતીય ઉચ્ચતર પગાર ધોરણ ઓડીટ ધ્વારા પ્રમાણીત કરાવવામાં ન આવે ત્યાં સુધી આ રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૬૩, તા-૯/૧૦/૦૯ ના જવાબ સંસ્થાએ કરેલ નથી જેથી રામદુલારે નુ ધ્વીતીય ઉચ્ચતર પગાર ધોરણ ઓડીટ કચેરી ધ્વારા અધિકૃત ન કરાવવામાં આવે ત્યાં સુધી તેમને ચુકવેલ નિવૃત્તિના લાભોની રકમ રૂ.૧,૭૦,૨૦૫.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ.૧,૭૦,૨૦૫.૦૦**

<u>૮.૧</u> આર.ઓ.પી.૮૬, આર.ઓ.પી.૯૮, પ્રથમ તથા ધ્વીતીય ઉ.પ.ધોમાં ચકાસણી વગર ચુકવણું કરવા બાબત

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ કર્મચારીની સેવાપોથીની ચકાસણી દરમ્યાન નમુનારૂપ સામેલ પરિશિષ્ટ-૬ મુજબ રજુ કરેલ પત્રકમાં દર્શાવેલ કર્મચારીની સેવાપોથીમાં આર.ઓ.પી.૮૬, આર.ઓ.પી. ૯૮ તથા પ્રથમ તથા ધ્વીતીય ઉ.પ.ધો મંજુર કર્યા અંગેની નોંધ (અ.નં.૧૨ સિવાય) થયેલ છે પરંતુ લોકલફંડ કચેરી, અમદાવાદ ધ્વારા ચકાસણી થયેલ નથી કચેરીના જે કર્મચારીના કિસ્સામાં

આર.ઓ.પી.૮૬, આર.ઓ.પી.૯૮ તથા પ્રથમ ઉ.પ.ધો તથા ધ્વીતીય ઉ.પ.ધો. આપની કચેરીએથી મંજુર કરવામાં આવેલ છે તે તમામ કર્મચારીની સેવાપોથીઓ લોકલફંડ કચેરી, અમદાવાદમાં મોકલી ચકાસણીની કાર્યવાહી કરવા માટે ઓડીટનોંધ આપવામાં આવે છે. ઓડીટ ચકાસણી થયા વિના આર.ઓ.પી.૮૬, આર.ઓ.પી.૯૮ તથા પ્રથમ તથા ધ્વીતીય ઉ.પ.ધો મંજુર કરી ચુકવણું કરવામાં આવેલ છે તે અનિયમિતતાની પુર્તતા કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

અ.નં.૧૨ કર્મચારીશ્રી બી.એન.શ્રીમાળી નં.૧૦૭૦ ભાષા ભવન આર.ઓ.પી.૯૮ ના આદેશમાં કુલપતિની સહી થયેલ નથી તેમજ લોકલફંડ કચેરી, અમદાવાદ તરફથી આર.ઓ.પી.૯૮ તથા પ્રથમ ઉ.પ.ધો માં ચકાસણી થયેલ ન હોવા છતાં અનિયમિત રીતે ચુકવણું કરવામાં આવેલ છે જે અંગે પુર્તતા કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૦૭,તા-૫/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**૮.૨ ઓડિટ કચેરી દ્વારા ચકાસણી થયા વગર સ્ટેપીંગ અપનો લાભ આપવા બાબત.**

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ કર્મચારીની સેવાપોથીની ચકાસણી કરતા નીચે દર્શાવેલ કર્મચારીઓને જુનીયર કર્મચારી શ્રી એમ.એમ.મહિડા કર્મચારી નં.૮૮૫ ની સામે તા-૮/૩/૦૬ થી નમુનારૂપ નીચે દર્શાવેલ કર્મચારીને સ્ટેપીંગ અપ મંજુર કરવામાં આવેલ છે પરંતુ સેવાપોથીમાં લોકલફંડ કચેરી, અમદાવાદના ચકાસણી અંગેની કોઈ નોંધ થયેલ જણાતી નથી.

**શ્રી એન.એમ.મહિડા સામે મેળવેલ સ્ટેપીંગ અપ :-**

| ક્રમ | કર્મચારીનુ નામ | કર્મચારી નંબર | શાખા | ઈજાફાની મુળ | સ્ટેપીંગ અપની |
|---|---|---|---|---|---|

| | | | | તારીખ | તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ગીરીશ પી.પટેલ | ૬૫૧ | ઓડીટ | ૧/૪/૯૬ | ૮/૩/૯૬ |
| ૨ | શ્રી જયંતિભાઈ એમ.પટેલ | ૬૨૮ | હિસાબ | !! | !! |
| ૩ | શ્રીમતિ હર્ષા સી.શુકલ | ૬૩૩ | જીયોગ્રાફી | !! | !! |
| ૪ | શ્રી ડી.બી.શાહ | ૬૫૩ | ટેલી-ઓપરેટર | !! | !! |
| ૫ | શ્રી જે. જી.પરમાર | ૬૩૭ | એકેડેમિક | !! | !! |
| ૬ | શ્રી એસ.પી.વ્યાસ | ૬૪૩ | એસ્ટેટ | !! | !! |

શ્રી મહિડા સામે સ્ટેપીંગ અપ મંજુર કરવામાં આપેલ છે તેવા તમામ કર્મચારીઓની સેવાપોથીઓ લોકલફંડ કચેરી, અમદાવાદમાં મોકલી ચકાસણીની કાર્યવાહી કરવા માટે ઓડીટ નોંધ આપવામાં આવે છે તેમજ અન્ય કર્મચારી સામે મંજુર કરેલ સ્ટેપીંગ અપના તમામ કેસોની સેવાપોથી લોકલ ફંડ કચેરી, અમદાવાદને ચકાસણી માટે મોકલી આપવાની રહેશે. ઓડીટ ચકાસણી વિના સ્ટેપીંગ અપ મંજુર કરી ચુકવણું કરવામાં આવેલ છે તે અનિયમિતતાની પુર્તતા કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

સ્ટેપીંગ અપ સક્ષમ અધિકારી (એલ. એફ. ઓડિટ કચેરી) દ્વારા મંજુર કરાવ્યા સિવાય ચુકવણું કરવા બદલ જવાબદારથી જવાબદારી નકકી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા. નં.૧૦૮, તા-૫/૧૨/૦૯ નો સંસ્થા એ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## પરિશિષ્ટ-૬ - ફકરા નં. ૮

આર.ઓ.પી.૮૬, આર.ઓ.પી.૯૮, પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો માં ચકાસણી થયા વીના
ચુકવણું થયેલ નમુનારૂપ કેસોનું પત્રક

| ક્રમ નં. | કર્મચારીનુ નામ | કર્મચારી નંબર | ચકાસણી થયેલ નથી |
|---|---|---|---|
| ૧ | શ્રી ડી.જે.ચૌધરી | ૨૯૮ | આર.ઓ.પી.૮૬,૯૮ પ્રથમ ઉ.પ.ધો |
| ૨ | શ્રી સી.એ.ડાભી | ૭૧૦ | આર.ઓ.પી.૮૬,૯૮ પ્રથમ ઉ.પ.ધો |
| ૩ | શ્રી બી. જે. ત્રિપાઠી | ૭૭૮ | આર.ઓ.પી.૮૬,૯૮ પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો |
| ૪ | કિર્તી માકર્સ ફિડેલીસ | ૭૭૨ | આર.ઓ.પી.૯૮ તથા પ્રથમ ઉ.પ.ધો |
| ૫ | શ્રી એચ.ડી.પરમાર | ૭૭૪ | આર.ઓ.પી.૯૮ પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો |
| ૬ | શ્રી એન.આર.પટેલ | ૭૪૪ | આર.ઓ.પી.૯૮ પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો |
| ૭ | શ્રી એસ.બી.વાઘેલા | ૭૪૯ | આર.ઓ.પી.૯૮ પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો |
| ૮ | શ્રી આર.સી.પરમાર | ૯૨૧ | આર.ઓ.પી.૮૬,૯૮ પ્રથમ ઉ.પ.ધો |
| ૯ | શ્રી કે. આર. તલપલ્લી | ૧૦૦૧ | આર.ઓ.પી.૮૬,૯૮ પ્રથમ ઉ.પ.ધો |
| ૧૦ | શ્રી બી. બી. રાઠોડ | ૧૦૯૬ | આર.ઓ.પી.૯૮ પ્રથમ ઉ.પ.ધો |
| ૧૧ | શ્રી એસ.આઈ.વાળંદ | ૧૦૭૮ | આર.ઓ.પી.૯૮ પ્રથમ તથા દ્વીતીય ઉ.પ.ધો |
| ૧૨ | શ્રી બી.એન.શ્રીમાળી | ૧૦૭૦ | આર.ઓ.પી.૯૮ તથા પ્રથમ ઉ.પ.ધો ચકાસણી થયેલ નથી આર.ઓ.પી.૯૮ માં કુલપતિની સહી થયેલ નથી. |

## ફકરા નંબર – ૯

નિવૃત્તિના લાભો ચુકવવામાં થયેલ અનિયમિતતા બાબત

### ૯.૧ શ્રી એ.બી.પટેલ ના સ્વૈચ્છીક નિવૃત્તિના કિસ્સામાં રજાના રોકડમાં રૂપાંતરમાં સ્થાનિક વળતર ભથ્થાની અનિયમિત ચુકવણી બાબત

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારી કર્મચારીઓ (ઓડીટના વર્ષમા) ની સેવાપોથીઓની ચકાસણી કરતા આ સંસ્થાના સિનિયર ટેકનીકલ આસી.તરીકે નિવૃત્ત થનાર શ્રી એ.બી.પટેલે તા-૩૧/૭/૦૪ ના રોજ સ્વૈચ્છીક નિવૃત્તિ થી નિવૃત્ત કરવામાં આવેલ છે તેમની નિવૃત્તિ ની તારીખે ૧૩૧ હકકરજાઓ જમા હતી. તેમના છેલ્લા બેઝીક પગાર રૂ.૮૯૦૦/- મોંઘવારી રૂ.૫૪૨૯/- તથા સી.એલ.એ. રૂ.૨૪૦/- મળી કુલ રૂ. ૧૪,૫૬૯/- ના દરથી ૧૩૧ દિવસની હકકરજાનું રોકડમાં રૂપાંતર રૂ.૬૩.૬૧૮.૦૦ ચુકવેલ છે. શ્રી પટેલ સ્વૈચ્છીક નિવૃત્તિ લીધેલ હોઈ ગુજરાત સીવીલ સર્વીસ રૂલ્સ ૨૦૦૨ ના નિયમો મુજબ સ્વૈચ્છીક નિવૃત્ત થનાર કર્મચારીને રજાના રોકડમાં રૂપાન્તરમાં સ્થાનીક વળતર ભથ્થા ની રકમ ચુકવવા પાત્ર ન હોઈ રૂ.૨૪૦/- ના દરથી ૧૩૧ દિવસનું ૮૦૮.૦૦ સ્થાનીક વળતર ભથ્થું વસુલાતને કરવાપાત્ર થાય છે તો આ રકમ રૂ.૮૦૮.૦૦ શ્રી પટેલ પાસેથી વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવા વિનંતી છે.

પ્રા.વા.નં.૬૨, તા-૯/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ વાંધા થી કરવાપાત્ર વસુલાત રૂ.૮૦૮.૦૦ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

**વસુલાત રૂ.૮૦૮.૦૦**

### ૯.૨ ડો.વાય.કે.અગ્રવાલ પ્રોફેસર ઓફ કેમેસ્ટ્રી ના નિવૃત્તિના લાભ બાબત

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ નિવૃત થયેલ કર્મચારીઓની સેવાપોથી પૈકી શ્રી વાય.કે.અગ્રવાલ પ્રોફેસર કેમેસ્ટ્રી વિભાગની સેવાપોથી ની ચકાસણી કરતા શ્રી અગ્રવાલ તા-૮/૧/૯૦ ના રોજ પ્રોફેસર તરીકે પગાર ધોરણ ૪૫૦૦-૧૫૦-૫૭૦૦-૨૦૦-૭૩૦૦ માં નિમણુંક પામેલ છે અને તેમની જન્મ તારીખ-૧૯/૯/૪૩

છે તેઓ તા-૩૧/૭/૦૪ ના રોજ ઓફીસ સમય બાદ રાજીનામું આપીને છુટા થયેલ છે. આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

**(૧)** શ્રી અગ્રવાલ તા-૮/૧/૯૦ ના રોજ પ્રોફેસર ઓફ કેમીસ્ટ્રી તરીકે બે વર્ષના પ્રોબેશન મુદત માટે રૂ..૪૫૦૦-૧૫૦-૫૭૦૦ -૨૦૦-૭૩૦૦ ના પગાર ધોરણમાં નિમણુંક થયેલ હોવા છતાં તેમનો બેઝીક પગાર રૂ.. ૪૫૦૦/- નક્કી કરવો જોઈએ જ્યારે નિમણુંક ની તારીખે રૂ.. ૫૧૦૦/- નક્કી થયેલ છે અને તા-૮/૧/૯૨ ના રોજ કાયમી કરવામાં આવેલ છે. તો આમ નિમણુંકની તારીખે રૂ..૫૧૦૦/- પગાર નક્કી કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. સ્પષ્ટતા તરીકે જે કોઈ આધારો હોય તે ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

**(૨)** શ્રી અગ્રવાલે તા-૩૧/૭/૦૪ થી સ્વૈચ્છીક નિવૃત્તિ માટે રાજીનામું આપેલ છે. (પાના-૧૫ ની નોંધ મુજબ ) આથી સ્વૈચ્છીક રાજીનામું આપીને નોકરી માંથી છુટા થયેલ હોવાથી જી.સી.એસ.આર. ૨૦૦૨ (પેન્શન) ના નિયમ-૫૦(૩) મુજબ તેમને ગ્રેજ્યુઈટીની રકમ મળવાપાત્ર ન હોઈ તેમને તેમના છેલ્લા બેઝીક પગાર રૂ..૨૧૯૦૦વત્ત ૧૩૩૫૯ મોંઘવારી મળી કુલ રૂ..૩૫૨૫૯/- ને ૧૫ વર્ષની નોકરી (૧૪ વર્ષ ૬ માસ ૨૪ દિવસ) મુજબ રૂ..૨,૬૪,૪૪૨/- એટલેકે મહત્તમ રૂ..૨,૫૦,૦૦૦/- ની ચુકવેલ ગ્રેજ્યુઈટી નિયમ વિરૂધ્ધ ની ચુકવવામાં આવેલ છે તો આ અનિયમિત ચુકવેલ ગ્રેજ્યુઈટી તાત્કાલીક વસુલાત કરી સરકારશ્રીમા જમા કરાવવા વિનંતી છે.

**(3)** શ્રી અગ્રવાલ તેમની નોકરીમાંથી સ્વૈચ્છીક રાજીનામું આપીને છુટા થયેલ હોઈ તેમની રજા પગારના રોકડમાં રૂપાન્તર ની રકમ સાથે ચુકવેલ રૂ..૨૦૦/-ના દરથી સી. એલ. એ. ૫ માસનું ચુકવવામાં આવેલ છે. જે જી.સી.એસ.આર. નિયમો ૨૦૦૨ ના (પેન્શન) નિયમ મુજબ મળવાપાત્ર ન હોઈ રૂ..૨૪૦×૫ માસ ૧૨૦૦.૦૦ નું નિયમ વિરૂધ્ધ નું ચુકવણું હોઈ વસુલાતને પાત્ર છે. તો વસુલાત તાત્કાલીક કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા. નં.૬૪, તા-૯/૧૦/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી આમ ફકરામાં દર્શાવેલ વસુલાત રૂ..૨,૫૧,૨૦૦.૦૦ વસુલાત કરવાપાત્ર છે.

વસુલાત રૂ..૨,૫૧,૨૦૦.૦૦

## ૯.3 પ્રો.એ.એ.અહલુવાલીયા લેકચરર ઓફ બોટનીના નિવૃત્તિના લાભોમાં થયેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ ઓડીટ વર્ષમાં નિવૃત્ત થયેલ કર્મચારીઓની સેવાપોથીઓ રજુ કરતા ઓડીટ દરમ્યાન આ સંસ્થાના બોટની વિભાગના લેકચરર શ્રી એ.એ.અહલુવાલીયાની સેવાપોથી જોતાં શ્રી અહલુવાલીયા આ સંસ્થામાં તા-૭/૪/૯૨ ના રોજ બોટની વિભાગમાં લેકચરર તરીકે રૂ..૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ ના પગાર ધોરણમાં હાજર થયેલ હતા અને તેમનો પ્રથમ પગાર રૂ..૨૨૦૦.૦૦ નકકી કરવામાં આવેલ હતો અને તે તેમનો બે વર્ષનો પ્રોબેશન પીરીયડ હતો ત્યારબાદ તા-૧/૬/૯૨ ના રોજ તેમનો પગાર રૂ.૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ માં સીલેકશન ગ્રેડ આપીને તે તારીખે રૂ.. ૪૪૫૦.૦૦ પગાર નકકી કરેલ છે. આ નોંધ સેવાપોથી ના પાના નં:૩ ઉપર દર્શાવેલ નોંધ મુજબ બેઝીક પે રૂ..૪૪૫૦/- IS Protected as stated in this office letter No-Acct/I/51932 dt-4-6-92 (Selection Grade W.e.F Dt-1-6-86) જણાવેલ છે. આમ શ્રી અહલુવાલીયા આ સંસ્થામાં તા-૭/૪/૯૨ ના રોજ પ્રથમ નિમણુંક પામેલ હોવા છતાં તા-૧/૬/૮૬ થી સીલેકશન ગ્રેડ આપેલ છે. તો આ સીલેકશન ગ્રેડ આપવા માટે ના રેકર્ડ આધારીત પુરાવા આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા ઓડીટનું સુચન છે.

.....

**(૧)** શ્રી અહલુવાલીયા આ સંસ્થામાં તા-૭/૪/૯૨ ના રોજ બોટની વિભાગના લેકચરર તરીકે હાજર થયેલ હતા બે વર્ષનો પ્રોબેશન પીરીયડ પણ પૂર્ણ થયા પહેલા તેમને તા-૧/૬/૯૨ થી રૂ..૩૭૦૦-૧૨૫-૪૯૫૦- ૧૫૦-૫૭૦૦ ના પગારમાં તથા-૧/૬/૮૬ થી સીલેકશન ગ્રેડ આપી તા-૧/૬/૯૨ થી રૂ..૪૪૫૦.૦૦ પગાર નકકી કરી આપવામાં આવેલ છે. આમ શ્રી અહલુવાલીયાને સીલેકશન ગ્રેડ આપવા બાબતેનો આપનો તા-૪/૬/૯૨ નો હુકમ તથા તેને લગતુ સાધનીક રેકર્ડ એટલેકે આ સંસ્થાની નિમણુંક અગાઉની તેમની અગાઉની સંસ્થાની નોકરીની વિગતો તેમનું સેવા રેકર્ડ તથા તેમના સીલેકશન ગ્રેડ મંજુર કર્યા અંગેના સીલેકશન ગ્રેડ મંજુર કર્યા અંગેના સક્ષમ અધિકારીના , હુકમ તથા પત્ર વ્યવહાર ની ફાઈલ રજુ કરવા વિનંતી. આ રેકર્ડ રજુ કરી શ્રી અહલુવાલીયા ની આ ક્ષતિનો સંતોષકારક નિર્ણય ન આવે ત્યાંસુધી શ્રી અહલુવાલીયા ને તેમના નિવૃત્તિના સમયના (તા-૩૦/૧૦/૦૪) ના બેઝીક પગાર રૂ..૧૮૩૦૦.૦૦ મુજબ નકકી થયેલ બેઝીક (પેન્શન) રૂ..૯૧૫૦.૦૦ મુજબ ચુકવાયેલ પેન્શનની રકમ તથા ગ્રેજયુઈટી રકમ રૂ..૩,૫૦,૦૦૦/- તથા પેન્શનનું રોકડમાં રૂપાન્તરની રકમ રૂ..૪,૧૬,૩૬૨/- મળી કુલ રૂ..૭,૬૬,૩૬૨/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**(૨)** શ્રી અહલુવાલીયાને નિવૃત્તિની તારીખે તેમની સેવાપોથીની રજાના હિસાબમાં હકકરજા (તા-૭/૪/૯૨ થી ૩૧/૧૨/૯૮ સુધી વાર્ષીક ૧૨ લેખે) ૭૦ રજાઓ તથા ૧૦/૩/૯૮ થી ૩૦/૯/૦૪ સુધી વાર્ષીક ૩૦ લેખે ગણી ૧૭૦ હકકરજા ભોગવેલ છે) તથા માંદગીની રજા ૭૪૪/૨ = ૩૭૨ (૭/૪/૯૨ થી ૩૧/૯/૦૪ ની ૨૦૦ વત્તા ૫૪૪- મળી ૭૪૪ અર્ધ પગારી રજાનું રોકડમાં રૂપાંતર રૂ..૧૮૩૦૦.૦૦ બેઝીક પગાર વત્તા રૂ..૧૧૧૬૩ - મોંઘવારી (૬૧ ટકો) સી.એલ.એ. રૂ..૨૪૦/- કુલ ૨૯૭૦૩/- ના દરથી રૂ..૨૯૭૦૩૦/- ચુકવેલ છે. શ્રી અહલુવાલીયાના સેવા નિવૃત્તિ વખતના આપવામાં આવતા પ્રમાણપત્રોમાં સેવાપોથી ના પાના-૧૯ ઉપર શ્રી એ.એ.અહલુવાલીયાએ તા-૧૫/૬/૬૭ થી તા-૩૧/૧૦/૦૪ સુધીના સમય દરમ્યાન શિયાળુ અને ઉનાળુ વેકેશન ભોગવેલ છે તેમ રજીસ્ટ્રારશ્રી ગુજરાત યુનિવર્સીટી એ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આમ શ્રી અહલુવાલીયાએ તેમની સેવા દરમ્યાન શિયાળુ અને ઉનાળુ વેકેશન ભોગવેલ હોય તો તેમને ૯૬ દિવસની હકક રજા કયા નિયમો આધારે મળે તે આધારીત ખુલાસો ન કરવામાં આવે ત્યાંસુધી તેમની ૯૬ દિવસની હકકરજાનું રોકડમાં રૂપાંતરની રકમ રૂ..૯૫૦૫૦.૦૦ વસુલાત કરવાપાત્ર છે.

**(૩)** શ્રી અહલુવાલીયાને નિવૃત્તિના લાભ તરીકે રજાનું રોકડમાં રૂપાંતર ના લાભમાં તેમની આ સંસ્થાની નોકરી પહેલાની નોકરીની અર્ધ પગારી રજા ૫૪૪ જમા આપવામાં આવેલ છે. આ અર્ધ પગારી રજા વા.ધા.ના તા-૧/૧૨/૦૫ ના આદેશનુસાર અગાઉની સંસ્થા બી.સી.જલંધવાલા સાયન્સ કોલેજ ની જમા રજા લીધેલ છે. આમ આ ૫૪૪ અર્ધપગારી રજા જમા લેવા બાબતે નું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે. આમ આ બાબતેની સાધનીક રેકર્ડ સાથે ઓડીટને પુર્તતા ન કરાવે ત્યાંસુધી તેમને આ સંસ્થાના અર્ધપગારી રજાના હિસાબ - ૨૦૦ રજા મુજબ ૧૦૦ દિવસના રજા ના રોકડ રૂપાંતર પગારની રકમ રૂ..૯૨,૦૭૯.૦૦ મળવાપાત્ર છે. જ્યારે તેમને ચુકવેલ રૂ..૨,૯૭,૦૩૦/- માંથી રૂ..૯૨૦૭૯/- મળવાપાત્ર બાદ કરતા રૂ.. ૨૦૪૯૮૧/- તેમજ પેટા ફકરા નં.૨ ની વસુલાત રૂ..૯૫૦૫૦/- મળી કુલ રૂ..૩,૦૦,૦૩૧/- વસુલાતપાત્ર થાય છે.

આમ શ્રી અહલુવાલીયાની સેવા બાબતની અનિયમિતતા તથા રજાના હિસાબ ની અનિયમિતતા તથા આ અનિયમિતતાઓને કારણે તેમને ચુકવાયેલ પેન્શનના લાભોમાં ગ્રેજયુઈટી તથા રજાના રોકડમાં રૂપાંતરની ચુકવણીની અનિયમિતતા ઉભી થવા પામેલ છે તો આ બાબતે સાધનીક રેકર્ડ સાથે ઓડીટને ખાત્રી કરાવવા વિનંતી છે.

પ્રા.વા.નં.૬૫, તા-૯/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈ જ જવાબ કરેલ નથી. આમ ફકરા મુજબ વસુલાત રૂ.૩.૦૦.૦૩૧/- વસુલાપાત્ર હોઈ આ વસુલાત ન થાય ત્યાંસુધી શ્રી અહલુવાલીયાને ચુકવેલ નિવૃત્તિ ના લાભોની રકમ રૂ..૭.૬૬.૩૬૨.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાત રૂ..૩,૦૦,૦૩૧/-

વાંધા હેઠળ રૂ..૭,૬૬,૩૬૨/-

---

૯.૪ શ્રી આર.બી.નાયક ડી.રાઈડર ફીઝીકસ વિભાગને નિવૃતિ ૧૪૫ રજાના રોકડમાં રૂપાંતર ની રકમ વધુ ચુકવવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.નં.૨૨૧ તા-૧૩/૪/૦૪ થી ચેક નં.સી-૫૦૧૨૦૨ થી ફિઝીકસ વિભગના ડી.રાઈડર શ્રી આર.બી.નાયકને તેમની વયનિવૃત્તિથી તેમના હિસાબમાં જમા રજાઓનું રોકડમાં રૂપાંતર રૂ..૫૭,૪૯૦ (પગાર રૂ.. ૩૭૨૦૦ વત્તા મોઘવારી રૂ..૧૯,૩૪૦ વત્તા સી.એલ.એ.રૂ..૯૫૦) ૩૦૦ પ્રાપ્ત રજાના ચુકવેલ છે. આ ચુકવણીનો ચેક બેન્કમાં રજુ કરતા બેન્કે રૂ.. ૫૭.૪૯૦/- ના બદલે રૂ..૫૯.૪૯૦/- ની ચુકવણી કરતા રૂ..૨૦૦૦/- ની વધુ ચુકવણી બેન્કે જે તે નિવૃત્તી કર્મચારી શ્રી નાયકને કરેલ જે આ સંસ્થાના મેળવણાં વખતે ધ્યાને આવતા આ સંસ્થાએ બેન્ક ધ્વારા વધુ ચુકવાયેલ રૂ.. ૨૦૦૦/- નો સરભર કરવા માટે વા.નં.૬૦૪૯ તા-૨૮/૨/૦૫ થી રૂ..૨૦૦૦/- નો ખર્ચ ફરીથી નિવૃત રજા પગારમાં ઉધારી બેન્ક ખાતે રૂ..૨૦૦૦/- જમા આપી હવાલા નોંધ કરેલ છે જે નિયમ વિરૂધ્ધ છે. સંસ્થાએ નિવૃત્ત કર્મચારી શ્રી. નાયકને ચુકવવાપાત્ર રકમ રૂ..૫૭,૪૯૦/- નો ચેક બરાબર છે પરંતુ બેન્કે કર્મચારીના ખાતામાં રૂ..૨૦૦૦/- વધુ જમા આપેલ છે આથી બેન્ક ધ્વારા વધુ ચુકવાયેલ રૂ..૨૦૦૦/- શ્રી નાયક પાસે વસુલ મેળવી યુનિવર્સીટી ના હિસાબમાં જમા કરવા પાત્ર થાય તો શ્રી નાયક પાસેથી સત્વરે રૂ..૨૦૦૦/- વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.ન.૭૧. તા ૪/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી શ્રી નાયક પાસેથી રૂ..૨૦૦૦/- વસુલાતપાત્ર થાય છે.

વસુલાત રૂ..૨૦૦૦/-

## ૯.૫ નિવૃત લેકચરરશ્રી કે.વી.મહેતાને ચુકવાયેલ રજા રૂપાંતર ચુકવણીની અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન અન્વેષણ મુદતમાં ચકાસણી કરતા આ સંસ્થાના લેકચરર (સંસ્કૃત) તરીકે નિવૃત થયેલ શ્રી કે.વી.મહેતા ની સેવાપોથી ચકાસતા તેમની સેવાની વિગત નીચે મુજબ છે.

**(૧)** શ્રી મહેતાની જન્મ તા-૨૧/૪/૪૨ છે તેઓ પ્રથમ તા-૧૩/૬/૬૯ ના રોજ મદદનીશ શિક્ષક તરીકે શ્રી જે.એચ.મહેતા હાઈસ્કુલ, સંતરામપુર માં રૂ..૨૦૦/- ના ફીકસ પગારે જોડાયા હતા અને તા-૧૩/૬/૭૧ ના રોજ છુટા કર્યા હતા આ વિગત આચાર્યશ્રી જે.એચ.મહેતા હાઈસ્કુલ,સંતરામપુર તા-૨૩/૧૨/03 ના પ્રમાણપત્ર આધારીત છે. જેમા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી પંચમહાલ -ગોધરા એ પ્રતિસહી કરેલ છે.

**(૨)** શ્રી મહેતા ત્યારબાદ ૧૯૭૧ થી ૧૯૭૩ સુધી સંસ્કૃતમાં પી.એચ.ડી. કરવા માટે મહાદેવ સમાજ સેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં પી.એચ.ડી. કરવા ગયા હતા.

**(3)** શ્રી મહેતા તા-૧૫/૬/૭૩ થી તા-૧૪/૬/૭૭ સુધી લેકચરર તરીકે સી.યુ.શાહ આર્ટસ કોલેજ, અમદાવાદમાં રૂ..300-૨૫-૬૦૦ માં ફરજ બજાવેલ છે.

**(૪)** શ્રી મહેતાએ તા-૧૪/૬/૭૭ માં ફાજલ પડતા તેઓને તા-૧૫/૬/૭૭ થી રૂ..૭૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦ ઈ.બી.-૫૦- ૧૬૦૦ માં વિશ્વ વિદ્યાલય હાયર સેકન્ડરી સ્કુલમાં સંસ્કૃત ના શિક્ષક તરીકે હાજર થયા અને આ વિદ્યાલયમાં તા-૧૯/૬/૮૧ ના રોજ મુળ કોલેજ સી.યુ.શાહ રીકોલ કરતા છુટા કરવામાં આવેલ છે.

**(૫)** શ્રી મહેતા તા-૨૦/૬/૮૧ ના રોજ સંસ્કૃતના લેકચરર તરીકે રૂ..૭૦૦-૧૬૦૦ ના પગાર ધોરણમાં સી.યુ.શાહ આર્ટસ કોલેજ, અમદાવાદમાં હાજર થયેલ છે અને તા-૧૫/૬/૮૯ ના રોજ નોકરી માં ૧૬ વર્ષ પુરા થતાં હોવાથી રૂ..૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ પગાર ધોરણમાં સિલેકશન ગ્રેડ આપવામાં આવેલ છે અને તા-3/3/૯૦ ના રોજ નોટીસ આપી સ્વૈચ્છીક રાજીનામું આપી તા-૧૪/૬/૯૦ ના રોજ ગુજરાત યુનિવર્સીટીના તા-૪/3/૯૦ ના પત્રથી તા-૧૪/૬/૯૦ થી રાજીનામું મંજુર કરેલ છે અને છુટા કરેલ છે.

**(૬)** શ્રી મહેતા તા-૧૫/૬/૯૦ ના રોજ ૩૭૦૦-૧૨૫-૪૯૫૦- ૧૫૦-૫૦૦૦ ના પગાર ધોરણમાં ગુજરાત યુનિવર્સીટીમાં સંસ્કૃતના લેકચરર તરીકે હાજર થયેલ છે અને તા-૨૧/૧૦/૯૨ થી સંસ્કૃતના રીડર તરીકે યુ.જી.સી.એ નિમણુંક કરેલ છે અને તેઓ તા-૧૪/૪/૦૪

ના રોજ રૂ..૧૨૦૦૦-૪૨૦-૧૮૩૦૦ ના પગાર ધોરણમાં રૂ..૧૮૩૦૦/- ના બેઝીક પગાર ઉપર નિવૃત્ત થયેલ છે.

આ ઉકત શ્રી કે.વી.મહેતાને સેવા વૃતાંત જોતાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

**(૧)** શ્રી મહેતાની જે.એચ.મહેતા હાઈસ્કુલ સંતરામપુર ની ફીકસ પગાર રૂ..૨૦૦/- ની તા-૧૩/૬/૭૯ થી તા-૧૩/૬/૭૧ ની નોકરી પગાર, રજા કે અન્ય લાભ માટે માન્ય ગણાય નહીં તેમ છતાં આ મુદત રજાના હેતુ માટે ગણતરી કરવામાં આવે છે જે વાંધાને પાત્ર છે

**(૨)** શ્રી મહેતા તા-૧૪/૬/૭૧ થી તા-૧૪/૬/૭૩ ની મુદત દરમ્યાન સંસ્કૃતમાં પી.એચ.ડી. કરવા માટે ગયા હતા આ સમયગાળો રજાના હેતુ માટે ગણવાપાત્ર ન હોવા છતાં યુનિવર્સીટીએ તે દરમ્યાનની અર્ધપગારી રજા જમા લેવાયેલ છે જે વાંધાને પાત્ર છે.

**(3)** શ્રી મહેતાને તા-૧૫/૬/૮૯ ના રોજ ૧૬ વર્ષ પૂર્ણ થતા હોઈ પગાર ધોરણ રૂ.. ૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ માં સીલેકશન ગ્રેડ આપવામાં આવેલ છે જે સીલકેશન ગ્રેડ ઓડીટ પાસે પ્રમાણીત કરાવેલ નથી તો પ્રમાણીત કરાવી ઓડીટને આગામી ઓડીટે ખાત્રી કરાવવા વિનંતી છે.

**(૪)** શ્રી મહેતા તા-૧૪/૬/૦૪ ના રોજ વય નિવૃત્ત થતા તેમના હકકરજાના હિસાબમાં ૧૬૬ હકકરજા (તા-૧૫/૬/૯૦ થી ૨૧/૪/૦૪) જમા આપેલ છે પરંતુ શ્રી મહેતાના પેન્શન કેસ વખતે આપવા પાત્ર પ્રમાણપત્રો (સેવાપોથીમાં) ચકાસતા શ્રી મહેતાની સેવાપોથીમાં શ્રી મહેતા તા-૧૬/૬/૬૯ થી તા-૧૪/૬/૦૪ દરમ્યાન શિયાળું તથા ઉનાળું વેકેશન ભોગવેલ છે જેથી ઉકત મુદતમાં શ્રી મહેતાને હકકરજા મળવાપાત્ર નથી.

| | | | | |
|---|---|---|---|---|
| વસુલાત | - | ૯.૧ | - | ૮૦૮/- |
| | - | ૯.૨ | - | ૨,૫૧,૨૦૦/- |
| | - | ૯.3 | - | 3,00031/- |
| | - | ૯.૪ | - | ૨૦૦૦/- |
| | કુલ | | - | ૫,૫૪.03૯/- |

વાંધા હેઠળ - ૭,૬૬,3૬૨/-

## ફકરા નંબર-૧૦

શ્રી આર.એ.માલગી ના કોર્ટ કેસમાં થયેલ વ્યાજ અને લીગલ ખર્ચની અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન હિસાબી રેકર્ડ ની ચકાસણી દરમ્યાન વા.નં.૨૩૩૮ તા-૨૭/૮/૦૪ થી રૂ..૬૪,૬૮૨.૦૦ ની રકમ વ્યાજ તરીકે શ્રી આર.એ.માલગીને કોર્ટના આદેશ મુજબ તેમના નિવૃત્તિના લેણી રજા ના પગાર તરીકેની રકમ મોડી ચુકવવા બદલ ચુકવણી કરેલ છે તથા રૂ..૧૧,૦૦૦/- નો લીગલ ખર્ચ વૈભવી નાણાવટી એડવોકેટને ચુકવેલ છે. આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) આ સંસ્થાના હિસાબી શાખાના તા-૨૭/૮/૦૪ ની નોંધ મુજબ ભાષા ભવનમાંથી પ્રોફેસર તા.૩૧-૧૦-૨૦૦૦ ના રોજ વય નિવૃત થયેલ. તેમના ખાતામાં લેણી થતી રજાનું રોકડમાં રૂપાંતરની રકમ અટકાવી ને તા-૧૫/૮/૦૨ ના રોજ રૂ..૨,૦૦,૦૦૦/- ની ઉચ્ચક ચુકવણી કરેલ હતી જેથી શ્રી માલગીએ આ બાબતે હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૧૦૩૦૯/૨૦૦૪ દાખલ કરતા કોર્ટના આદેશ અનુસાર તેમની બાકી લેણી રકમ રૂ..૭૧,૭૪૪.૦૦ ની રકમ તા-૨૫/૮/૦૪ ના રોજ હાઈકોર્ટના આદેશ મુજબ તેમને નિવૃતિ સમયની લેણી રજાના રોકડમાં રૂપાંતરની રકમ રૂ..૨,૦૦,૦૦૦/- ઉચ્ચક તારીખ- ૧૫/૮/૦૨ ના રોજ ચુકવેલ. તેના ઉપર તા-૧/૧૧/૨૦૦૦ થી તા-૧૫/૮/૦૨ સુધી ૯ % લેખે વ્યાજ રૂ..૩૨,૨૫૦/-તથા બાકીની રકમ રૂ..૭૧,૭૪૪/- તા-૧/૧૧/૨૦૦૦ થી ૨૫/૮/૦૪ સુધી મોડી ચુકવણી ના ૧૨ % લેખે રૂ..૩૨,૪૩૨/- મળી કુલ રૂ..૬૪,૭૮૨/- ની વ્યાજની ચુકવણી આ સંસ્થાએ શ્રી માલગીને કરેલ છે. આમ શ્રી માલગીને કેવા કારણોસર નિવૃત્તિ ના લાભ તરીકે રજાનુ રોકડમાં રૂપાંતર મોડુ ચુકવણું કરેલ છે તેની સ્પષ્ટતા તથા આ બાબતે થયેલ વ્યાજની ચુકવણી બાબતે જવાબદારની જવાબદારી નકકી કરી તેમની સ્પષ્ટતા સહ ઓડીટને ખાત્રી કરાવવી.

(૨) આ શાખાના તા-૨૭/૮/૦૪ ના નોંધ ઉપર આ સંસ્થાને વ્યાજ અને કોર્ટ ખર્ચનું બીન જરૂરી ખર્ચ કરી સંસ્થાને નુકસાન કરવા માટે વા.ચાન્સેલર શ્રીએ આ નોંધ ઉપર તેમના તા-૨૭/૮/૦૪ ના શેરા ના આદેશમાં આ નિવૃત્ત કર્મચારીને નિવૃતિ લાભનું કયા કારણોસર આ પેમેન્ટ રોકેલ છે તે બાબતે વા.ચા.શ્રીને રીપોર્ટ આપવા માટે જુનો પત્ર વ્યવહાર રજુ કરવા તથા આ બાબતેનો રીપોર્ટ તા-૧૦/૯/૦૪ સુધી માં આગળની કાર્યવાહી માટે આપવા માટે જણાવેલ છે તો મા.વા.ચા. શ્રી ને રજુ કરેલ પત્રવ્યવહાર તથા વા.ચા.શ્રીએ આ બાબતે લીધેલ પગલા ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ હતું પરંતુ ઓડીટ પુર્ણ થતાં સુધી સંસ્થા ધ્વારા કોઈ વિગતો રજુ કરવા તથા આ કિસ્સા બાદ કોઇ આ પ્રકારનો કિસ્સો ઉપસ્થિત થાય તો તે બાબતે વધુ ખર્ચથી યુનિવર્સીટીને થયેલ નુકસાન વસુલ કરવા તથા દોષીત

કર્મચારીના સેવા રેકર્ડમાં નોંધ કરવા આદેશ આપેલ છે. તો આ પ્રકારનો કોઇ કિસ્સો બનવા પામેલ હોય તો ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ હતુ. પરંતુ ઓડીટ પુર્ણ થતા સુધી સંસ્થા દ્વારા કોઇ જ વિગતો રજુ કરવામાં આવી નથી. જેથી આ બાબતે થયેલ ખર્ચ રૂ. ૬૪૭૮૨.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ. ૬૪૭૮૨.૦૦/-**

**ફકરા નંબર-૧૧**

મેડીકલ બીલમાં સિવિલ સર્જનની કાઉન્ટર સહી વિના ચુકવણું કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.ન.૬૧૮૫ તા-૪/૩/૦૫ થી શ્રી દિપકભાઈ બી.પટેલ કલાર્ક-જર્નાલિઝ્મ ડીપાર્ટમેન્ટ ને કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે રૂ..૧૯,૮૫૯/- ની રકમના મેડીકલ બીલનુ ચુકવણું કરવામાં આવેલ છે. શ્રી પટેલ તા-૧૬/૧૧/૦૪ થી ૧૮/૧૨/૦૪ ના સમયગાળા દરમ્યાન સુધી કિડની ઈન્સ્ટીટયુટ અમદાવાદમાં સારવાર લીધેલ છે અને બીલમાં ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદની પ્રતિસહી મેળવેલ છે પરંતુ બીલમાં સિવિલ સર્જન અમદાવાદની પ્રતિસહી મેળવ્યા સિવાય બીલનુ ચુકવણું કરવામાં આવેલ છે ભવિષ્યમાં સીવીલ સર્જન અમદાવાદની પ્રતિસહી મેળવ્યા બાદ બીલનું ચુકવણું કરવાની પ્રથા અમલી બનાવવા ઓડીટનું સુચન છે

પ્રા.વા.નં.૮૫, તા-૧૩/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી. આથી સીવીલ સર્જનની પ્રતિસહી કરાવ્યા વિના કરેલ ખર્ચ માન્ય રાખી ન શકાય. આમ પ્રતિસહી કરાવી રજુ કરતા સુધી આ ખર્ચ રૂ..૧૯,૮૫૯/- વાંધા હેઠળ રાખવામાં આવે છે. અને જો પ્રતિ સહી કરી પુર્તતા સહ રેકર્ડ રજુ ન કરવામાં આવે તો આ રકમ વસુલાત કરવા જણાવવામાં આવે છે.

વસુલાત - ૧૯૮૫૯/-

**ફકરા નંબર-૧૨**

સને ૨૦૦૪-૦૫ નો યુનિવર્સીટીનો ખર્ચ અનઅધિકૃત થવા બાબત

---

ગુજરાત યુનિવર્સીટી,અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષીક હિસાબો મુજબ આ સંસ્થા દવારા રૂ..૨૪,૦૬,૬૯,૬૨૧.૮૬ નો ખર્ચ કરવામાં આવેલ છે. આ સંસ્થામાં કરવામાં આવતો તમામ ખર્ચ આ સંસ્થાના એકઝીકયુટીવ કાઉન્સીલ માં મંજુર કરાવીને ખર્ચ કરવાનો હોય છે. અથવા તો ખર્ચ કર્યા બાદ એકઝીકયુટીવ કાઉન્સીલની પ્રાશ્ચાત મંજુરી મેળવી ખર્ચના વ્યાજબી પણાની મંજુરી મેળવવાની હોય છે. આ સંસ્થાના વાર્ષીક વહીવટી અહેવાલમાં જણાવ્યા મુજબ આ સંસ્થાની યુનિવર્સીટી કોર્ટ કે એકઝીકયુટીવ કાઉન્સીલ ની ઓડીટ વર્ષ દરમ્યાન એકપણ સભા મળેલ નથી. જેથી ઓડીટ વર્ષ દરમ્યાન સંસ્થાએ યુનિવર્સીટી એકટ ૧૯૪૯ ના નિયમ-૧૧/૯૪ ની જોગવાઈ મુજબ, ઉપકુલપતિને મળેલ સત્તા મુજબ ઉકત કાઉન્સીલ ની સભામાં ખર્ચની મંજુરી માટે મુકવા અથવા પાશ્ચાત મંજુરી મેળવી ને કરેલ ખર્ચ વ્યાજબી હોવાની સભાની મંજુરી મેળવવાની હોય છે. તો આ ખર્ચની ઉકત સભા પાસેથી પાશ્ચાત મંજુરી મેળવેલ હોય તો ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે અન્યથા આ ખર્ચ અમાન્ય ખર્ચ ગણી શકાય. અને જો પાશ્ચાત મંજુરી ન મળે તો સરકારશ્રીમાંથી પાશ્ચાત મંજુરી મેળવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૪૨, તા-૫/૧/૧૦ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

અમાન્ય રૂ.. ૨૪,૦૬,૬૯,૩૧૧.૮૬

**ફકરા નંબર-૧૩**

નિયમ વિરૂધ્ધ ખાનગી સીકયોરીટી નો કરાર કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ યુનિવર્સીટી મકાન ભવનોમાં પરીક્ષાના સમયે તથા સામાન્ય દિવસોમાં સલામતી માટે ખાનગી સીકયોરીટી કંપની ટોપ ડીટેકટીવ એન્ડ સીકયોરીટી સર્વીસ લીમીટેડ, અમદાવાદ પાસેથી સેવાઓ લઈ માસિક રૂ..૩૪૦૪.૦૦ ના દરે આઠ કલાકની ફરજ પ્રમાણે એક ગાર્ડની હાજરી મુજબ નીચે જણાવેલ વિગતે ચુકવણી કરેલ છે.

| વા.નંબર | તારીખ | રકમ |
|---|---|---|
| ૧૬૯૮ | ૮/૭/૦૪ | ૩૪૧૨૩૬.૦૦ |
| ૨૭૪૩ | ૧૦/૯/૦૪ | ૨૭૯૪૦૧.૦૦ |
| ૩૩૬૨ | ૧૪/૧૦/૦૪ | ૧૬૧૪૬૩.૦૦ |
| કુલ | | ૭૮૩૦૦૦.૦૦ |

આ સેવા માટે સંસ્થાએ જાહેર નિવિદા આપી ભાવો મેળવી સેવા લેવામાં આવેલ છે. પરંતુ ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક- જીઆઈએસએફ/ ૧૦૨૦૦૩/૧૨૧૩/ગ તા-૧૫/૧૨/૨૦૦૩ થી ગુજરાત રાજયની જુદી જુદી કચેરીઓ બોર્ડ, નિગમ અનુદાન મેળવતી સંસ્થાઓમા ગુજરાત ઔદ્યોગીક સલામતી દળની સેવાઓ ટેન્ડર વગર લેવા માટેની સુચના આપવામાં આવેલ છે. તો આ પરિપત્ર મુજબ ગુજરાત ઔદ્યોગીક સલામતી દળ પાસેથી આ સેવા ન લેવા બાબતે સ્પષ્ટતા કરવા વિનંતી છે અને ઉકત દળ પાસેથી સીકયોરીટી સેવા ન લેવા બાબતના કારણોસર સરકારમાં દરખાસ્ત કરી ના વાંધા પ્રમાણપત્ર મેળવી ઓડીટમાં રજુ ન કરવામાં આવે ત્યાં સુધી આ ખર્ચ અમાન્ય કરવામાં આવે છે.

પ્રા.વા.નં. ૧૬૦, તા-૨૫/૧૧/૧૦ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો સામેલ સરકારશ્રીના ઉદ્યોગ ખાણ વિભાગના તા-૧૧/૧૨/૦૩ ના પરિપત્ર મુજબની કાર્યવાહ કરી, ઓડીટને આધારીત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાંસુધી ખાનગી સીકયોરીટી રાખીને કરેલ ખર્ચ રૂ..૭,૮૩,૦૦૦.૦૦ નિરર્થક ગણવામાં આવે છે.

અમાન્ય રૂ..૭,૮૩,૦૦૦.૦૦

## ફકરા નંબર-૧૪

ભુકંપથી અસર પામેલ ભવનો માટે ઈલેકટ્રીક માલસામાન ખરીદ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ વખતે સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડ તથા એસ્ટેટ વિભાગ ધ્વારા ભુકંપથી અસર પામેલ યુનિવર્સીટી નાં ભવનો માટે ભવનોમાં લાઈટ ફીટીંગ, પંખા તથા સ્ટ્રીટ લાઈટો નવી નાખવા માટે એકઝીકયુટીવ કાઉન્સીલની તા-૨૫/૮/03 ના રોજ ની સભામાં નિયુકત કરેલ હાઈપાવર કમીટીની એક સભા તા-૩/૧૧/૦૪ ના સાંજે ૫-30 વાગે યુનિવર્સીટી કાર્યાલયમાં મળી હતી. જેના પ્રમુખશ્રી એ.યુ.પટેલ મા.ઉપકુલપતિએ સંભાળેલ હતું આ કમીટીના બા.ક.(૨) થી રજુ થયેલ ભુકંપના કારણે થયેલ નુકસાન ના બીજા તબકકાના રીપેરીંગ કામો પૂર્ણ થનાર મકાનો માટે જરૂરી ઈલે.લાઈટ ફીકચર્સ તેમજ સીલીંગ ફેન, એકઝોસ્ટ ફેન વિગેરે ખરીદવા કન્સલ્ટન્ટ આયોજન સંસ્થા ધ્વારા તૈયાર કરેલ અંદાજીત ખર્ચ રૂ.. ૯૭,૫૦,૦૦૦/- પરત્વે વર્તમાનપત્ર માં જાહેર ખબર આપી ભાવો મંગાવેલ અને આવેલ કુલ-૧૦ વેપારીઓના ભાવપત્રકો પરથી તૈયાર કરેલ તારણ પત્રક અને નિયુકત કરેલ કન્સલ્ટન્ટ આયોજન સંસ્થા ધ્વારા કરેલ ભલામણ પરત્વે ચર્ચા વિચારણા કરવા ના કામ ને વંચાણે લઈ કમીટીમાં લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે હાઈપાવર કમીટી એ યુની.ના ભવનોના માટે જરૂરી ઈલ.માલસામાન ખરીદવા માટે ૧૦ વેપારીઓના ભાવ પત્રકો ના તારણ પત્રક માંથી અને નિયુકત કરેલ કન્સલ્ટન્ટ આયોજનની ભલામણ મુજબ નીચે જણાવેલ સંસ્થાઓના ભાવ ઓછા હોવાથી નીચે મુજબની વિગતે જે તે કંપનીઓ પાસેથી ઈલેકટ્રીક લાઈટ ફીકચર્સ અને સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓ પાસેથી આઈટમો મુજબ ઈલેકટ્રીક માલસામાન ખરીદવા રૂ..૬૧,૫૨,૩૫૩ નો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.

(અ) ઈલેકટ્રીક લાઈટ ફીકચર્સ

| ક્રમ | ઈલે.લાઈટ ફીકચર્સ આઈટમ નંબર (ટેન્ડર મુજબ) | વેપારીનું નામ | ભરેલ ટેન્ડર સાઈજ મુજબની રકમ (~.) |
|---|---|---|---|
| ૧ | ૧(૧૦),૧(૧૧),૧(૧૨) | મે.ફીલીપ્સ ઈન્ડીયા લી. | ૨૩૯૫૨૫૦ |
| ૨ | [illegible] | મે.સુવેગ ઈલેકટ્રોનીકસ | ૪૧૭૮૨૫ |
| 3 | ૧(૩૦) ૧(૩૧) ૧(૩૨) ૧(33) થી ૧(૩૮) ૧(૩૯) ૧(૪૦) | મે. ક્રોમ્પટન લી. | ૬૮૭૬૫૦ |
| ૪ | [illegible] | મે. ક્રોમ્પટન લી. | ૨૮૧૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૧(૬૦) | મે.જી.ઈ.ઈન્ડીયા લી. | ૬૩૦૬૮૦ |
| ૬ | ૧(૮૦) | મે. ક્રોમ્પ્ટન લી. | ૨૮૯૭૯૮ |
| | કુલ ~. | | ૪૭૦૨૭૦૩ |
| (બ) | સીલીંગ ફેન | | |
| ૧ | ૨(૧૦) થી ૨(૩૦) | મે.એન્કર ડેવુ.ઈન્ડીયા લી. | ૧૪૪૯૬૫૦ |
| | કુલ ~. | | ૬૧૫૨૩૫૩ |

**(૨)** આમ ઉકત જોગવાઈ મુજબ આ સંસ્થાએ નીચે મુજબ દર્શાવેલ પેઢીઓ પાસેથી વાઉચર નં.૬૭૭૮, તા-૩૧/૩/૦૫ થી રૂ..૪૨,૬૬,૦૭૩ તેમજ વા.નં.૬૯૦૭ તા-૩૦/૩/૦૫ થી રૂ..૧૩૯૭૩૮૦ નો ખરીદેલ છે.

| ક્રમ નં. | પેઢીનું નામ | માલસામાનની વિગત અને નંગ | રકમ |
|---|---|---|---|
| ૧ | એન્કર ડેવુ.ઈલેકટ્રી લી. વલસાડ | ૧. ૪૮"ના સીલીંગ ફેન નં૬૩૦×~.૯૩૦ | ૫૮૫૯૦૦ |
| | | ૨. સીલીંગ ફેન પેન્ટાવીથ ૪૮"નંગ ૩૭૦×~.૯૩૦ | ૩૪૪૧૦૦ |
| | | નંગ ૧૦૦૦ | ૯૩૦૦૦૦ |
| ૨ | એન્કર ઈલેકટ્રોનીક એન્ડ ઈલે.પ્રા.લી.વલસાડ | ૧. પંખા પેન્ટા ફેન રોટરી સ્ટેપ નં.૪૦૦×~.૧૨૪ | ૪૯૬૦૦ |
| | | નંગ-૪૦૦ | |
| ૩. | વેસ્ટર્ન ઈન્ડીયા મેન્યુ.એન્ડ ટ્રેડીંગ કું.અમદાવાદ | ૧.૩૬ વોલ્ટ હાઈપેસર બલ્બ નં.૨૦૦×~. ૩૭૭ | ૭૫૪૦૦ |
| | | ૨. ૩૬ વોલ્ટ ટયુબ લાઈટ ૧૨૫ નંગ×૪૧ | ૫૧૨૫ |
| | | ૩. ૩૬ વોલ્ટ ટયુબ લાઈટ નંગ ૧૮૬૦×~. ૮૯.૭૦ | ૧૬૬૮૩૦ |
| | | ૪. ૩૬ વોલ્ટ બલ્બ નંગ ૧૫૦×૮૬ | ૧૨૯૦૦ |
| | | ૫. ૩૬ વોલ્ટ ટયુબ લાઈટ નંગ ૮૫૭૫×~. ૪૧ | ૩૫૧૫૭૫ |

| | | | |
|---|---|---|---|
| | | | ૬૧૧૮૩૦ |
| ૪ | ફીલીપસ ઈન્ડીયા લી. | ૧: ૧×૩૬ વોલ્ટ બોક્ષ ટાઈપ ટયુબ લાઈટ ફીકર્ડ નંગ. ૧૧૦૦×~. ૪૩૯ | ૪૮૨૯૦૦ |
| | | ૨. ૨×૩૬ વોલ્ટ બોક્ષ ટાઈપ ટયુબ લાઈટ ફીકર્ડ નંગ ૩૦૫૦×~. ૬૨૭ | ૧૯૧૨૩૫૦ |
| | | કુલ | ૨૩૯૫૨૫૦ |
| ૫ | સુવેગ ઈલેકટ્રોનીક, અમદાવાદ | ૧. ટયુબલાઈટ નંગ ૧૦૫૫×~. ૩૯૬(૧૦ ટકા ડીસકાઉન્ટ) | ૪૧૭૮૨૫ |
| | | કુલ | ૪૧૭૮૨૫ |
| ૬ | ક્રોમ્પ્ટન ગીવ્સ ઈન્ડીયા લી. | ૧. ફલ્ડ લાઈટ ૭૦×~. ૪૧૪૦ | ૨૮૯૭૯૮ |
| | | ૨. ફલ્ડ લાઈટ ૪૦૦×~.૧૧૮૪ | ૪૭૫૦૫૦ |
| | | ૩. સ્ટ્રીટ લાઈટ ૧૦૦×~. ૮૮૭૫ | ૮૮૭૫૦ |
| | | ૪. સ્ટ્રીટ લાઈટ ૧૦૦ નંગ×૧૨૮૪ (સીન્ગલ પીસ) | ૧૨૮૪૪૦૦ |
| | | ૫. ફલ્ડ લાઈટ નંગ૧૦૦×~. ૨૧૨૬ | ૨૧૨૬૦૦ |
| | | ૬. સ્ટ્રીટ લાઈટ નં.૫૦×~.૧૨૮૭ | ૬૪૩૫૦ |
| | | કુલ | ૧૨૫૮૯૪૮ |
| | | કુલ ખરીદી રૂ. | ૫૬૬૩૪૬૩ |

આમ ઉપરોકત ખરીદી સામે સંસ્થાએ રજુ કરેલ આ ઈલેકટ્રીક માલ સામાન ની ફાળવણી રજીસ્ટર મુજબ નીચે મુજબનો ઈલેકટ્રીક માલસામાન સંસ્થાએ તેમના વિભાગને ફાળવેલ છે. અને આ ફાળવણી પત્રમાં સંસ્થાએ ફાળવેલ ઈલેકટ્રીક માલસામાન વિભાગને એ તેમના ડેડસ્ટોક રજીસ્ટરમાં ચઢાવવાની સુચના આપવામાં આપેલ છે.

| ક્રમ | આઈટમનું નામ તથા ખરીદેલ કુલ જથ્થો | સંસ્થાએ કરેલ | ફાળવણી વિનાનો |
|---|---|---|---|

| | | ફાળવણી | બાકી જથ્થો |
|---|---|---|---|
| ૧ | સીલીંગ ફેન કુલ ખરીદી ૧૪૦૦ નંગ ૪૮"<br>૫૬"<br>વોલફેન | ૧૦૦૩<br>૧૪૦<br>૩૨ | ૧૭૫ |
| | | કુલ ૧૨૨૫ | |
| ૨ | ટયુબ લાઈટ કુલ ખરીદી નંગ ૧૪૭૧૦<br>૨×૩૬" વોલ્ટ<br>૧×૩૬ વોલ્ટ<br>કુલ રોસન્ટ ટયુબ લાઈટ | <br>૨૩૬૪<br>૧૨૨૩<br>૨૯૮૦ | <br>૭૧૯૫ |
| | | કુલ ૭૫૧૫ | |
| ૩ | બલ્બ-વિવિધ પ્રકારના ખરીદી કુલ૩૫૦ | ફાળવણી શુન્ય | ૩૫૦ |
| ૪ | ફલ્ડ લાઈટ ખરીદી ૮૨૦ નંગ | ફાળણી શુન્ય | ૮૨૦ |

**૨(૧)** ઉપર જણાવ્યા પ્રમાણે ક્રમ - ૧ માં વોલ ફેન નં. ૧૭૫, ક્રમ ૨ માં ટયુબ લાઇટ નંગ ૭૧૯૫ તથા ૩ માં બલ્બ ૩૫૦ તથા ૪ માં ફલ્ડ લાઇટ - ૮૨૦ ફાળવણી થયા વગર જથ્થા બિન ઉપયોગી પડી રહેલ હોવાનું નોંધાયેલ છે. શાખાવાર ઇન્ડેન્ટ મુજબ માલ ખરીદયાની વિગતો તેમજ ઇન્ડેન્ટ રજુ નહી થવાને કારણે જરૂરીયાત મુજબ માલ ખરીદ કરેલ હોવાનું જણાયેલ નથી. આ અંગે સ્પષ્ટતા થવી ઘટે.

આમ ઉકત ફાળવણી જોતાં સંસ્થાએ પંખા તથા ટયુબ લાઈટ ફીકચર્સ સાથે ફાળવેલ છે. અન્વેષણ દરમ્યાન જયારે જયારે સંસ્થાના વિવિધ ભવનોની મુલાકાત લેવામાં આવી ત્યારે કોઈજ ભવનોએ તેમના ડેડ સ્ટોકમાં પંખા કે ટયુબ લાઈટ તેમના ડેડ સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરવામાં આવેલ હોય તેમ જણાયેલ નથી. તો સંસ્થાએ ફાળવેલ તેમના તમામ વિભાગોના ડેડ સ્ટોકમાં તેમને ફાળવવામાં આવેલ ચીજ વસ્તુઓનો તેમને ડેડ સ્ટોક રજીસ્ટર માં ચઢાવી. તમામ ચીજ વસ્તુઓ ઉપર ડેડ સ્ટોક નંબર આપી આગામી ઓડીટે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે તથા બાકી રહેલ હાથ ઉપરનો સ્ટેટ એસ્ટેટ શાખાએ તેમના સ્ટોક રજીસ્ટરે સીલક મેળવી હાથ ઉપર હોવાની ખાત્રી કર્યા બદલનું પ્રમાણપત્ર ઓડીટને આપવા વિનંતી છે

**(3)** એસ્ટેટ વિભાગે ખરીદેલ ફલ્ડ લાઈટ તથા સ્ટ્રીટ લાઈટ પણ તેમના ડેડ સ્ટોક ઉપર ચઢાવી જે તે વસ્તુ કયાં ફીટ કરવામાં આવેલ હોય તેનું લોકેશન ડેડ સ્ટોક ઉપર નોંધી અને ડેડ સ્ટોક નંબર જે તે વસ્તુ પર નોંધી ઓડીટને આધારસહ ખાતરી કરાવવી ઘટે.

**(૪)** ભુકંપના કારણે સંસ્થાના તથા તેના વિભાગોને થયેલ ઈલેકટ્રીકલ બાબતની વસ્તુઓ ના નુકસાન બાબતે જે તે ભવનો ધ્વારા મળેલ રીપોર્ટ કે એસ્ટેટ શાખા ધ્વારા કરવામાં આવેલ સર્વેના અહેવાલના આધારે ભવનો વાર થયેલ ઈલેકટ્રીક સાધનોની સંખ્યા આધારે નુકસાન પામેલ ઈલેકટ્રીક માલસામાન ભેગો કરી, તેનો ધોરણસર ની કાર્યવાહી કરી નિકાલ કર્યો હોય તો તેની ફાઈલ અથવા તે અંગે થયેલ પત્ર વ્યવહારની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે. જેથી ભુકંપના કારણે સંસ્થા તથા ભવનોને થયેલ ઈલેકટ્રીક વસ્તુઓના નુકસાનના અંદાજ મુજબ ઉકત ખરીદી કરવામાં આવેલ હોવાનું વ્યાજબી પણાની ખાત્રી થઈ શકે અને આ ભંગાર માલસામાન નિકાલ કર્યાનું ઓડીટના ધ્યાને લાવવા વિનંતી છે.

આમ ઉકત પેટા ફકરાઓમાં દર્શાવેલ ઓડીટ નોંધ મુજબની કાર્યવાહી કરી ઓડીટને ખાત્રી ન કરાવવા માં આવેલ ત્યાંસુધી સંસ્થાએ કરેલ ઉકત ખરીદી રૂ..૫૬,૬૩,૪૫૩ ની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૧૫૫. તા-૧૨/૧/૧૦ નો જવાબ સંસ્થાએ કરેલ નથી. આમ આ ફકરામાં જણાવેલ વસ્તુઓ ખરીદવામાં થયેલ અનિયમિતતાઓ બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

વાંધા હેઠળ રૂ..૫૬,૬૩,૪૫૩

**ફકરા નંબર-૧૫**

જુની ઉતરવહીઓના વેસ્ટ પેપર (પલ્પીંગ)ના નિકાલમાં વજનમાં અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના હિસાબી સ્ટોર્સ શાખાએ ઓડીટ વર્ષમાં જુની ઉતરવહીઓનો (પલ્પીંગ કરીને) નીકાલ કરવામાં આવેલ છે. આ જુની ઉતરવહીઓ સને ૨૦૦૩-૦૪ ના વર્ષ દરમ્યાન લેવાયેલ માર્ચ/એપ્રિલ-૦૩ સને ઓકટો/નવેમ્બર-૦૩ દરમ્યાન ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની ઉતરવહીઓના જથ્થાનો નિકાલ કરેલ છે. આ ફાઈલમાં યુનિવર્સીટીએ કુલ ૩૬૪૮૫ કિલો વેસ્ટ નો નિકાલ કિલોના રૂ..૧૧/- ના ભાવે વેચતા રૂ..૪,૦૧,૩૩૫ ની રકમ સંસ્થાના ભંડોળમાં જમા કરાવેલ છે.

સંસ્થાએ નિકાલ કરેલ વેસ્ટ પેપરમાં યુનિવર્સીટીએ લીધેલ માર્ચ/એપ્રિલ-૦૩ અને ઓકટો/નવેમ્બર-૦૩ દરમ્યાન લેવાયેલ પરીક્ષાની ઉતરવહીઓ હતી. આમ ઉકત બન્ને મુદતની પરીક્ષાઓમાં યુનિવર્સીટીના ૨૦૦૪-૦૫ ના વાર્ષીક વહીવટી અહેવાલોમાં દર્શાવેલ પરીક્ષાઓની સંખ્યા માર્ચ/એપ્રિલ-૦૩ માં ૨૬૩ પ્રકારની પરીક્ષાઓ તથા ઓકટો/નવે-૦૩ ની પરીક્ષાઓ-૨૪૦ પ્રકારની પરીક્ષાઓમાં અનુક્રમે ૧૯૩૯૪૮ અને ૪૦૨૧૨ મળી કુલ ૨૩૪૧૬૦ વિદ્યાર્થીઓ ઉપસ્થીત રહેલ હતા. આમ ઉપસ્થીત રહેલ વિદ્યાર્થીની સંખ્યા ૨૩૪૧૬૦ ના દરેકને સાત વિષય મુજબ ૭ મુખ્ય ઉતરવહીઓ અને સને ૨૦૦૩-૦૪ માં ઉકત પરીક્ષાઓ માટે યુનિવીર્સીટી ધ્વારા તા-૧/૪/૦૩ થી ૫/૨/૦૪ દરમ્યાન ૪ પેઈજની પુરવણી ઉતરવહીઓ ૨૪,૮૦,૨૫૪ વિવિધ કોલેજોને ફાળવેલ હતી જે પૈકી મુખ્ય ઉતરવહી કે પુરવણી ઉતરવહી પરત આવ્યાની જમા લીધાની કોઈજ નોંધ સ્ટોક રજીસ્ટરે કરવામાં આવેલ નથી. જેથી ઓડીટ મુજબ મુખ્ય ઉતરવહીઓ (૨૦ પેઈજ) અને પુરવણી ઉતરવહીઓ ૨૪૮૦૨૫૪(૪ પેઈજ) નો વપરાશ થયાનું માને છે. એટલેકે ઉકત મુખ્ય ઉતરવહીઓ અને પુરવણી ઉતરવહીઓ નો વપરાશ ઉકત બન્ને સત્રાંત પરીક્ષાઓમાં થયેલ છે. એટલેકે, ઉકત જથ્થાનો જુની ઉતરવહીઓ (પલ્પીંગ) ના નિકાલમાં જથ્થો હોવાનું અનુમાન ઓડીટ માને છે.

આ સંસ્થાના ઉતરવહીઓ ખરીદીના વા.નં.૧૨૯૩ તા-૧૭/૬/૦૪ રૂ..૨૩,૫૪,૯૬૨ ના વાઉચર ઉપરની તા-૨૮/૫/૦૪ ની યુનિવર્સીટી પ્રેસની નોંધ મુજબ ૧૦૦ નંગ મુખ્ય ઉતરવહીઓ (૨૦ પેઈજ) નુ કુલ વજન ૩-૮૭૦ કિલો થાય તથા ૧૦૦ નંગ પુરવણી ઉતરવહીઓ (૪ પેઈજ) નુ કુલ વજન ૦.૮૦૦ ગ્રામ થાય તેવી સ્પષ્ટ નોંધ છે. આ નોંધ મુજબ માર્ચ/એપ્રિલ-૦૩ અને ઓકટો/નવે-૦૩ દરમ્યાન વપરાશમાં લેવામાં આવેલ મુખ્ય ઉતરવહીઓ કુલ ૧૬૩૯૧૨૦ (૨૦ પેઈજ) નું કુલ વજન ૬૩૪૩૪ કિલો અને પુરવણી ઉતરવહીઓ ની કુલ

સંખ્યા ૨૪૮૦૨૫૪ નું કુલ વજન ઉકત મુજબ ૧૯૮૪૨ કિલો થાય. આમ બન્ને ઉતરવહીઓ નું કુલ વજન ૮૩૨૭૬ કિલો થાય, જયારે સંસ્થાએ ૩૬૪૮૫ કિલો વેસ્ટ પેપરનો નિકાલ કરેલ છે. આમ આ વેસ્ટ પેપરના નિકાલમાં ૪૬૭૯૧ કિલોની ઘટ રહેવા પામેલ છે. આમ સંસ્થાને એક કિલોના રૂ..૧૧/- લેખે કુલ રૂ..૫૧૪૭૦૧/- નુ નુકસાન થયેલ છે. આમ આ નુકસાન બદલ જવાબદારની જવાબદારી નકકી કરી સંસ્થાને થયેલ નુકસાનની જવાબદારેથી વસુલાત મેળવી સંસ્થામાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવતા સુધી ઉકત રકમ ઓડીટ વસુલાત તરીકે સુચવેલ છે.

પ્રા.વા.નં.૧૫૬. તા-૧૯/૧/૧૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી તો ફકરામાં સુચવેલ વિગતે યોગ્ય ચકાસણી કરી ઓડીટે સુચવેલ વસુલાત જવાબદારેથી કરવી.

---

**<u>૧૫.૧</u> જુની ઉત્તરવહીઓ વેસ્ટ પેપર (પબ્લીંગ) નિકાલ બાબત.**

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ કરેલ હિસાબી રેકર્ડ તથા સંલગ્ન રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાએ સને ૨૦૦૪-૦૫ દરમ્યાન ગુજ.યુનિ.ની જુની ઉતરવહીઓ ના નિકાલ માટે જાહેર નિવિદા આપી. વેસ્ટ પેપર (પબ્લીંગ) નો નિકાલ કરવામાં આવેલ છે. આ કામની ફાઈલની ચકાસણી કરતા આ સંસ્થાએ સાત ટેન્ડર ઈસ્યુ કરેલ તે પૈકી છ વેપારીના ભાવ મળેલ હતા. જેમાંથી મહાલક્ષ્મી વેસ્ટ પેપર સપ્લાયર્સ ના વધુ ભાવ રૂ.૧૧/- પ્રતિ કિલોના હતા. આ ઈજારદારને આ સંસ્થાએ કુલ ૩૬૪૮૫ કિલો વેસ્ટ પેપર રૂ.૪,૦૧,૩૩૫/- માં વેચવામાં આવેલ છે. આ વેસ્ટ પેપર (જુની ઉતરવહીઓ) ઈજારદારે ૭ ટ્રક મારફતે ભરીને શ્રી મારૂતિનંદન વેઈટ બ્રીજ ઉપર વજન કરાવી વજન રસીદ મુજબ વજન મેળવતા ૨૪૬૪૫ કિલો વેસ્ટ પેપર નો ઈલેકટ્રોનીક વેઈટ બ્રીજ ઉપર વજન કરવામાં આવેલ હતો. જયારે ૧૧૮૪૦ કિલો વેસ્ટ પેપર ૪૦૦ થેલા ભરી થેલા દીઠ અલગ વજન કરી ૧૫ પત્રક બનાવી સરવાળો કરી કુલ વજન કરવામા આવેલ છે પરંતુ આ વેસ્ટ પેપર કયા સાધનમાં ભરીને લઈ ગયેલ છે તેનો કોઈજ ઉલ્લેખ નથી. તો આમ અલગ રીતે પસ્તી આપવા અને ઈલેકટ્રોનીક કાંટા ઉપર વજન ન કરાવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. આમ ૧૧૮૪૦ કિલો વેસ્ટ પેપર ઈલેકટ્રોનીક વેઈટ બ્રીજ ઉપર વજન કર્યા સિવાય વેચવા બદલ સ્પષ્ટતા થવી ઘટે આમ આ ૧૧૮૪૦/- કિલો વેસ્ટ પેપર અનિયમિત રીતે વેચવા માટે જવાબદાર ની જવાબદારી નકકી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૨. ગુજરાત વાણીજય વેરા અધિનિયમ-૨૦૦૩ અન્વયેની અનુસુચિ-૧ માં જણાવ્યા મુજબ વેસ્ટ પેપરના વેચાણ ઉપર ૪ ટકા વેચાણવેરો સરકારશ્રીના ધારાધોરણ મુજબ સરકારશ્રીમાં જમા કરાવવાની જોગવાઈ થયેલ છે. આમ આ વેચાણવેરો પસ્તી લઈ જનાર ઈજારદારે સરકારશ્રીમાં જમા કરાવવાનો થાય જેથી શરત આપના ટેન્ડરની શરતોમાં થયેલ નથી તો આપની સંસ્થાએ વેચેલ ૩૬૪૮૫ કિલો વેસ્ટ પેપર રૂ..૧૧/- ના ભાવ મુજબ રૂ..૪.૦૧.૩૩૫/- ની વેચાણ કિંમત ઉપર ૪ ટકા મુજબ રૂ..૧૬,૦૫૩/- સરકારશ્રીમાં વેચાણવેરા તરીકે ભરવાના થાય તો આ રકમ સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૯૨, તા-૧૯/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી. આમ વેસ્ટ પેપર નો જથ્થો વેઈટ કાંટા ઉપર વજન ન કરવા બાબતે રેકર્ડ આધારીત પુર્તતા થવી જરૂરી છે આ વેસ્ટ પેપરના વેચાણ ઉપર ભરવાપાત્ર વેચાણવેરાની વસુલાત રૂ..૧૬,૦૫૩/- વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવવા ઓડીટનું સુચન છે.

| | | |
|---|---|---|
| વાંધા હેઠળ ૧૬(૧) | - | ૪,૦૧,૩૩૫ |
| વસુલાત ફ. નં. ૧૬ | - | ૫,૧૪,૭૦૧ |
| ૧૬.૧ | - | ૧૬,૦૫૩ |
| | - | ૫,૩૦,૭૫૪ |

સદર - ૦૦૪૦

## ફકરા નંબર-૧૬

ભરતીમાં સરકારી બાન હોવા છતાં અનિયમિત ભરતી કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ તથા રૂબરૂ પુચ્છા કરતા સંસ્થાએ સરકારની ૧૯૮૨ પછી ભરતી કરવાનો બાન હોવા છતાં બે તબકકે ૧૬૭ (૧૦૯ અને ૫૯) ની કર્મચારીઓની અનિયમિત ભરતી કરવામાં આવેલ છે. સરકારશ્રીનો ભરતી માટે બાન હોવા છતાં ભરતી કરવા બાબતે સ્પષ્ટતા કરવા જણાવતાં સંસ્થા દ્વારા કોઇ જવાબ કે માહિતી રજુ કરેલ નથી. જેથી ભરતી કરેલ કર્મચારીઓની નિમણુંકની તારીખ જાણી શકાયેલ નથી. સને ૨૦૦૩-૦૪ ના ઓડિટમાં પણ આવો જ મુદ્દો ઉપસ્થિત થયેલ હતો અને છતાં પણ આ પ્રથા ચાલુ રહેલ છે. જે યોગ્ય નથી.

ઉક્ત અનિયમિત ભરતી થયેલ કર્મચારીઓ પાછળ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન થયેલ ખર્ચની રકમની વિગત રજુ કરવા જણાવવા છતાં કોઇ જ માહિતિ રજુ કરેલ નથી.

ઉક્ત થયેલ અનિયમિત ભરતી નિયમિત કરાવવા માટે સરકારશ્રીમાં થયેલ દરખાસ્ત કર્મચારીઓના નામ સહીની નકલ તથા આ અંગે થયેલ પત્ર વ્યવહારની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૧૫૭. તા-૧૯/૧/૧૦ નો સંસ્થાએ કોઈજ જવાબ આપેલ નથી જેથી સંસ્થાએ કરેલ અનિયમિત ભરતી બાબતે ચકાસણી થઈ શકેલ નથી પરંતુ સંસ્થાએ આ અનિયમિત ભરતી બાબતે કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ ગુ.રા. ગાંધીનગર સાથે ચાલતા પત્ર વ્યવહાર બાબતે ઘોરણસરની કાર્યવાહી કરી આવેલ પરીણામે આગામી ઓડીટે ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ છે.

**ફકરા નંબર-૧૭**

પ્રયોગશાળા માટે કેમીકલ્સ પદાર્થ ની ખરીદી બાબત.

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડ ની ચકાસણી કરતા આ સંસ્થાના સ્કુલ ઓફ સાયન્સ વિભાગ ધ્વારા ઓડીટ વર્ષ દરમ્યાન હિસાબી સદર ૩૫૨૧૦૦૦ હેઠળ રૂ..૧૦,૬૦,૭૫૮-૭૫ નો કેમીકલ્સ મટીરીયલ્સ ખરીદીનો ખર્ચ કરેલ છે. તો આ વિભાગમાં ખરીદવામા આવેલ કેમીકલ્સ મટીરીયલ્સના વાર્ષીક ભાવ કરાર કરીને ખરીદી કરવામાં આવે છે કે છુટક છુટક જરીયાત મુજબ ખરીદી કરવામાં આવે છે ? તેની સ્પષ્ટતા કરવી આ વિભાગમાં કયા કયા કેમીકલ્સ નો વાર્ષીક કેટલી રકમનો ખર્ચ કરવામાં આવલ છે તેની વિગત તૈયાર કરી ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે. આ વિભાગ ધ્વારા વપરાશમાં આવતા કેમીકલ્સ પ્રદાર્થ નો ભાવ કરાર કરી ખરીદી ન કરવા બદલ સ્પષ્ટતા કરવા વિનંતી છે.p

પ્રા.વા.નં.૪૧, તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ આ વસ્તુ ખરીદવા વાર્ષીક રેટ કોન્ટ્રાકટ કર્યા અંગેના કોઈ આધારે રજુ કરેલ નથી તેમજ આ કેમીકલ્સ માટેની કોઈ ડીમાન્ડ નોટ કે સ્ટોક પત્રક પણ નિભાવવામાં આવેલ.હોય તેમ જણાતુ નથી આમ ઉકત અનિયમિતતાને ધ્યાને લઈ આ સંસ્થાએ કરેલ ખર્ચ રૂ..૧૦,૬૦,૭૫૮-૫૭ નો ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૧૦,૬૦,૭૫૮**

## ફકરા નંબર-૧૮

### પ્રયોગશાળાના મદદનીશને માનદવેતન ચુકવવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાની પ્રયોગશાળામાં પ્રયોગશાળાના મદદનીશ ને માનદવેતન સદખર ૩૫૨૦૦૦૦ હેઠળ રૂ.. ૪૨.૧૫.૨૬૪/- નો ખર્ચ કરવામાં આવેલ છે તો આ ખર્ચ કરવા બાબતે નીચે મુજબનુ રેકર્ડ રજુ કરવા વિનંતી છે.

૧. આ ખર્ચમા પ્રયોગશાળાના મદદનીશ ને આપવામાં આવેલ માનદવેતન ના દરો કોના ધ્વારા નિયત કરવામાં આવેલ છે તેના આધારો
૨. આ મદદનીશો યુનિવર્સીટી ના કર્મચારીઓ છે કે કેમ?
૩. આ મદદનીશો ને માનદવેતન ન આપવા માટે તેમની ફરજ કરતા વધું સમય કામગીરી કરેલ છે કે કેમ ? તે અંગેનું હાજરી પત્રક
૪. આ મદદનીશોને ચુકવવામાં આવેલ માનદવેતનની પહોંચો

પ્રા.વા.નં.૪૨, તા-૧૫/૯/૦૯ ના જવાબમાં સંસ્થાએ પ્રયોગશાળામાં રાખવામાં આવતા મદદનીશ રાખવા અંગેની મંજુંરી આદેશો તેને ચુકવવામાં આવતા માનદવેતન ના દર અને મદદનીશની હાજરી વિગેરેનું કોઈજ રેકર્ડ સંસ્થાએ રજુ કરેલ નથી આમ આ ખર્ચના વ્યાજબીપણાની ખાત્રી થઈ શકતી નથી જેથી આ ખર્ચ ઓડીટ વાંધા હેઠળ રાખે છે.

વાંધા હેઠળ રૂ..૪૨,૧૫,૨૬૪/-

**ફકરા નંબર-૧૯(૧)**

ગુજરાત યુનિવર્સીટીના બિન શૈક્ષણિક કર્મચારીઓ અધિકારીઓને નહીં મળવાપાત્ર પરીક્ષા ભથ્થાની કરવામાં આવેલ ચુકવણી બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં રજુ થયેલ રેકર્ડ જોતાં હિસાબી સદર-૩૫૩૨૦૦૮ હેઠળ ઉધારવામાં આવેલ રૂ..૧,૦૧,૫૪,૭૪૬.૯૬ નો ખર્ચ પરીક્ષા ભથ્થા પેટે કરવામાં આવેલ છે. આ અંગે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-૧૩/૭/૮૯ ના ઠરાવ ક્રમાંક-પવસ/૧૦૮૯/૨૭૨૫-ખ તેમજ છેલ્લા સુધારા ઠરાવ તા-૫/૭/૯૧ ની શરતો મુજબ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓ પૈકીના વધુમાં વધુ ૨૫ % કર્મચારીઓને સદરહું પ્રકારના ભથ્થાની ચુકવણી કરવી જોઈએ.તેમ છતાં તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓને પગારની સાથે પરીક્ષા ભથ્થાની નિયમિત ચુકવણી કરવામાં આવેલ હતી.

ઉપરોકત વિગતે ૨૫ % કર્મચારીઓ સામે ૧૦૦% કર્મચારીઓને ચુકવણુ કરી ૭૫ % કર્મચારીઓને પરીક્ષા ભથ્થુ ચુકવી રૂ..૭૬,૧૬,૦૬૦.૨૨ નો વધુ ખર્ચ કરવામાં આવેલ છે. જે વસુલાતને પાત્ર ગણાય તેમજ ૧૯૮૮-૮૯ થી આજદીન સુધી આ પ્રકારે ચુકવાયેલ પરીક્ષા ભથ્થાની રકમના ૭૫ % લેખેની રકમ વસુલાત કરવાની રહે. જેની વિગતો કાઢી પત્રક તૈયાર કરી સંબધિત કર્મચારીઓ પાસેથી વસુલ કરી તેના જમા કરાવ્યાની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે તેમજ સદરહું ભથ્થું નિયમોનુસાર ચુકવવાનો તાત્કાલીક અસરથી અમલ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૭. તા-૨/૯/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

**વસુલાત રૂ..૭૬,૧૬,૦૬૦.૨૨**

---

**ફકરા નંબર-૧૯(૨)**

પરીક્ષા ને લગતી સ્ટેશનરી ની છપામણી ખર્ચ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાની પરીક્ષા શાખાએ હિસાબી સદર ૩૫૧૬૦૦૦ હેઠળ રૂ.૪૫૪૯૦૭.૬૫ પુરાનો ખર્ચ કરેલ છે. તો કઈ કઈ પરીક્ષાઓ માટે કયા

પ્રકારની સ્ટેશનરી કે રેકર્ડ ની છપામણી કરવામાં આવેલ છે તે અંગેનું સબંધીત રેકર્ડ મંજુરી ના હુકમ છપાવેલ સ્ટેશનરીની વિગત તથા જથ્થો તથા આ જથ્થાનું સ્ટોક પત્રક અને વપરાશ પત્રકને લગતુ તથા હાથ ઉપરનો જથ્થાની વિગત દર્શાવતુ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ હતુ જે રજુ થયેલ નથી.

પ્રા.વા. નં.૪૪. તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી તેમજ છપામણીને લગતુ કોઈ રેકર્ડ સંસ્થાએ રજુ કરેલ નથી જેથી આ ખર્ચ રૂ..૪,૫૪,૯૦૭ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.. ૪,૫૪,૯૦૭

---

**ફકરા નંબર-૧૯(૩)**

**પરીક્ષાનો પરચુરણ ખર્ચ બાબત.**

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૩૫૨૪૦૦૧ હેઠળ સંસ્થાના પરીક્ષા વિભાગ ધ્વારા પરીક્ષાનો પરચુરણ ખર્ચ રૂ..૬૩.૯૪,૩૧૭.૯૨ નો કરેલ છે તો આ ખર્ચ કઈ કઈ બાબતનો કરેલ છે તેની ફાઈલ તથા આ ખર્ચ કરવા માટેની મંજુરીઓ કરેલ ખરીદી ની ચીજ વસ્તુઓની વિગત તેનો સ્ટોક પત્રક તથાં વપરાશ અને બંધ સ્ટોકની વિગત દર્શાવતુ તમામ રેકર્ડ તથા આ વસ્તું ખરીદી કરવા માટે સરકારશ્રીએ નકકી કરેલ ખરીદ પધ્ધતિનું પાલન કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગત સાથેનું રેકર્ડ માંગવામાં છતાં કોઇ જ પ્રકારનું રેકર્ડ રજુ કરેલ નથી. જેથી ખરીદી, સ્ટોક, વપરાશ અને આખા સ્ટોક અને ખરીદ કરવાની પધ્ધતિ મુજબ કાર્યવાહી થયાનું ઓડીટને ખાત્રી થયેલ નથી. આમ સરકારશ્રીની ખરીદ પધ્ધતિનું પાલન કરવામાં ન આવેલ હોય તો તે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા કરવા વિનંતી છે.

પ્રા.વા.નં.૪૦. તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ કોઈજ રેકર્ડ રજુ કરેલ ન હોઈ આ ખર્ચના વ્યાજબી પણાની ખાત્રી ન થતી હોઈ આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૬૩,૯૪,૩૧૭

---

**ફકરા નં-૧૯(૪)**

પરીક્ષા અંગે ડમી નંબરના ખર્ચ બાબત

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૩૫૨૫૦૦૦ હેઠળ આ સંસ્થાના પરીક્ષા વિભાગે પરીક્ષા અંગે ડમી નંબર ખર્ચ તરીકે રૂ.૩૨૩૫૧૯૫/- નો ખર્ચ કરવામાં આવેલ છે. તો આ ખર્ચ બાબતે નીચે જણાવ્યા મુજબની માહિતી રેકર્ડ સાથે રાખવા વિનંતી છે.

૧) આ વિભાગ દ્વારા ઓડીટ વર્ષમાં કેટલી પરીક્ષાઓ લેવામાં આવી તથા પરીક્ષાવાર બેસનાર વિધાર્થીઓની સંખ્યા તથા વિધાર્થીઓના પરીક્ષાઓના વિષયોની વિગત.

૨) પરીક્ષાવાર વપરાયેલ મુખ્ય પુરવણીઓની સંખ્યા.

૩) ડમી નંબર આપવા માટે કરવામાં આવેલ ખર્ચ બાબતેની વિગત તેમાં કઈ વસ્તુ ખરીદવામાં આવેલ હોયતો તે વસ્તુની ખરીદીની ફાઈલ તથા કોઇ સંસ્થા કર્મચારી કે પરીક્ષકની સેવા લેવામાં આવેલ હોય તો તેની સંખ્યા તેમને ચુકવેલ માનદવેતનની રકમના દર કોના દ્વારા એપ્રુવ થયેલ છે. સરકારીશ્રી દ્વારા કે યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીએ આ બાબતેના કોઈ દર નક્કી કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતની વિગત.

પ્રા.વા. નં.૩૯ તા-૧૫/૯/૦૯નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી. તેમજ રેકર્ડ રજુ કરેલ નથી. જેથી આ ખર્ચના વ્યાજબીપણાની ખાતરી થતી ન હોઈ આ ખર્ચ ઓડીટ વાંધા હેઠળ રાખે છે.

વાંધા હેઠળ રૂ. ૩૨૩૫૧૯૫/-

## ફકરા નંબર-૧૯(૫)

**પરીક્ષાની કામગીરી માટે ખાનગી કોમ્પ્યુટર કંપનીની સેવા લેવા બાબત.**

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ ઓડીટ વર્ષના હિસાબી રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૩૫૨૬૦૦૦ હેઠળ આ સંસ્થાના પરીક્ષા વિભાગે રૂ.૮.૦૨.૩૮૯ નો ખર્ચ પરીક્ષા માટે કોમ્પ્યુટર ચાર્જીસનો ખર્ચ કરેલ છે તો આ ખર્ચ કઈ કામગીરી માટે કરવામાં આવેલ છે અને કેટલી ફેકલ્ટીવાર પરીક્ષાની કામગીરી કરાવેલ છે અને કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠેલ છે અને કઈ કંપનીને આ કામગીરી આપેલ છે આ કામગીરી આપવા માટે કરવી પડતી સરકારી ધા.રા. ધોરણ મુજબની કાર્યવાહી જેવી કે જાહેરાત આપવી ભાવો મેળવવા ઓછા ભાવવાળાને કામગીરી આપવી તથા કરેલ કામગીરીનો રેકર્ડ રાખવો વિગેરેની કાર્યવાહી અંગેના સાધનીક કાગળો અને કરેલ કાર્યવાહી નુ તમામ રેકર્ડ તથા સંસ્થા પાસે સેલવાલ કોમ્પ્યુટર સેન્ટર તથા સ્ટાફ હોવા છતાં બહાર કામ કરાવવા બાબતે સ્પષ્ટતા કરવી.

પ્રા.નં. ન.૩૮. તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ કોઈજ રેકર્ડ રજુ કરેલ નથી તેમજ સ્પષ્ટતા કરેલ નથી. તેથી આ ખર્ચ ના વ્યાજબી પણાની ખાત્રી થતી ન હોઈ આ ખર્ચ વાંધા હેઠળ રાખવામા આવે છે.

**વાંધા હેઠળ રૂ..૮,૦૨,૩૮૯/-**

---

## ફકરા નંબર-૧૯(૬)

વિવિધ પરીક્ષાઓમાં કર્મચારીઓને રેમ્યુનરેશન ચુકવવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ સમયે સંસ્થા એ રજુ કરેલ રેકર્ડ (હિસાબી) ની ચકાસણી કરતા પરીક્ષા શાખાએ યુનિવર્સીટી ધ્વારા લેવાયેલ નીચે જણાવેલ જુદી જુદી પરીક્ષાઓમાં કામગીરી બજાવવા સારૂ રેમ્યુનરેશન (માનદવેતન) ની ચુકવણી નીચેની વિગતે કરવામા આવેલ છે.

| ક્રમ | પરીક્ષાનો વિભાગ | હિસાબી કોડ | રકમ |
|---|---|---|---|
| ૧ | આર્ટસ | ૩૫૦૧૦૦૦ | ૨૦૫૪૮૨૪ |
| ૨ | સાયન્સ | ૩૫૦૨૦૦૦ | ૩૦૭૨૬૩ |
| ૩ | મેડીકલ | ૩૫૦૩૦૦૧ | ૪૧૯૩૩ |
| ૪ | કાયદા | ૩૫૦૪૦૦૦ | ૨૦૧૮૧૬ |
| ૫ | કોમર્સ | ૩૫૦૫૦૦૦ | ૨૨૩૫૫૩૩ |
| ૬ | એન્જીનીયરીંગ | ૩૫૦૬૦૦૦ | ૬૫૧૫૯૪ |
| ૭ | ફાર્મસી | ૩૫૦૭૦૦૦ | ૩૯૨૪૦ |
| ૮ | ડેન્ટીસ્ટ્રી | ૩૫૦૮૦૦૦ | ૩૩૭૦ |
| | કુલ | | ૫૫૩૫૫૭૩ |

ઉકત ખર્ચ બાબતે નીચે જણાવેલ વિગતો રેકર્ડ રજુ કરવા જણાવેલ હતું.

૧. તમામ ફેકલ્ટીવાર ના પરીક્ષાર્થીઓની સંખ્યા

૨. તમામ ફેકલ્ટીવાર કેટલા કર્મચારીઓને માનદવેતન ચુકવવામાં આવેલ છે.

૩. માનદવેતન ચુકવવા માટે નો દર આ દર સરકારશ્રી કે યુનિવર્સીટી એ નકકી કરેલ છે તેનું રેકર્ડ આધારીત પુરાવા

૪. માનદવેતન ચુકવેલ કર્મચારીવાર લેવામાં આવેલ કામગીરીની વિગત તથા હાજરી ની વિગત

૫. જે કર્મચારીઓને માનદવેતન ચુકવવામાં આવેલ છે તેમની મેળવવામાં આવેલ પહોંચો

૬. વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ચુકવણીઓ પૈકી કોને કેટલી રકમ ચુકવવા પાત્ર હતી તેમજ ચુકવવામાં આવેલ તથા બાકી ચુકવણા અંગેની વિગત દર્શાવતુ પત્રક રજુ કરવું.

૭. યુનિવર્સીટી પાસે પોતાનો (માલીકીનો) પ્રેસ હોવા છતાં સદર છપામણી ખાનગી રાહે કરાવવા બાબતે સ્પષ્ટતા સહ તે અંગે થયેલ કાર્યવાહી નિયમોનુસાર થયેલ હોય તો તેની સંપૂર્ણ વિગતવાર માહિતી ઓડીટે રજુ કરવા છતાં રજુ કરેલ નથી.

૮. ઓડીટ વર્ષ દરમ્યાન પરીક્ષાના પ્રશ્નપત્રો બહાર છપાવવા ના નિર્ણય પહેલા યુનિ. ના માલીકના પ્રેસ પાસે નહીં છાપી શકવાના કારણો અને આ મુદત દરમ્યાન પ્રેસ પાસે કઈ કામગીરી ચાલુ હતી તેના સાધનીક રેકર્ડ સાથે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ઉકત મુદ્દાઓનો વિગતવાર અહેવાલ તથા સાધનીક રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ ન થાય ત્યાંસુધી આ કરેલ ખર્ચ રૂ.૩૩,૫૩,૫૭૩.૫૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૨૭, તા-૧૦/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

**વાંધા હેઠળ રૂ.૧,૪૨,૪૦,૩૮૩.૦૭**

**વસુલાત - ૭૬,૧૬,૦૬૦**

**વાંધા હેઠળ**

| | |
|---|---|
| ૨૦(૨) - | ૪,૫૪,૯૦૭.૬૫ |
| (૩) - | ૬૩૯૪૩૧૭.૯૨ |
| (૪) - | ૩૨૩૫૧૯૫ |
| (૫) - | ૮૦૨૩૮૯ |
| (૬) - | ૩૩૫૩૫૭૩.૫૦ |
| - | ૧૪૨૪૦૩૮૩.૦૭ |

**ફકરા નંબર-૨૦(૧)**

ગુજરાત યુનિવર્સીટીના કર્મચારીઓને નહીં મળવા પાત્ર ઓવર ટાઈમ ભથ્થાની કરવામાં આવેલ ચુકવણી બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના ઓડીટ દરમ્યાન રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૩૫.૩૨.૦૦૭ હેઠળ ઓડીટ વર્ષમાં રૂ..૨૨,૦૧,૮૯૦.૫૫ નો ખર્ચ પરીક્ષા સમય દરમ્યાનના અધિક સમયના મહેનતાણા તરીકે ખર્ચ કરવામાં આવેલ છે.

ચોથા કેન્દ્રીય પંચની ભલમણો અન્વયે તા-૧/૧/૮૬ થી આર.ઓ.પી.રૂલ્સ ૧૯૮૭ મુજબ ઓવરટાઈમ ભથ્થુ ચુકવવાની પ્રથા રદ કરેલ છે તે મુજબ સદર ઓવર ટાઈમ ભથ્થુ મળવાપાત્ર થતુ નથી છતાં તેની ચુકવણી કરી ખોટી રીતે ખર્ચ કરવા બદલ સ્પષ્ટતા કરી તા-૧/૧/૮૬ ની વિગતો તૈયાર કરી નિયમો વિરૂધ્ધ કરેલ ચુકવણીથી સંસ્થાને થયેલ નુકસાન અંગેની જવાબદારી નકકી કરી સંબધિત તમામ કર્મચારીઓ પાસેથી કરવાપાત્ર થતી વસુલાત તાત્કાલીક ધોરણે કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સદર બાબતે અગાઉના વર્ષેના માં પણ ઓડીટ વાંધા લેવામાં આવેલ છે છતાં ઓવર ટાઈમ ભથ્થુ સરકારના નિયમો વિરૂધ્ધ ખર્ચ કરીને સંસ્થાને નુકસાન કરવા બદલ જવાબદારોની જવાબદારી નકકી કરી ખુલાસો મેળવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ઉકત વિગતે ચુકવાયેલ સરકારશ્રી ના નિયમો વિરૂધ્ધનું ઓવર ટાઈમ ભથ્થાનો ખર્ચ કુલપતિશ્રી ના અંગત ધ્યાને દોરવામાં આવે છે તેમજ નિયમોનુસાર ની કાર્યવાહી કરવાની કાયમી વ્યવસ્થા ગોઠવી સંસ્થાને થતાં નુકસાનમાંથી બચાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૮, તા-૨/૯/૦૯ નો સંસ્થાએ કોઈ જ જવાબ કરેલ નથી.

વસુલાત રૂ..૨૨,૦૧,૮૯૦.૫૫

## ફકરા નંબર-૨૦(૨)

**ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ આપવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ વખતે સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા ગ્રંથાલય ધ્વારા ઓડીટ વર્ષમાં લાયબ્રેરીના કર્મચારીઓને રૂ..૮૨,૩૯૦/- નો ઓવર ટાઈમ હિસાબી સદર ૨૧૨૨૦૦૫ સદરે ચુકવાયેલ છે. સરકારશ્રીની હાલની નીતિ મુજબ આર.ઓ.પી.૯૮ ના પગાર ધોરણમાં ઓવરટાઈમ ચુકવવાની સંપૂર્ણ મનાઈ હોવા છતાં આપના ગ્રંથાલય ધ્વારા ઓવર ટાઈમ નો ખર્ચ કરેલ છે. તો આ બાબતે સરકારશ્રીના કોઈ આધાર અથવા તો સરકારશ્રીની કોઈ મંજુરી મેળવેલ હોય તો આગામી ઓડીટે રજુ કરવા વિનંતી છે. આ સંસ્થા સરકારશ્રીની સંપૂર્ણ ગ્રાન્ટ લેતી હોઈ સરકારશ્રીના નીતિ નિયમોનું ચુસ્ત પણે પાલન કરવું જોઈએ તેમ છતાં આપની સંસ્થામાં આ પાલન થતું નથી, તો આ ખર્ચ બાબતે નીચે મુજબ નું રેકર્ડ આગામી ઓડીટે રજુ કરવું.

(૧) કર્મચારીઓને ઓવર ટાઈમ કેવા સંજોગોમાં આપવામાં આવેલ છે તેની સ્પષ્ટતા

(૨) ઓવર ટાઈમમાં દર્શાવેલ કામગીરી કોઈ ચોકકસ સમયની કે કાયમી કામગીરી છે તેની સ્પષ્ટતા કરવી.

(૩) ઓવર ટાઈમ ચુકવવા માટેના દર કોના ધ્વારા નકકી થયેલ છે અને તે દર અંગે સરકારશ્રીની મંજુરી કે દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ?

(૪) ઓવર ટાઈમ કરવા માટે જે જે કર્મચારીને રોકવા ની જરૂરીયાત છે તેમની હાજર પત્રક તથા કરેલ કામ ની વિગત રજુ કરવી.

(૫) ઓવર ટાઈમમાં કરેલ કામગીરી કચેરી સમયમાં થઈ શકે તેમ ન હોવાના કારણોની સ્પષ્ટતા કરવી.

પ્રા.વા.નં.૩૫. તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ જવાબ કે રેકર્ડ રજુ કરેલ નથી જેથી આ રકમ વસુલાત તરીકે સુચવવામાં આવે છે.

વસુલાત રૂ..૨૨૮૪૨૮૦/-

## ફકરા નંબર-૨૧

ગુણ ચકાસણી તથા પુનઃ મુલ્યાંકન ફી તથા મળેલ અરજીઓના નિકાલ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ ચાલુમાં છે આપની પરીક્ષા શાખામાં નીચે જણાવેલ પ્રકારનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ.

૧. સને ૨૦૦૪-૦૫ ની સાલમાં લેવાયલ પરીક્ષાના પરીણામ બાદ ગુણ ચકાસણી અને પુનઃ મુલ્યાંકન માટેની અરજીઓ સાથે કેટલી ફી ઉઘરાવી તેની વિગત એટલેકે બન્ને પ્રકારની અરજીઓની સંખ્યા વસુલ આવેલ ફી તથા તેના હિસાબને લગતુ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

૨. ગુણ સુધારવાની સંખ્યા તથા પરીણામ સુધારવાની સંખ્યા જણાવવા વિનંતી છે તથા આ બન્ને માટે કેટલી ફી નક્કી કરવામાં આવેલ છે તેનો આધાર એટલેકે પરીપત્ર કે ઠરાવ ની નકલ સામેલ કરવી.

3. ગુણ સુધારવા અને પરીણામ સુધારવાને કારણે આ થયેલ ક્ષતિ અંગે લેવામાં આવેલ પગલા ની વિગત આધારીત રેકર્ડ સાથે રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્ર.વા.નં. ૬૦. તા-૬/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી ઉકત વાંધામાં જણાવેલ વિગતો અંગે કોઈજ ચકાસણી થઈ શકેલ નથી.

**ફકરા નંબર-૨૨**

જોબ ટ્રેઈની હંગામી કર્મચારીઓના પગારમાં અનિયમિતતા બાબત.

---

(૧) ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ જોબ ટ્રેઈની તરીકે હંગામી કર્મચારી તરીકે માસિક રૂ.૧૭૫૦/- ના દરથી રાખવામાં આવે છે અને આ હંગામી કર્મચારી પાસેથી આ સંસ્થાની અન્ય શાખાઓમાં કામગીરી અર્થે નિમણુંક આપવામાં આવે છે. આ સંસ્થામા આ હંગામી જોબ ટ્રેઈની કર્મચારીઓની દૈનિક હાજરી માટે હિસાબી શાખામા જનરલ હાજરી પત્રક નિભાવવામાં આવે છે તેમાં કર્મચારી પોતે દૈનિક ધોરણે હાજરી પુરીને જે શાખામા ફરજ બજાવવાની હોય તે શાખામાં જાય છે. આ હંગામી જોબ ટ્રેઈનીંનો પગાર હિસાબી શાખામાં રાખેલ હાજરી પત્રકના આધારે હાજરીના દિવસો મુજબ ચુકવવામાં આવે છે. જયારે ઓડીટ વખતે રજુ થયેલ રેકર્ડમાં ઓડીટ વર્ષનું પરીક્ષા વિભાગમાં ફાળવેલ જોબ ટ્રેઈની હંગામી કર્મચારીઓનું હાજરી પત્રક નિભાવવામાં આવેલ છે જે ચકાસતા આ સાથે સામેલ પરિશિષ્ટ-૭ મુજબ પત્રકમાં દર્શાવેલ જોબ ટ્રેઈની કર્મચારીઓની પરીક્ષા શાખાની હાજરી અને હિસાબી શાખાની હાજરી વચ્ચે તફાવત જણાયેલ છે જેથી આ કર્મચારીઓ હિસાબી શાખામાં સહી કરીને સોંપેલ પરીક્ષા વિભાગમાં ફરજ બજાવેલ ન હોઈ તેટલા દિવસોનો પગાર વસુલાત પાત્ર થાય છે તો આ સાથે સામેલ પરિશિષ્ટ - ૩ મુજબના જોબ ટ્રેઈની હંગામી કર્મચારીઓ પાસેથી રૂ.૨૦,૦૩૬ ની વસુલાત કરવાપાત્ર થાય છે. તો આ વધુ ચુકવણી તાત્કાલીક વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવવા વિનંતી છે.

(૨) આમ આ સંસ્થામાં જોબ ટ્રેઇની તરીકે રાખેલ હંગામી કર્મચારીઓના નિમણુંક અને પગાર ચુકવવા બાબતેનું સાધનિક રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

(૩) હિસાબી શાખા અને પરીક્ષા શાખા ના હાજરી પત્રકો જોતાં ઘણાં કર્મચારીઓને પરચુરણ રજાનો લાભ આપવામાં આવેલ છે અને આ પરચુરણ રજાનો પગાર પણ ચુકવવામાં આવેલ છે. તો આ જોબ ટ્રેઈની હંગામી કર્મચારીઓને પરચુરણ રજાનો લાભ આપવા માટેની કોઈ નિતી સરકારશ્રીએ નિયત કરેલ હોય તો આધાર રજુ કરવા વિનંતી છે. અન્યથા જેટલા કર્મચારીઓને પરચુરણ રજા મંજુર કરેલ હોય તેટલા દિવસનો પગાર વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવવા વિનંતી છે.

(૪) આ કર્મચારીઓનો પગાર પત્રક બનાવવામાં હિસાબી શાખાના હાજરી પત્રકનો આધાર લઈ પગાર ચુકવેલ છે. જયારે પરીક્ષા શાખાના હાજરી પત્રકમાં સામેલ રાખેલ પત્રકની માસની તારીખોમાં હાજરી પુરાવેલ નથી જેનો અર્થ" થાય કે તે કર્મચારી શાખામાં ફરજ બજાવેલ નથી. આમ આ કર્મચારીના ખરેખર ફરજ બજાવવાના રેકર્ડ"નો આધાર લઈ પગાર ચુકવવો જોઈએ અથવા તો જે તે શાખા અધિકારી પાસે હાજર દિવસની વિગત લઈ પગાર કરવો જોઈએ જે તકેદારી નહીં રાખતા આ વધુ ચુકવણી થયેલ છે તો હવેથી જે તે શાખાના હાજરી પત્રક કે શાખાધિકારીના હાજરીના પ્રમાણપત્ર મુજબ પગાર આકારવાનો ચુસ્ત અમલ કરવા ઓડીટનું સુચન છે.

(૫) ઓડીટ વર્ષમાં જોબ ટ્રેઈની કેટલા આવેલ હતા કઈ કઈ શાખા / ભવનોમાં ફાળવેલ હતા અને તે ભવનો શાખામાં નિભાવવામાં આવેલ હાજરી પત્રકો ઓડીટ સમક્ષ રજુ કરવા અને આ હાજરી પત્રકની હાજરી અને હિસાબી શાખામાં નિભાવવામાં આવતા જનરલ હાજરી પત્રક સાથે મેળવણું કરી થયેલ વધુ ચુકવણાનું પત્રક બનાવી ઓડીટ સમક્ષ રજુ કરવુ તથા આ વધુ ચુકવાયેલ રકમ વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૫૪, તા-૫/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી આમ આ ફકરામાં દર્શાવેલ વસુલાત રૂ..૨૦.૦૩૬.૦૦ કરવાની રહે છે.

વસુલાત રૂ.. ૨૦,૦૩૬

## પરિશિષ્ટ-૭ ફકરા નં. ૨૨

## ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ દરમ્યાન રાખેલ જોબ ટ્રેઈની કર્મચારીઓને કરેલ વધુ ચુકવણાની વિગત

| ક્રમ | જોબ ટ્રેઈની નું નામ | વસુલાતની વિગત | | | | | | કુલ વસુલાત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માસ | ચુકવેલ દિવસ | ચુકવવા પાત્ર દિવસ | વધુ ચુકવાયેલ દિવસ | વસુલાતના દર | વસુલાતની વિગત | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | શાહ કિંજલ આર. | ૩/૦૪ | ૨૩ | ૨૨ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૭/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૮/૦૪ | ૨૮ | ૨૫ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૨૯ | ૨૬ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૪ | ૭ | ૫૬ | ૩૯૨ | | |
| | | | | | | ૯૦૪ | ૯૦૪ | ૯૦૪ | |
| ૨ | સોલંકી નેહલ જે. | ૩/૦૪ | ૨૩ | ૨૨ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૧૭ | ૧૪ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૮/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૨૯ | ૨૫ | ૪ | ૫૮ | ૨૩૨ | | |
| | | | | | | | ૬૩૦ | ૬૩૦ | |
| ૩ | યાદવ અનીતા એસ | ૩/૦૪ | ૨૧ | ૨૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૮ | ૨૩૨ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૫૧૬ | ૫૧૬ | |
| ૪ | વોરા મીનાક્ષી કે. | ૩/૦૪ | ૨૨ | ૧૮ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | ૪/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬/૦૪ | ૨૫ | ૨૪ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૮/૦૪ | ૩૦ | ૨૫ | ૫ | ૫૬ | ૨૮૦ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૨૭ | ૨૦ | ૭ | ૫૮ | ૪૦૬ | | |
| | | | | | | | ૧૧૪૨ | ૧૧૪૨ | |
| ૫ | વાળંદ કૌશલ બી. | ૩/૦૪ | ૨૨ | ૨૧ | ૧ | ૫૭ | ૫૬ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૪ | ૬ | ૫૮ | ૩૪૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૬ | ૫ | ૫૬ | ૨૮૦ | | |
| | | | | | | | ૭૪૦ | ૭૪૦ | |
| ૬ | જૈન ડિંજલ એ. | ૩/૦૪ | ૧૭ | ૧૦ | ૭ | ૫૬ | ૩૯૨ | ૩૯૨ | |
| | | | | | | | ૩૯૨ | | |
| ૭ | રાજપુત મોનીકા જે. | ૩/૦૪ | ૨૨ | ૧૯ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૮ | ૨૩૨ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૮ | | |
| | | | | | | | ૬૮૪ | ૬૮૪ | |
| ૮ | પટેલ કરૂણા પી. | ૩/૦૪ | ૧૫ | ૧૪ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | | | | | | ૩૯૪ | ૩૯૪ | |
| ૯ | બિહોલા ગીતા જે. | ૩/૦૪ | ૧૫ | ૧૪ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૨૮ | ૨૭ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૬/૦૪ | ૨૮ | ૨૭ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૮/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૨૫ | ૨૩ | ૨ | ૫૮ | ૧૧૨ | | |
| | | ૧૦/૦૪ | ૭ | ૨ | ૫ | ૫૬ | ૨૮૦ | | |
| | | | | | | | ૭૩૨ | ૭૩૨ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | પટેલ મીતા ડી | ૩/૦૪ | ૧૫ | ૧૪ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૨૯ | ૨૮ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | | | | | | ૧૧૪ | ૧૧૪ | |
| ૧૧ | પટેલ શીલ્પા બી. | ૩/૦૪ | ૧૪ | ૧૨ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૪/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૨૧ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૯/૦૪ | ૧૯ | ૧૧ | ૯ | ૫૮ | ૫૨૨ | | |
| | | | | | | | ૮૦૪ | ૮૦૪ | |
| ૧૨ | દિનકર પીન્કી એ. | ૩/૦૪ | ૧૫ | ૧૪ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૪/૦૪ | ૩૦ | ૨૧ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૩ | ૧ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૨૨૬ | ૨૨૬ | |
| ૧૩ | ચૌહાણ રીટા | ૩/૦૪ | ૧૫ | ૧૧ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | ૪/૦૪ | ૧૩ | ૮ | ૫ | ૫૮ | ૨૯૦ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૬ | ૫ | ૫૬ | ૨૮૦ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | | | | | | ૯૧૦ | ૯૧૦ | |
| ૧૪ | પંચાલ મીના આર. | ૪/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૮/૦૪ | ૨૯ | ૨૭ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૯/૦૪ | ૨૯ | ૨૭ | ૨ | ૫૮ | ૧૧૨ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | | | | | | ૫૦૮ | ૫૦૮ | |
| ૧૫ | નિરાલી બી.શાહ | ૪/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૫ | ૫ | ૫૮ | ૨૯૦ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | | | | | | ૭૪૪ | ૭૪૪ | |
| ૧૬ | નિશા બી.શાહ | ૪/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૮ | ૨૩૨ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૫૧૬ | ૫૧૬ | |
| ૧૭ | પારેખ ઉર્વિ બી. | ૪/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | | | | | | ૫૮ | ૫૮ | |
| ૧૮ | પરમાર ભાવના એમ | ૫/૦૪ | ૨૯ | ૨૮ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૫૬ | ૫૬ | |
| ૧૯ | સીધ પંકજકુમાર | ૬/૦૪ | ૨૪ | ૨૨ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | | | | | | ૧૧૬ | ૧૧૬ | |
| ૨૦ | લખપરા ઉષ્મા એસ | ૬/૦૪ | ૨૯ | ૨૭ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૧૦/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | | | | | | ૪૫૨ | ૪૫૨ | |
| ૨૧ | મહેતા મિથિલીષ બી. | ૭/૦૪ | ૨૯ | ૨૮ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૫૬ | ૫૬ | |
| ૨૨ | પટેલ હાર્દીક જી. | ૭/૦૪ | ૨૯ | ૨૮ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૫૬ | ૫૬ | |
| ૨૩ | જૈન સપના એચ. | ૯/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૧/૦૪ | ૨૮ | ૨૭ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૨/૦૪ | ૧૫ | ૧૩ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૩૯૮ | ૩૯૮ | |
| ૨૪ | પટેલ નીશા આર. | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૬ | ૫ | ૫૬ | ૨૮૦ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૬૨૦ | ૬૨૦ | |
| ૨૫ | પટેલ અમી બી. | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૫ | ૫ | ૫૮ | ૨૯૦ | | |
| | | | | | | | ૫૧૬ | ૫૧૬ | |
| ૨૬ | વણઝારા પ્રકાશ ડી. | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૧૭ | ૧૩ | ૫૮ | ૭૫૪ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | | | | | | ૯૮૨ | ૯૮૨ | |
| ૨૭ | પટેલ કિંજલ એમ. | ૮/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૬૨૨ | ૬૨૨ | |
| ૨૮ | પટેલ ભુમિકા એમ. | ૮/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૩૯૮ | ૩૯૮ | |
| ૨૯ | પટેલ ભુમિ એમ. | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૬ | ૨૩૨ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૭૪૨ | ૭૪૨ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | શાહ પલક યુ. | ૮/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૧/૦૪ | ૨૯ | ૨૩ | ૬ | ૫૮ | ૩૪૮ | | |
| | | ૧૨/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૮૫૮ | ૮૫૮ | |
| ૩૧ | મલીક સિધ્ધી એમ. | ૮/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૨૮ | ૨૨ | ૬ | ૫૮ | ૩૪૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૮ | ૨ | ૫૮ | ૧૧૬ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | | | | | | ૯૬૮ | ૯૬૮ | |
| ૩૨ | ચૌહાણ શ્રુતિ ડી. | ૮/૦૪ | ૩૧ | ૩૦ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૦/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૧૨ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | | | | | | ૨૮૪ | ૨૮૪ | |
| ૩૩ | પટેલ મીતા એ. | ૮/૦૪ | ૩૧ | ૨૮ | ૩ | ૫૬ | ૧૬૮ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૯ | ૧ | ૫૮ | ૫૮ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૮ | ૨૬૨ | | |
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૯ | ૨ | ૫૬ | ૧૬૨ | | |
| | | | | | | | ૫૭૦ | ૫૭૦ | |
| ૩૪ | પટેલ નીકીતા જે. | ૮/૦૪ | ૩૧ | ૨૫ | ૬ | ૫૬ | ૩૩૬ | | |
| | | ૯/૦૪ | ૩૦ | ૨૬ | ૪ | ૫૮ | ૨૩૨ | | |
| | | ૧૧/૦૪ | ૨૯ | ૨૨ | ૭ | ૫૬ | ૩૯૨ | | |
| | | ૧૨/૦૪ | ૨૯ | ૨૮ | ૧ | ૫૬ | ૫૬ | | |
| | | | | | | | ૧૦૧૬ | ૧૦૧૬ | |
| ૩૫ | [illegible] મીશા [illegible] | ૯/૦૪ | ૩૦ | ૨૭ | ૩ | ૫૮ | ૧૭૪ | | |
| | | ૧૧/૦૪ | ૩૦ | ૨૧ | ૯ | ૫૮ | ૫૨૨ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૨/૦૪ | ૩૧ | ૨૭ | ૪ | ૫૬ | ૨૨૪ | | |
| | | | | | | | ૯૨૦ | ૯૨૦ | |
| ૩૬ | મિતલીયા જીગ્નેશ આર. | ૧૦/૦૪ | ૩૧ | ૨૪ | ૭ | ૫૬ | ૩૯૨ | | |
| | | | | | | | ૩૯૨ | ૩૯૨ | |
| કુલ | | | | | | | | ૨૦૦૩૬ | |

## ફકરા નંબર-૨૩

ડો.બી.પી.અગ્રવાલ (પ્રો) ફીજીકસ ને એલ.ટી.સી.ના ચુકવણા ની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકડ ની ચકાસણી કરતા વા.નં.૪૧૪૫ તા-૨૬/૧૧/૦૪ થી ફીજીકસ વિભાગના પ્રોફેસરશ્રી બી.પી.અગ્રવાલને સને ૨૦૦૪-૦૭ ના બ્લોકનું લીવ ટ્રાવેલ્સ કન્સેશન તેમની ફેમીલી મેમ્બર માં પત્નિ પુત્ર અને પુત્રી મળી -૪ (ચાર) ટીકીટ અમદાવાદ થી ત્રિવેન્દ્રમપુરમ-કન્યાકુમારી-રામેશ્વર-કોડાઈકેનાલ-મદુરાઈ-તિરૂપતિ- બેગ્લોર-મૈસુર અને પરત અમદાવાદનું મંજુર કરી રૂ..૬૮,૮૬૯.૦૦ ની ચુકવણી કરેલ છે. શ્રી અગ્રવાલે તેમની લીવ ટ્રાવેલ્સ કન્સેશન ના પ્રવાસની મુસાફરી નીચે મુજબ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | અમદાવાદથી ત્રિવેન્દ્રમ(વાયા-મુંબઈ) | વિમાન મારફતે (જતાં) |
| ૨ | બેંગલોર થી અમદાવાદ | વિમાન મારફતે (પરત) |
| ૩ | ત્રિવેન્દ્રમ થી કન્યાકુમારી | બસ મારફતે |
| ૪ | કન્યાકુમારી થી રામેશ્વર અને કોડાઈકેનાલ | મીની લકઝરી બસ મારફતે બાલાજી ટ્રાવેલ્સ પહોંચ નં.૩૫૫ તા-૨૩/૧૦/૦૪ |
| ૫ | મદુરાઈથી તિરૂપતિ | મીની લકઝરી બસ, રાધાકૃષ્ણ ટુર એન્ડ ટ્રાવેલ્સ.પહોંચ ન-૧૨૩ તા-૨૫/૧૦/૦૪ |
| ૬ | તિરૂપતિ થી બેંગલોર | સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ બસ |
| ૭ | બેંગલોર થી મૈસુર અને પરત બેંગલોર | લકઝરી બસ મારફત ઉન્નતિ ટુર એન્ડ ટ્રાવેલ્સ પહોંચ નં.૩૦૫, તા-૨૮/૧૦/૦૪ |

આમ આ બિલમાં જણાવેલ ઉકત મુસાફરી ની વિગત જોતા ઓડીટ નીચે મુજબ ઓડીટ નોંધ આપે છે.

(૧) અમદાવાદથી ત્રિવેન્દ્રમ અને બેગ્લોરથી અમદાવાદની એર ટીકીટમાં દર્શાવેલ સર્વીસ ચાર્જ રૂ..૩૧૬/- મળવાંપાત્ર નથી તો આ રકમ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૨) શ્રી અગ્રવાલે કરેલ કન્યાકુમારી થી રામેશ્વર અને કોડાઈ કેનાલની મીની લકઝરીની ૧૧૦૦ કિ.મી.ની મુસાફરી જે બાલાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ધ્વારા દર કિ.મી.રૂ..૪.૦૦ ના દરે ૭૦૦ કિ.મી. ની મુસાફરીનો ખર્ચ ૨૮૦૦.૦૦ બાલાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની પહોંચ નં.૩૫૫ તા-૨૩/૧૦/૦૪ થી ચુકવેલ છે જે મળવાપાત્ર ન હોઈ વસુલાત કરી સરકારશ્રી માં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૩) શ્રી અગ્રવાલે કરેલ મદુરાઈથી તિરૂપતિની લકઝરી બસ ધ્વારા ૫૧૦ કિ.મી. ની મુસાફરીના કિ.મી.૪/- પ્રમાણે ૩૪૦ કિ.મી.ના રૂ..૧૩૬૦/- ચુકવેલ છે. (રાધાક્રિષ્ના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની પહોંચ નં.૧૨૩ તા-૨૫/૧૦/૦૪) આ મુસાફર લકઝરી બસ માં કરેલ હોઈ મળવાપાત્ર નથી તો આ રૂ.. ૧૩૬૦/- વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૪) શ્રી અગ્રવાલે બેંગલોર થી મૈસુર અને બેગલોરથી લકઝરી બસ ધ્વારા કરેલ ૩૫૦ કિ.મી.ની મુસાફરીનો ખર્ચ કિ.મી. ના ૪/- પ્રમાણે ૨૮૦ કિ.મી. ના રૂ..૧૧૨૦/- ચુકવેલ જે મળવાપાત્ર નથી તો આ રકમ શ્રી અગ્રવાલ પાસેથી વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

આમ શ્રી અગ્રવાલ પાસે કુલ મળી રૂ.૩૬૮૦૦/- ની વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૫૭, તા-૬/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી. જેથી અ ફકરામાં દર્શાવેલ રૂ.૩૬૮૦૦/- ની વસુલાત કરવાની રહે છે.

**વસુલાત રૂ.૩૬૮૦૦/-**

## ફકરા નંબર-૨૪

મુસાફરી ભથ્થાના બીલમાં ચુકવેલ ટેક્ષીભાડાના બીલની રકમની વસુલાત બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.નં.૧૩૮૪૧ તા-૭/૧/૦૫ ડો.આર.ડી.મુળીયાએ શિક્ષણશાસ્ત્ર વિભાગ (મનોવિજ્ઞાન ભવન) તા-૨૬/૧૨/૦૪ થી તા-૨૮/૧૨/૦૪ સુધી એમ.એડ.ની માન્યત અંગે એનસીટીઈ, ડબલ્યુઆરસી-ભોપાલની મુલાકા માટે ખાનગી મોટરકાર નં.જી.જે.૧-એએચ-૮૦૧૩ માં મુસાફરી કરેલ છે મુસાફરીના કરેલ કુલ ૧૪૧૭ કિ.મી. ના પ્રતિ કિ.મી. રૂ..૫/- લેખે કુલ રૂ..૭૦૮૫/- આકારેલ ભાડાની ચુકવણી કરવામાં આવેલ છે. સરકારશ્રીના નિયમો મુજબ વધારે ચુકવેલ કરેલ હોઈ, નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ ના નિયમ ૫ર તેમજ નિયમ - ૫૪ની જોગવાઈ અન્વયે ભાડાના વાહનનો ઉપયોગ કરતા પ્રથમ અથવા ધ્વીતીય કક્ષાના સરકારી કર્મચારીઓ / અધિકારીઓએ મોટરકાર / જીપ (પેટ્રોલ) મારફતે મુસાફરી કરેલ હોય તો કિ.મી.દીઠ રૂ..૪/- મુજબ માઈલેજ ભથ્થું અને ડીઝલ ગાડીનો ઉપયોગ કરેલ હોય તો કિ.મી.દીઠ રૂ..૨/- મુજબ માઈલેજ ભથ્થું રેલ્વેના જે વર્ગ માટે મુસાફરીને પાત્ર હોય તે દરની મર્યાદામાં મળવાપાત્ર રહે છે. શ્રી મુળીયાએ પેટ્રોલ કે ડિઝલ ગાડીનો ઉપયોગ કરેલ છે તેની વિગત બીલમાં દર્શાવેલ નથી ડો.શ્રી મુળીયાએ મુસાફરી માટે ડીઝલ ગાડીનો ઉપયોગ કરેલ છે તેમ ગણી પ્રતિ કિ.મી. રૂ..૩/- મુજબ ૪૨૫૧/- ની વસુલાત કરવાની થાય. આમ શ્રી મુળીયા પાસેથી રૂ..૪૨૫૧/- ની વસુલાત કરી ઓડીટ કચેરીને જાણ કરવાની રહેશે.

(૨) શ્રી ડો.મુળીયાએ અમદાવાદથી ભોપાલ સરકારશ્રીની મંજુર વિના રાજય બહારની મુસાફરી કરેલ છે. રાજય બહારની કરેલ મુસાફરી માટે સરકારશ્રીની મંજુરી મેળવી ઓડીટ કચેરીને જાણ કરવાની રહેશે. ઓડીટ કચેરીને જાણ કરવામાં ન આવે ત્યાંસુધી બીલની રકમ રૂ..૭૦૮૫/-વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(3) શ્રી ડો.મુળીયાએ રજુ કરેલ રૂ..૭૦૮૫/- ના ગાયત્રી ટ્રાવેલ્સના બીલમાં બીલ નંબર કે તારીખ દર્શાવેલ ન હોઈ, બીલ તરીકે ગણી શકાય નહીં ગાયત્રી ટ્રાવેલ્સનું વાહન પેટ્રોલ કે ડિઝલનુ છે તેની વિગત સાથેનું બીલ રજુ ન કરવામાં આવે ત્યાંસુધી વાહનના બીલની રકમા રૂ..૭૦૮૫/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૭૭. તા-૯/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી આમ આ કિસ્સામાં રૂ..૪.૨૫૧/- ની વસુલાત ન થાય ત્યાંસુધી આ કામે થયેલ ખર્ચ રૂ..૭૦૮૫/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાત રૂ..૪૨૫૧/-

વાંધા હેઠળ રૂ..૭૦૮૫/-

**ફકરા નંબર-૨૫**

યુથ કલ્યાણ વિભાગના ઉત્સવ ખર્ચ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા એ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૪૦૦૧૦૦૦ સદર હેઠળ યુથ કલ્યાણ વિભાગે યુવક ઉત્સવ ખર્ચ અંગે નીચેની વિગતે ખર્ચ કરેલ છે.

| ક્રમ | વા. નં. | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૫૫૫૬ | ૯/૨/૦૫ | ૭૫૦૦૦ |
| ૨ | ૬૨૦૩ | ૪/૩/૦૫ | ૭૫૦૦૦ |
| ૩ | ૬૨૨૧ | ૫/૩/૦૫ | ૭૫૦૦૦ |
| ૪ | ૬૬૬૬ | ૩૦/૩/૦૫ | ૧૦૦૦૦૦ |
| | | કુલ | ૩૨૫૦૦૦ |

ઉકત વાઉચરોની ચકાસણી કરતા આ વાઉચર સાથે જે જે કોલેજે આ ઉત્સવ ઉજવેલ છે તે ઉત્સવ માં થયેલ ખર્ચના વાઉચરો બીલો સાથે સામેલ નથી તો આ ખર્ચના ઓડીટ માટે ઉકત રકમનો ખર્ચ જે સંસ્થાએ કરેલ હોય તે સંસ્થા પાસેથી તમામ રેકર્ડ મેળવી ઉત્સવ ને લગતી સુચનાઓ ઠરાવો-પરીણામો અને મંજુરીનુ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૪૯, તા-૧૬/૯/૦૯ નો જવાબ સંસ્થાએ કરેલ છે પરંતુ રેકર્ડ જે તે કોલેજ પાસેથી મેળવીને રજુ કરેલ નથી જેથી ખર્ચની ચકાસણી થઈ શકેલ નથી જેથી આગામી ઓડીટે રજુ કરતા સુધી આ ખર્ચ રૂ..૩.૨૫.૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૩,૨૫,૦૦૦/-**

**ફકરા નંબર-૨૬**

પહોંચ રદ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન અત્રે ઈસ્યુ કરવામાં આવતી પહોંચ બુકોમાં જ્યારે વિદ્યાર્થી બારીએથી પૈસા ભરે છે અથવા ભરવા આવે છે ત્યારે નામ સરનામું તથા ફીની રકમ પણ લખી દેવામાં આવે છે તેમજ તે પહોંચ કાઉન્ટર ફાઈલથી અલગ પણ કરી દેવામાં આવે છે ત્યારપછી તે પહોંચ રદ કરેલ હોય છે તે રદ કરવા પાછળનું કારણ દર્શાવવામાં આવતુ નથી રદ કર્યાની વિગત લખી તેમાં શાખાધિકારી અથવા જવાબદાર અધિકારીશ્રી સહીઓ લેવામાં આવતી નથી ત્યારે કારણ દર્શાવવુ અનિવાર્ય જણાય છે. જો તેમ થતું રોકવામાં ન આવે અથવા આવી પ્રથાનો અમલ ચાલુ રહે તો ભવિષ્યમાં ઉચાપત થવા સંભવ છે જેથી આ પ્રથાનો અમલ કરી ઓડીટને જાણ કરવી ઘટે તેમજ આવી પ્રથાનો અમલ ચુસ્ત પણે કરવા ઓડીટનું સુચન છે. રદ કરેલી પહોંચો પરત મેળવી કાઉન્ટર ફાઇલ સાથે રાખવી જોઇએ જો તેમ ન થાયતો રદ કરેલ પહોંચોની રકમોની ઉચાપત થવાનો સંભવ છે. આ પ્રમાણેની કાર્યવાહી અનુસરીને ખાત્રી કરાવવી.
નમુનારૂપ કિસ્સાઓ આપેલ છે.

(૧) વી.એમ.-બુક નંબર-૩૦૪૦૧ થી ૩૦૫૦૦ માં પહોંચ નંબરમાં રસીદ નંબર ૦૩૦૪૧૪ રૂ.૧૫/- તા-૨૨/૩/૦૫ ના રોજ રદ કરેલ છે તે પહોંચ છોડવીયા અરવીંદ વિઠ્ઠલભાઈનામની રસીદ રદ કરેલ છે.

(૨) વી.એમ.-બુક નંબર-૨૨૦૦૧ થી ૨૨૧૦૦ માં રસીદ નંબર-૨૨૦૬૪ ઠક્કર અર્પીતાકુમાર ભાનુભાઈ ના નામની રસીદ બતાવેલ હતી તેમ રૂ.૧૫/-ની રસીદ બનાવીને રદ કરેલ જણાઈ આવેલ હતી.

(૩) એફવાય.એસયુ-ટીયુ- બુક નંબર-૭૧૦૧ થી ૭૨૦૦ માં રસીદ નંબર ૭૧૧૯ તે રૂ.૪૦૦/- ની તા-૯/૧૧/૦૪ ના રોજ બનાવેલ તે રદ કરવામાં આવેલ હતી તેમા પણ નામ. કે.એચ.શાહ લખેલ હતુ તેની વિગત જોતાં તેમાં સંપૂર્ણ વિગત હોવા છતાં રદ કરેલ હતી.

(૪) એસટી/પી -બુક નંબર-૯૦૧ થી ૯૯૯ માં રસીદ નંબર-૯૩૨ તા-૬/૮/૦૪ ના રોજ રૂ.૧૩૦૦/- ની બતાવેલ હતી તેમાં ચાવડા બી. આર. ના નામની રસીદ બતાવેલ છે તે રસીદ જોતા પણ વિગતો સંપૂર્ણ આવી જાય છે છતાં પણ રદ કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતાં આવી રસીદો રદ કરવામાં આવે છે તે નમુના રૂપ કિસ્સા આપેલ છે જેથી શકય હોય ત્યાં સુધી પહોંચો રદ ન કરવી પડે તેની કાળજી રાખવા કાઉન્ટર કલાર્કને સુચના કરવા ઓડીટનું સુચન છે.

પ.તા.નં.૧૪૬ તા-૬/૧/૧૦ નો જવાબ સંસ્થાએ કરેલ નથી ફકરામાં દર્શાવેલ પહોંચો રદ કરવા બાબતે આધારીત પુર્તતા આગામી ઓડીટને કરાવવા વિનંતી છે.

## ફકરા નંબર-૨૭

એકેડમીક કોલેજના ડેડસ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનીયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના તાબાની એકેડમીક કોલેજની મુલાકાત દરમ્યાન આ કોલેજના ડેડ સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતા નીચે જણાયેલ વિગતોની આઈટમો ઘણાંજ લાંબા સમયથી ખરીદ કરીને ડેડસ્ટોક રજીસ્ટર ઉપર ચડાવેલ છે અને તેની સામે નાશ ફાટી જવામાં અને ખરાબ થઈ જવાની નોંધ કરેલ છે.

| ક્રમ | આઈટમ નામ | સંખ્યા | ક્યારે ખરીદેલ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | બેડશીટ | 30 | ૧૨/૧૦/૮૮ | ૧૧૧૬ |
| ૨ | ઓશીકા | 30 | ૨૯/૩/૯૧ | ૪૬૫ |
| ૩ | ઓશીકાકવર | 30 | ૨૯/૩/૯૧ | ૪૮૦ |
| ૪ | કોટન બ્લેન્કેટ | 30 | ૧૩/૧૦/૮૮ | ૧૦૪૪ |
| ૫ | ચાદરો | ૧૨ | ૯/૩/૯૩ | ૭૪૬૧.૬૦ |

આમ ઉકત આઈટમો લાંબા સમય ખરીદ કરીને ડેડ સટોક રજીસ્ટરમાં ચડાવેલ છે તો આ આઈટમોની ભૌતીક ચકાસણી કરી હાથવગી હોવાની ખાત્રી કરી અને હાથવગી ન હોય તો ધોરણસર ની તજવીને સક્ષમ અધિકારીના આ આઈટમોના નિકાલની કાર્યવાહી કરી તેની નોંધ ડેડ સ્ટોક રજીસ્ટરે કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૦૦, તા-૧/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નંબર-૨૮

પેટીકેશના વાઉચરમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ પેટીકેશના વાઉચરોની ચકાસણી કરતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) વા.નં.૩૬૫૩ તા-૨૯/૧૦/૦૪ રૂ..૧૬૦૦.૦૦ વયમર્યાદા ને કારણે નિવૃત્ત થયેલ કર્મચારીઓનું સન્માન કરવા માટે રૂ..૨૦૦.૦૦ લેખે ૮ શાલ કુલ રૂ..૧૬૦૦.૦૦ માં ગુજરાત યુનિવર્સીટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.ઓ.સ્ટોર્સ લી. માંથી ખરીદ કરેલ છે નિવૃત્ત કર્મચારીઓનું સન્માન કરવા માટે શાલની ખરીદી અંગેનો ખર્ચ સરકારશ્રીની કયા નિયમની જોગવાઈ અન્વયે કરેલ છે તેની આધાર સહ ઓડીટને ખાત્રી કરાવવાની રહેશે. ઓડીટને આધારસહ ખાત્રી કરાવવામાં ન આવે ત્યાંસુધી રૂ..૧૬૦૦.૦૦ ની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૨) ગુજરાત યુનિવર્સીટી સંચાલિત હાજીપુરા ગાર્ડન વાંચન કેન્દ્ર ખાતે તા-૧/૧૦/૦૪ થી ૩૧/૧૦/૦૪ સુધી ફરજ બજાવના કર્મચારી શાહ નરેશ હરીકૃષ્ણદાસ ને મહેનતાણાના રૂ..૧૭૫૦.૦૦ વા.નં.૩૭૨૧ તથા-૨/૧૧/૦૪ થી ચુકવેલ છે અને તા-૧/૧૦/૦૪ થી તા-૩૧/૧૦/૦૪ સુધી સફાઈ કરનાર કામદારશ્રી નરેશ બાબુભાઈ વાઘેલાંને રૂ..૧૫૦.૦૦ વા.નં.૩૭૨૨ તા-૨/૧૧/૦૪ થી ચુકવેલ છે. આ બન્ને વાઉચરોમાં સહી જોતાં એકજ કર્મચારીની સહી હોય તેમ લાગે છે, પરંતુ વાઉચરમાં નામ અલગ અલગ દર્શાવેલ છે. આમ, એકજ વ્યકિતને અલગ અલગ નામે અલગ અલગ કામગીરીના બીલોની ચુકવણી કરવા બાબતે આધારસહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૪૬. તા-૫/૧/૧૦ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ ફકરાનો વિગતે જવાબ કરી રેકર્ડ આધારીત પુર્તતા આગામી ઓડીટે કરવા વિનંતી છે.

વાંધા હેઠળ રૂ..૧૬૦૦

## ફકરા નંબર-૨૯

ગુજરાત યુનિવર્સીટી કન્ઝયુમર કો.ઓ.સ્ટોર્સના શેરોમાં રોકાણ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ હિસાબો અને વાર્ષીક હિસાબોની ચકાસણી કરતા મિલકત અને લેણા બાજુએ યુનિવર્સીટીએ જનરલ ફંડ ખાતે કુલ રૂ..૨૦,૦૦૦/- નું રોકાણ સેન્ટ્રલ કન્ઝયુમર કો.ઓ.સ્ટોર્સ ના શેરોમાં તા-૧/૪/૯૯ થી કરેલ હતું જે ખાતાવહીના સદર ૯૧૦૨૦૦૦ માં રૂ..૨૦,૦૦૦/- સ્પષ્ટ દર્શાવેલ છે જે બાબતે નીચે જણાવેલ વિગતે આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૧) કન્ઝયુમર કો.ઓ.સ્ટોરમાં ૧૯૯૯ થી રોકાણ કરેલ જે સામે સ્ટોર્સ ધ્વારા પ્રતિ વર્ષ જાહેર થયેલ ડીવીડન્ડ મુજબ યુનિવર્સીટી ના પોતાના રોકાણ પર મળેલ ડીવીડન્ડ ની આવક હિસાબ પેટે જમા લીધેલ છે કે કેમ ? તેની ખાત્રી કરાવવી ઘટે. કેટલીક વખત આવા નફાની રકમ કર્મચારી અને રોકાણ સામે કેટલીક ચીજ વસ્તુઓ નફાના સ્વરૂપે વહેચવામાં આવે તો આવી ચીજ વસ્તુઓ યુનિવર્સીટીએ પોતાના હિસાબમાં જમા લીધેલ હોવાની આધારીત ખાત્રી ઓડીટને કરાવવી ઘટે.

(૨) કન્ઝયુમર સ્ટોર્સ ધ્વારા રૂ..૨૦.૦૦૦/- ના શેરોના રોકાણ પેટે જે શેર સર્ટીફીકેટ આપવામાં આવેલ હોય. તેની ભૌતિક ચકાસણી સારૂ આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

(3) આ પ્રકારના રોકાણ બાબતે જે તે વખતે સક્ષમ અધિકારીશ્રી ની મંજુરી મેળવવામાં આવેલ હતી કે કેમ ? અને આવા રોકાણો ચાલુ ઓડીટ વર્ષ દરમ્યાન ચાલુ રાખવા માટે અનુમતિ મેળવવામાં આવેલ છે કે કેમ ? તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે. વળી આવુ રોકાણ યુનિવર્સીટી અધિનિયમની કઈ જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) આ પ્રકારના રોકાણો માટે સક્ષમ અધિકારીશ્રી ની મંજુરી મેળવેલ ન હોય તો આ રોકાણના જોખમી પાસા માટે કયા પ્રકારના પગલા લેવા ધારેલ છે તેમજ આવા જોખમી પાસાવાળી રકમ સત્વરે પરત મેળવી અન્ય જગ્યાએ રોકવી જોઈએ. અન્યથા જનરલ ફંડ ખાતે પરત મેળવી લેવી જોઈએ તેવુ ઓડીટનું સુચન છે.

પ્રા.વા.નં.૧૩. તા-3/૯/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી આ બાબતનો ફકરો દર વખતે અન્વેષણમાં લેવામાં આવે છે પરંતુ સંસ્થાએ કન્ઝયુમર સોસાયટીમાં કરેલ રોકાણ પાછું ખેંચી લેવામાં આવતુ નથી, આ બાબત યોગ્ય નથી.

## ફકરા નંબર-30

સ્ટેશનરીની ખરીદી અને વપરાશ અને સ્ટોક બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાએ ઓડીટ વર્ષ દરમ્યાન રૂ..૬.૦૩.૨૩૩.૭૦ નો ખર્ચ હિસાબી સદર ૩૭૦૨૦૦૦ હેઠળ સ્ટેશનરી ખરીદી માટે કરવામાં આવેલ ધોરણસરની કાર્યવાહીની ફાઈલ ખરીદીના બીલો ખરીદીની ચીજ વસ્તુઓ સ્ટોક રજીસ્ટરે જમા લીધાનો હિસાબ, વપરાશ/ઈસ્યુનું રેકર્ડ તથા આખરી સ્ટોક ના રજીસ્ટરો ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે જેથી ખર્ચની ખરીદ પધ્ધતિ અને થયેલ ખર્ચના વ્યાજબીપણાની ખાત્રી થઈ શકે.

પા.વા. નં.૫૪, તા-૧૭/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ કોઈજ રેકર્ડ રજુ કરેલ ન હોઈ આ ફકરો ચાલુ રાખવામા આવે છે અને કરેલ ખર્ચ રૂ..૬.૦૩.૨૩૩/૭૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૬,૦૩,૨૩૩/૭૦**

**ફકરા નંબર-૩૧**

હિસાબી પ્રકાશન વિભાગમાં જુદી જુદી પ્રકારના ફોર્મ્સ છપામણી કરવા બાબત.

---

૧. **હિસાબી પ્રકાશનના ફોમર્સ બાબત.**

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન હિસાબી પ્રકાશન મારફતે વિવિધ પ્રકારના અગાઉના વર્ષોના ફોર્મ્સ છપામણી કરવામાં આવેલ તેવાં ફોર્મ્સ કે જેની જરૂરીયાત કરતા વધારે છપાવેલ ત્યાર પછી ફોર્મ્સનો જથ્થો પડી રહેતા અથવા નમુનો બદલાતા વપરાશમાં લઈ શકાય તેમ ન હોઈ એવી નોંધ મારી તે જથ્થાને નાશ કરવામાં આવેલ છે જેથી તે ફોર્મ્સ નાશ કરવા પાત્ર થાય તેવા ફોર્મ્સ નાશ કરવાની મંજુરી મેળવ્યા પછી થી જ નાશ કરવાની કાર્યવાહી કરવી નોંધ ઉપર કેટલો જથ્થો નાશ કરવામાં આવેલ તેની પણ વિગત ન હતી. તો કુલ કેટલી જરૂરીયાત હતી ? કેટલો જથ્થો છપાવેલ હતો અને કેટલો જથ્થો, નિરર્થક પડી રહેલ હતો તેની વિગતો સાથે નાશ કરવાપાત્ર જથ્થાની ખાત્રી કરાવવી તેમજ વધુ છપાવેલ જથ્થા બાબતે સ્પષ્ટતા સાથે જવાબદારી નકકી કરી તેની જરૂરી પગલા લઇ ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં જે ફોર્મ્સનો જથ્થો છપાવવામાં આવે છે તે અંદાજીત હોય છે પરંતુ જે અંદાજ કરતા ત્રણ ઘણો જથ્થો છપામણી કરેલ ત્યારપછી રદ કરવાની જરૂર પડે છે તેમ ન કરતા જરૂરીયાત મુજબ જથ્થાના પ્રમાણમાં છપામણી કરવી હિતાવહ છે જેથી જરૂર હોય તેના કરતા વધારે છપામણી કરવાથી ખર્ચનો વ્યય થાય નહીં અને બિનજરૂરી જથ્થો નાશ કરવાનો પ્રશ્ન ઉદભવે નહીં તેમજ આગળના વર્ષને ધ્યાને રાખીને ફોર્મ્સ છપામણી કરવા (કરાવવા) ઓડીટનું સુચન છે.

૨. **હિસાબી પ્રકાશનના પુસ્તકો બાબત.**

હિસાબી પ્રકાશનમાં પુસ્તકોનો જે હિસાબ રાખવામાં આવે છે તે જોતાં નીચે જણાવેલ નમુના રૂપ કિસ્સામાં તે પુસ્તકો ઈસ્યુ કરેલ પરંતુ તેવા પુસ્તકો પરત આપવાની નોંધ કયાંય જણાયેલ નથી તો ઈસ્યુ કરેલા પુસ્તકો કયારે કોને આપ્યા અને તે પાર્ટીએ ખોઈ નાખ્યા હોય તો તેની કિંમત નો આધાર ઓડીટ સમક્ષ રજુ કરી વસુલાતની રકમની વસુલાત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

**નમુનારૂપ કિસ્સાઓ નીચે મુજબ છે.**

---

અ. આધુનિક મનોવિજ્ઞાન-

| ક્રમ નં. | તારીખ | જથ્થો | ઈસ્યુ | સ્ટોક |
|---|---|---|---|---|
| ૧ | ૨૧/૮/૦૪ | ૪૭૨ | ૧ | ૪૭૧ -પરત |

મળ્યાની નોંધ કરેલ નથી.

બ. ઓગણીસમી સદીના આધ્યવાહી ચિંતકો-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૬/૧૨/૦૪ | ૮૬૬ | ૨ | ૮૬૪ | !! |

ક. બાળ મનોવિજ્ઞાન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૩/૮/૦૪ | ૬૨૦ | ૧ | ૬૧૯ | !! |

આમ ઉપરોકત નમુનારૂપ કિસ્સાઓ આપેલ છે જેથી આવા પુસ્તકો જમા લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે અથવા તો પરત મેળવી શકાય તેમ હોય તો તેની કિંમત વસુલ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

**પ્રા.વા.નં.૧૩૧, તા-૩૧/૧૨/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.**

## ફકરા નંબર-૩૨

યુનિ.હસ્તકની બોઈઝ અને કન્યા છાત્રાલયના મેશના ભાડા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન યુનિવર્સીટી હસ્તકની બોઈઝ અને ગર્લ્સ હોસ્ટેલની મુલાકાત દરમ્યાન બન્ને હોસ્ટેલ ના રેકર્ડની ચકાસણી કરતા બોઈઝ હોસ્ટેલના વિદ્યાર્થીઓ ને જમવા માટે હોસ્ટેલ ખાતે હોસ્ટેલના મેસમાં ખાનગી કોન્ટ્રાકટ ધ્વારા રસોઈ બનાવી હોસ્ટેલના વિદ્યાર્થીઓને જમાડવામાં આવે છે.

(૧) આ ઉપરાંત આપની સંસ્થા હસ્તકની ગર્લ્સ હોસ્ટેલમાં પણ ગર્લ્સ વિદ્યાર્થીઓને જમવા માટે ખાનગી કોન્ટ્રાકટ ધ્વારા જમવાનું પુરૂ પાડવામાં આવે છે અને આ ખાનગી કોન્ટ્રાકટર ગર્લ્સ હોસ્ટેલની મેશના મકાન વપરાશ કરે છે જ્યારે આ મેશના ભાડા વિશે ગર્લ્સ હોસ્ટેલ રેકર્ડની ચકાસણી કરતા ભાડા જમા કરાવવા બાબતે કોઇ રેકર્ડ રજુ કરેલ નથી. તો આ ગર્લ્સ હોસ્ટેલની મેશના મકાનનું ભાડુ રસોઈ બનાવનાર કોન્ટ્રાકટર જમા કરાવે છે કે કેમ ? તે બાબતેની ચકાસણી સાધનીક રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ છે.

આમ, ઉપરોકત બન્ને હોસ્ટેલોના મેસના મકાન ને ખાનગી કોન્ટ્રાકટરો સાથે થયેલ ભાડા કરારનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ થયેલ ન હોઇ જેથી થયેલ ભાડા કરારની વ્યાંજબી પણાની ખાત્રી થઈ શકેલ નથી.

(૨) આ સંસ્થા હસ્તકની બન્ને હોસ્ટેલના મેશના મકાનનો ૨૦૦૪-૦૫ માં ભરવામાં આવેલ મીલકતવેરો અનુક્રમે રૂ.[illegible] અને રૂ..૬૮૯૮/- મળી કુલ ૧૩.૯૯૫.૦૦ યુનિવર્સીટીએ તેમના ભવન તથા રહેણાંક ના મકાન તથા ભવાનોના મિલકત વેરાની ભરેલ રકમ રૂ..૧૫,૭૬,૩૯૮ ના મિલકત વેરાના બીલમાં સમાવેશ થયેલ છે તો આ બન્ને હોસ્ટેલોની મેશ ખાનગી ઈજારદારને ભાડે આપવા બાબતે થયેલ કરારમાં મીલકતવેરો કોને ભરવાની શરત છે તેની ખાત્રી કરાવવામાં ન આવે ત્યાંસુધી આ મિલકતવેરા (મેશ) ની રકમ રૂ. ૧૩,૯૯૫ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(3) આ બન્ને હોસ્ટેલના બન્ને મેશના લાઈટ બીલ પણ કોના ધ્વારા ભરવામાં આવે છે તેનો આધારીત સ્પષ્ટતા કરવી તથા કરારમાં જે તે મીલકતમાં વપરાશમાં લેવાની આવતી વીજળી ના બીલનો ખર્ચ કોને ભરવાનો છે તે બાબતે થયેલ કરાર ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવતા રજુ થયેલ નથી.

પ્રા.વા.નં.૯૬, તા-૨૫/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે, મેશના કોન્ટ્રાકટરને લાઈટ ન ભરવાની કુલપતિશ્રીની મૌખીક સુચનાથી મેશ ભાડે આપેલ જે જવાબ યોગ્ય નથી આવો મૌખીક સુચનાનો અમલ કરાય નહીં, આ બાબતે કુલપતિશ્રી ના સ્પષ્ટ હુકમો મેળવી ઓડીટ ને આધારીત ખાત્રી ન કરાવવામાં આવે ત્યાંસુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.. ૧૩૯૯૫.૦૦

**ફકરા નંબર-33**

યુનિવર્સીટી ના મિલકતોના ભાડાની વસુલાત બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડ તથા સંસ્થાની તાબાની એસ્ટેટ શાખાએ રજુ કરેલ યુનિવર્સીટીના મિલકતો જે ભાડાથી આપેલ છે તે રેકર્ડની ચકાસણી કરતા ઓડીટ નીચે મુજબની ઓડીટ નોંધ આપે છે.

(૧) આ સંસ્થાના એસ્ટેટ શાખા હસ્તકની શોપીંગ સેન્ટરની દુકાન નં.૨ જે ગોરધનભાઈ જીવાભા ધોબી ને ભાડા પધ્ધતિથી આપેલ છે તેનુ ભાડું ઓડીટ વર્ષમાં રૂ..૧૫૮/- માસિક દરે અગાઉ નકકી કરવામાં આવેલ તે પ્રમાણે વસુલાત થતી હતી પરંતુ સંસ્થાએ તેમના તા-૩૧/૭/૦૭ ના પત્ર નં.એસ્ટેટ/દુકાન-૨/૩૧/૭/૨૦૦૭ થી દુકાન નં.૨ નું ભાડું તા-૧/૧/૦૬ થી રૂ..૧૨૦૦/- લેખે નકકી કરેલ છે જયારે આજ શોપીંગ સેન્ટરની દુકાન નં.૧ પી.આઈ.એલ.ઘંટી ૮/૦. મીશ્રીલાલ ની દુકાનનું તા-૧/૧/૦૪ થી ૩૧/૧૨/૦૪ સુધી રૂ..૧૦૦૦/- અને તા-૧/૧/૦૫ થી રૂ..૧૨૦૦/- લેખે નકકી કરેલ છે. આમ આ શોપીંગ સેન્ટરની બન્ને દુકાનો એક સરખી હોવા છતાં આ બન્ને દુકાનો ના અલગ ભાડા નકકી થવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

આમ દુકાન નં.૧ એ ઉપર દર્શાવ્યા મુજબ તા-૧/૧/૦૪ થી ૩૧/૧૨/૦૪ સુધી રૂ..૧૦૦૦/- અને તા-૧/૧/૦૫ થી રૂ..૧૨૦૦૦/- લેખે ભાડું ભરેલ છે. જયારે દુકાન નં.૨ ના ભાડુંઆત ને તા-૧/૧/૦૪ થી ૩૧/૧૨/૦૪ સુધી રૂ..૧૦૦૦/- લેખે રૂ.૧૨૦૦૦/- અને તા-૧/૧/૦૫ થી રૂ..૧૨૦૦/- લેખે ઓડીટ વર્ષના તા-૧/૧/૦૫ તી ૩૧/૩/૦૫ સુધી રૂ..૩૬૦૦/- મળી કુલ રૂ..૧૫,૬૦૦/- વસુલાત કરવાપાત્ર થાય જયારે શ્રી ધોબી એ તા-૧/૧/૦૪ થી ૩૧/૩/૦૫ સુધી રૂ..૨૩૭૦/- (રૂ..૧૫૮/- લેખે) પહોંચ નં.૧૪૮ તા-૪/૬/૦૫ થી ભરેલ છે જયારે બીજી પહોંચ નં.૧૮૬૩ તા-૨૪/૪/૦૬ થી રૂ..૯૬૩૦/- તા-૧/૧/૦૫ થી તા-૩૧/૧૨/૦૫ સુધીના રૂ..૮૦૨.૫૦ લેખે ભરેલ છે એટલેકે તા-૧/૨/૦૪ થી તા-૩૧/૧૨/૦૫ સુધી રૂ..૨૩૭૦ વત્તા ૯૬૩૦/- મળી કુલ રૂ..૧૨૦૦૦/- ભરેલ છે. જયારે આજ મુદત માટે તા-૧/૧/૦૪ થી ૩૧/૧૨/૦૪ સુધી રૂ..૧૨૦૦૦/- વત્તા તા-૧/૧/૦૫ થી ૩૧/૧૨/૦૫ સુધી રૂ..૧૪૪૦૦/- મળી કુલ રૂ.. ૨૬,૪૦૦/- વસુલ કરવાપાત્ર થાય તો બાકી રહેલ રકમ રૂ..૧૪,૪૦૦/- વસુલ મેળવી હિસાબમાં જમા લઈ ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૨) આમ દુકાન નં.૨ ના તા-૧/૧/૦૬ થી વસુલ થયેલ મકાન ભાડાની રકમ રૂ..૧૨૦૦/- લેખે સરભર કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

**ફકરા નંબર-૩૩(૧)**

ગુજરાત યુનિવર્સીટી હસ્તકની જમીનની આવક મળવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ યુનિવર્સીટી હસ્તકની જમીનમાંથી થયેલ આવક પેટા સદર ૧૮૦૧૦૦૦ હેઠળ રૂ..૧૧.૯૭.૮૯૯/- ની આવક થયેલ છે તો ઓડીટ વર્ષ દરમ્યાન આ સસ્થાએ તેમના હસ્તકનુ ખુલ્લી જમીન કોને કોને ભાડે આપેલ છે તેની સઘળી તમામ ફાઈલો ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતા રજુ કરેલ નથી. જેથી આ થયેલ આવકના વ્યાજબીપણાની ખાત્રી થઇ શકેલ નથી.

પ્રા.વા.નં.૩૭. તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ કોઈજ રેકર્ડ રજુ કરેલ નથી.

---

**ફકરા નંબર-૩૩(૨)**

એકેડેમીક સ્ટાફ કોલેજ હોસ્ટેલ બાબતે

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સનેં ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના એસ્ટેટ તથા એકેડેમીક સ્ટાફ કોલેજના અન્વેષણ દરમ્યાન આ સંસ્થા હસ્તક અને કંપાઉન્ડમાં આવેલ એકેડેમીક સ્ટાફ કોલેજ હોસ્ટેલ ના મકાનના ખર્ચ તથા આ હોસ્ટેલ નો ઉપયોગ તથા તેમાંથી ઉપજેલ આવક બાબતનું કોઈ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી જેથી આ એસ્ટેટ બાબતે નિભાવ કોણ કરે છે અને હોસ્ટેલ કોને ભાડે આપવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા ઓડીટ સમક્ષ તથા તે અંગેનુ એડીટ પાત્ર રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૧૦૩. તા-૧/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તથા રેકર્ડ રજુ કરેલ નથી. જેથી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વસુલાત - ૧૫૬૦૦

---

**ફકરા નંબર-૩૪**

ઈન્ફલીબનેટ સેન્ટરને ૧૪ ફ્લેટ ભાડે આપવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડ તથા એસ્ટેટ શાખાએ રજુ કરેલ મિલકતના ભાડા રજીસ્ટર તથા રેકર્ડ ની ચકાસણી કરતા આ સંસ્થાના એસ્ટેટ વિભાગે ગુજરાત યુનિવર્સીટીના ૧૪ ફલેટ ઈન્ફરમેશન એન્ડ લાયબ્રેરી નેટવર્ક સેન્ટરને ભાડે આપેલ છે. તો આ ખાનગી સંસ્થાને ભાડે આપવા અંગેના કરારની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવી જેથી ભાડે કરાર આપ્યાની શરતો અને બોલીઓ નો અભ્યાસ કરી શકાય. આ બાબતની ફાઈલ ની ચકાસણી કરતા ઈન્ફલીબનેટ સેન્ટરના તા-૭/૫/૨૦૦૪ ના પત્રથી જાન્યુ-૦૪ થી માર્ચ-૦૪ સુધીના ભાડાની રકમ રૂ..૨૦૬,૫૩૨.૦૦ જમા કરાવેલ છે. જ્યારે ત્યારબાદ ના એપ્રિલ-૦૪ થી સપ્ટેમ્બર-૦૪ સુધીના છ માસના ભાડાની રકમ જમા કરાવ્યાના કોઈ આધાર ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી. જ્યારે ઓકટો-૦૪ થી ડીસે-૦૪ સુધીના રૂ..૨,૫૭,૫૦૦/- જમા કરાવેલ છે. આમ એપ્રીલ-૦૪ થી સપ્ટે-૦૪ ની છ માસીક ભાડાની રકમ રૂ..૫,૧૫,૦૦૦/- ઈન્ફલીબનેટ સેન્ટરે જમા કરાવ્યાનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી જેથી આ રકમ જમા કરાવ્યાની કોઈજ ખાત્રી થતી નથી તો આ રકમ વસુલાત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

આ સંસ્થાએ ઈન્ફલીબનેટ સેન્ટર નં.૧૪ ફ્લેટ ભાડે આપેલ છે અને આ ૧૪ ફ્લેટ લેકચરર ફલેટ છે આ લેકચરર ફલેટ ભાડે આપવા અંગેના થયેલ કરાર ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી. આમ ખાનગી કંપનીને ભાડે આપવા માટે ના કરારમાં આ ફ્લેટનો પ્રોપર્ટી ટેક્ષ કોને ભરવાનો છે તે બાબતની શું જોગવાઈ કરેલ છે તે વિગત ઓડીટ સમક્ષ રજુ કરવામાં ન આવે ત્યાં સુધી લેકચરર ફલેટ ના મિલકત વેરા ની વાર્ષીક રકમ રૂ..૮૫૦/- લેખે ૧૪ લેકચર ફલેટનો વાર્ષીક મીલકત વેરો રૂ..૧૧,૯૦૦/- જે મીલકતવેરો ગુ.યુનિ.એ ભરેલ છે તે ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

આ સંસ્થાએ યુનિવર્સીટી હસ્તકનું બિલ્ડીંગ ને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને માસિક ભાડા રૂ..૪૦.૦૦૦/- થી ભાડે આપેલ છે. આ બાબતે ની વસુલાત બાબતે ફાઈલની ચકાસણી કરતા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ માહે ૩/૦૪ નું ભાડું રૂ..૪૦,૦૦૦/- પહોંચ નં.૪૯૨૮ થી ભરેલ છે ત્યારબાદ નું માહે ૪/૦૪ થી ૯/૦૪ સુધીનું ભાડું રૂ..૪૦,૦૦૦/- લેખે ભરાયાની પહોંચ ફાઈલમાં નથી તો આ ભાડું વસુલ થયાના આધારીત પુરાવા ઓડીટ સમક્ષ રજુ કરવા અન્યથા

રૂ..૪૦,૦૦૦/- × ૬ માસ રૂ..૨,૪૦,૦૦૦/- ની વ્યાજ સાથેની વસુલાત કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૯૪. તા-૨૫/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ ફકરાની વસુલાત રકમ વસુલ કરી સંસ્થાના ભંડોળમાં જમા કરાવતા સુધી આ ફકરો ચાલું રાખવામાં આવે છે.

વસુલાત રૂ.૭૬૫૬૧૫/-

વાંધા હેઠળ રૂ. ૧૧૯૦૦/-

**ફકરા નંબર-૩૫**

વર્ગ-૪ ના કર્મચારીઓને ગરમ ગણવેશ આપવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.નં.૬૫૨૫ તા-૨૧/૩/૦૫ થી રૂ..૧,૩૫,૦૦૦/- નો ખર્ચ વર્ગ-૪ ના કર્મચારીઓને ગરમ ગણવેશ આપવા માટે. ગુજરાત યુનિવર્સીટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કે.ઓ. સ્ટોર્સ, અમદાવાદ પાસેથી ૬૦૦ મીટર ગરમ કાપડ રૂ..૨૨૫-૦૦ ના ભાવે ખરીદીના પૈસાની ચુકવણી કરેલ છે. આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉપપ્રમુખ, ગુ.યુનિ.બિન શૈક્ષણીક કર્મચારી સંઘ ગુજ.યુનિ. અમદાવાદની તા-૩/૧૧/૦૪ ની માંગણી અનુસાર યુનિ.ના કાર્યાલય, તથા ગ્રંથાલય અને યુનિ.ના વિદ્યાભવનો તથા પ્રેસના ચોથા વર્ગના કર્મચારીઓના પટાવાળા, ડીસ્પેચ રાઈડર તથા દફતર અને જમાદાર તથા યુનિ.ના હેલ્પર તેમજ પ્રેસના ચોથા વર્ગના તથા સફાઈ કામદારો કુલ ૨૪૦ કર્મચારીઓને આ વર્ષે ગરમ ગણવેશ આપવાની માંગણીના અનુસંધાને શાખાએ રજુ કરેલ નોંધમાં આ અગાઉ ૧૯૯૯-૨૦૦૦ માં ગરમ ગણવેશ આપવામાં આવેલ હતો. હવે ૨૦૦૩-૦૪ માં એટલેકે ૪ વર્ષે એક કર્મચારીને ૫-૯૦ મીટર ગરમ ગણવેશ ની મર્યાદામાં ૨૨૨ કર્મચારીઓને ૧૩૧૦ મીટર વાદળી રંગનું ગરમ કાપડ ખરીદવા માટેનો કુલ અંદાજ રૂ.મ.૨,૬૨,૦૦૦/- થાય તે માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપી ભાવો મંગાવવાની નોંધ સામે કુલપતિશ્રી એ ગુજરાત રાજય સરકારના ઠરાવ મુજબ ગરમ કાપડ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ધ્વારા માન્ય ખાદી ભંડાર / સંસ્થા પાસેથી ખરીદવાનું છે. તો તેઓ પાસેથી નિયત કાપડની જાત ના નમુના સાથે ભાવ મંગાવવાની તા-૬/૧૧/૦૪ ના રોજની સુચના સામે ભાવો મંગાવી તુલાનાત્મક ભાવો મેળવતા ચાર સંસ્થાઓના ૨૮" પના તથા ૫૪"પનાનો ભાવ મેળવી રજુ કરવામાં આવેલ હતો આ નોંધમાં ૭૮૦ મીટર ગરમ કાપડ ૫૪" પનાનું રૂ..૨૦૭ ના ભાવનું કાપડ ખરીદવાનો કુલ ખર્ચ રૂ..૧,૬૧,૫૦૦/- જણાયેલ. આમ ૫.૯૦ મીટર પ્રમાણે ૧૩૨ વર્ગ-૪ ના કર્મચારી ગણાય તેમ જણાવેલ. ત્યારબાદ તા-૨૦/૧૨/૦૪ ના રોજ વર્ગ-૪ ના મંડળના પ્રતિનિધિ ની હાજરીમાં ચર્ચા કરી અગાઉના પ્રકારનું ગરમ કાપડ ગુજ.યુનિ. કન્ઝ્યુમર સ્ટોર ગુજ.યુનિ. અમદાવાદ પાસેથી ખરીદવાનું નકકી કરેલ છે. આમ આ નિર્ણય બાદ ઉકત સ્ટોર પાસે થી રૂ..૨૨૫/- ના ભાવે ૭૮૦ મીટર કાપડ ખરીદતા રૂ..૧૭૫૫૦૦/- નો અંદાજ રજુ કરતા કુલપતિશ્રી ના તા-૨૦/૧/૦૫ ની નોંધ

ઉપરની મંજુરી પ્રમાણે ઉકત માંગણી મંજુર કરવામાં આવેલ છે. આમ આ મંજુરી મુજબ રજીસ્ટારશ્રી ગુજ.યુનિ. અમદાવાદ તેમના ઓડીટ નં.૬૧૬૫૭ થી ગુજરાત યુનિવર્સીટી સેન્ટ્રલ કન્ઝયુર્સ કો.ઓ. સ્ટોર્સ લી. અમદાવાદ પાસેથી ગરમ કાપડ ૬૦૦ મીટર રૂ..૨૨૫.૦૦ ના ભાવે રૂ..૧,૩૫,૦૦૦/- નું ખરીદવામાં આવેલ જેમાં કેટલા ઈંચનો પનો છે તે દર્શાવેલ નથી. આમ ૬૦૦ મીટર કાપડ મુજબ એક કર્મચારીને ૫.૯૦ મીટર મુજબ ૧૦૨ કર્મચારીને આપી શકાય તો ઉકત નોંધ મુજબ આ સંસ્થામાં ૨૦૦૪-૦૫ દરમ્યાન વર્ગ-૪ ના કર્મચારીઓની સાચી સંખ્યા કઈ તે બાબતે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(૨) આમ ઉકત વિગત જોતા યુનિવર્સીટીએ ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓ પાસેથી મંગાવેલ ભાવો મુજબ ગરવી હેન્ડલુમ ગુજરાત રાજય હાથશાળા વિકાસ નિગમ લી. ના ૧ મીટર રૂ..૨૦૭/- (૫૪"પના) ના ભાવ મુજબ ૬૦૦ મીટરનો ખર્ચ રૂ..૧૨૪૨૦૦/- ખર્ચ થાય. આમ યુનિ.સહકારી સ્ટોર્સ પાસેથી રૂ..૨૨૫/- ના ભાવનું ગરમ કાપડ ખરીદવા બાબતે સ્પષ્ટતા થવી. આમ સરકારશ્રીના નિયમો અને નિતી અનુસાર ખાદી માન્ય સંસ્થામાંથી નહીં ખરીદવા બદલ થયેલ રૂ..૧૦,૮૦૦/- ના નુકસાન બદલ જવાબદારની જવાબદારી નકકી કરી સંસ્થાને થયેલ નુકસાન જવાબદાર પાસેથી વસુલ કરી સરકારમાં જમા કરાવી ઓડીટને ખાત્રી ન કરાવતા સુધી રૂ..૧.૩૫,૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૮૧. તા-૧૦/૧૦/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**વસુલાત રૂ..૧૦,૮૦૦/-**

**વાંધા હેઠળ ખર્ચ રૂ..૧,૩૫,૦૦૦/-**

## ફકરા નંબર-૩૬

યુનિવર્સીટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત

ગુજરાત યુનિવર્સીટી એકઝીકયુટીવ કાઉન્સીલ ધ્વારા ઠરાવ્યા મુજબ અને યુનિવર્સીટી ઓડીનન્સ નં.૧૫૯ અન્વયે ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થી દીઠ રૂ..૫/- સત્રદીઠ લેખે સ્પોર્ટસ ફી વસુલ મેળવી એકત્રીત ભંડોળનો ઉપયોગ યુનિવર્સીટી તરફથી યોજવામાં આવતી રમત-ગમત પ્રવૃતિઓના વિકાસ માટે કરવાનો રહે છે. આ યોજનાનો અમલ સને ૧૯૮૫-૮૬ ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ ત્યારથી ઓડીટ વર્ષ દરમ્યાન સ્પોર્ટસના હિસાબોમાં નીચે મુજબ ની પરીસ્થીતી રહેવા પામેલ છે.

| | | |
|---|---|---|
| મુખ્ય સદર-૭૮૦૨૦૩૬ | ડી.પી.ઈ. સ્પોર્ટસ ફી | |
| તા-૧/૪/૦૪ ની ઉઘડતી સિલક | રૂ.. | ૧૨૫,૭૭,૪૪૮.૩૪ |
| ઓડીટ વર્ષ દરમ્યાન ની આવક | રૂ.. | ૧૭,૬૪,૨૬૬.૦૦ |
| કુલ. | રૂ.. | ૧૪૩,૪૧,૭૧૪.૩૪ |
| ઓડીટ વર્ષ દરમ્યાન પ્રવૃતિમાં કરેલ ખર્ચ | | ૦ |
| તા-૩૧/૩/૦૫ ની બંધ સિલક | રૂ.. | ૧૪૩,૪૧,૭૧૪.૩૪ |

ઉપરોકત વિગતે સ્પોર્ટ ફી ની આવક -ખર્ચ બાબતે નીચે પ્રમાણે ઓડીટ નોંધ આપવામાં આવે છે જેવી આધારસહ પુર્તતા કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૧) આ પ્રવૃત્તિમાં સને ૧૯૮૫-૮૬ થી અમલ માં આવેલ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રમત-ગમતની પ્રવૃત્તિઓના વિકાસ અર્થે નાણાં એકઠા કરી વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો હોઈ શકે, પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકમાં વધારો થવા પામેલ છે જયારે વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરાયેલ જણાતી નથી જે આવક બિન ઉપયોગી જમા રહેવા પામેલ જણાય છે. અગાઉના વર્ષોમાં પણ આવકમાં સતત વધારો થવા છતાં રમત-ગમત ની પ્રવૃત્તિઓનો વિકાસ ન થવાને કારણે વિદ્યાર્થીઓ સદરહું લાભથી વંચિત રહેલા જણાય છે. જે હેતુ માટે ફી મેળવવામાં આવે છે તે હેતુ માટે કેવા કારણોસર ખર્ચ કરવામાં આવતો નથી તેની જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના વાર્ષીક વહીવટી અહેવાલ મુજબ આ યુનિવર્સીટી સંલગ્ન ૨૩૭ કોલેજો જોડાયેલ છે અને આ કોલેજો ના કુલ વિદ્યાર્થી ૧૮૭૭૭૧ નોંધાયેલ છે. આમ સત્રી દીઠ વિદ્યાર્થી દીઠ રૂ..૫/- લેખે બન્ને સત્રના રૂ..૧૦/- લેખે આ ફી ની વાર્ષીક આવક રૂ..૧૮,૭૭,૭૧૦/- થવી જોઈએ.પરંતુ ઉકત વિગત મુજબ રૂ..

૧૭,૬૪,૨૬૬/- થયેલ છે. આમ રૂ.૧,૧૩,૪૪૪/- ઓછી આવેલ છે તો જે કોલેજ પાસેથી આ ફી મેળવવાની બાકીમાં હોય મેળવી યુનિવર્સીટી ના હિસાબમાં જમા લઈ ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૩) સ્પોર્ટસ ફીની વસુલાત બાબતે ગુજરાત યુનિવર્સીટી ખાતે સંલગ્ન કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા, તથા કુલ વસુલાત ની સામે મળેલ વસુલાત અને બાકી વસુલાત નું વર્ષવાર રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે જેથી સ્પોર્ટ ફી નું ઓડીટ થઈ શકે.

(૪) આ યોજનાના અમલ અને ઉદ્દેશ રમત-ગમત ની પ્રવૃત્તિઓના વિકાસ માટે છે પરંતુ આ બાબતની કોઈ પ્રવૃત્તિ ઓડીટ વર્ષમાં અને તે અગાઉ થયેલ નથી તે વર્ષો વર્ષના ઓડીટ અહેવાલથી ફલીત થાય છે. તો આ આવક નો ઉપયોગ યોજનાની પ્રવૃત્તિમાં થાય તેવા પગલા જવાબદારેથી લેવા માટે ઉચ્ચ સીરેથી સુચના થવી ઘટે તેમ ઓડીટનું માનવુ છે.

પ્રા.વા. નં.૨૩, તા-૯/૯/૦૯ ના જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે, સ્પોર્ટ સંકુલનું મરામત તથા મેદાનો ને આધુનિક કરવાની કામગીરી માટે ટેન્ડર વિગેરેની કાર્યવાહી કરેલ છે. કામગીરી પુર્ણ થયેથી ખર્ચ જણાવવામાં આવશે તે જવાબ માન્ય રાખી શકાય નહીં.

## ફકરા નંબર-૩૭

ઈન્ટેકચ્યુએલ પ્રોપર્ટી રાઈટસ (આઈ.પી.આર) ના સેમિનાર ના ખર્ચ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાની તાબાની સંસ્થા બી.કે.સ્કુલ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ ધ્વારા તા-૧/3/૦૪ થી તા-૨/3/૦૪ દરમ્યાન ઈન્ટેકચ્યુએલ પ્રોપર્ટી રાઈટસ (આઈ.પી.આર.) ચેલેન્જ એન્ડ પ્રોસપ્લેક્ષ સેમિનાર યોજવામાં આવેલ તેનો રૂ.૧,૫૦,૦૦૦/- નો ખર્ચ વા.નં.૫૮૯, તા-૨૮/૨/૦૫ થી કરવામાં આવેલ છે. આ ખર્ચનો હિસાબી કોડ નં.૦૪૦૨૦૭૩ છે. અ બીલ સાથે સામેલ વાઉચરોનો અભ્યાસ કરતા ઓડીટ નીચે મુજબ ઓડીટ નોંધ આપે છે.

(૧) આ સંસ્થાએ તા-૧/3/૦૪ થી તા-૨/3/૦૪ દરમ્યાન સેમિનાર ગોઠવેલ છે. જયારે બંસલ એન્ટરપ્રાઈઝ ઈન્કમટેક્ષ અમદાવાદને તેમના કેશમેમો નં.૧૧૨, તા-૫/૨/૦૪ થી રૂ.૧૬૦૦/- તથા કેશમેમો નં.૧૪૧ તા-૬/૨/૦૪ થી રૂ..૧૬૦૦/- એલ.સી.ડી. નં.૧ ભાડે લાવવા માટે ના કુલ રૂ..3૨૦૦/- ચુકવેલ છે. જયારે આજ કંપનીને તેમના કેશ મેમોના નં.૧૮૪ તા-૨/3/૦૪ થી રૂ..3૨૦૦/- તા-૧/3/૦૪ અને તા-૨/3/૦૪ ના પ્રોગ્રામ માટેના એલ.સી.ડી.નં.૨ ભાડે લેવાના ભાડાના ચુકવેલ છે. આમ સેમિનાર તા-૧/3/૦૪ અને તા-૨/3/૦૪ નો હોઈ તા-૫/૨/૦૪ અને તા-૬/૨/૦૪ ના રોજ ચુકવેલ રૂ..3૨૦૦/- બાબતે સ્પષ્ટતા કરવી તેમજ આ વધુ ચુકવાયેલ રકમ કંપની પાસેથી વસુલાત મેળવી સરકારશ્રીમાં જમા કરાવવા માટે જવાબદાર ની જવાબદારી નકકી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૨) આ સંસ્થાએ રૂબીક ઈન્ફોટેક ગુરૂકુળ અમદાવાદની તા-3૧/3/૦૪ ની ઈન્વોઈસ નં.૨૫ થી રૂ..૯૯3૦૦/- ના ૮ નંગ સાઈબર રોમ ઈન્ટરનેટ મેનેજમેન્ટ સોફટવેર ખરીદેલ છે. આમ આ સેમિનાર તા-૧/3/૯૪ થી તા-૨/3/૦૪ નો હોઈ આ કરેલ ખર્ચ સેમિનાર બાદ એક માસ પછીનું હોઈ આ ખર્ચ માન્ય કરી શકાય નહીં, તો આ રકમ જવાબદારેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટ ને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(3) આ સંસ્થાએ બંસલ એન્ટરપ્રાઈઝ પાસેથી તેના કેશમેમો નં.૧૮૦ તા-૨૮/૨/૦૪ થી રૂ..૧૭૦૦/- ની રકમનો વોલટાઈમ સ્કીન પર"×૭૦" ની સાઈઝનો નં.૧ ખરીદ કરેલ છે. તો આ સ્કીન પર પિકચર જોવા માટે પ્રોજેકટ ની વ્યવસ્થા શું હતી તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તથા આ સ્કીન સંસ્થાના ડેડસ્ટોક રજીસ્ટરમાં કયા નંબર અને પાના નંબર ઉપર નોંધવામાં આવેલ છે તેની આધારીત ખાત્રી ન કરાવવામાં આવે ત્યાંસુધી આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૪) આ સંસ્થાએ આ પ્રોગ્રામ માટે પંચાલ બ્રધર્સ પાસેથી તેમની ઈન્વોઈસ નં.૨૦.તા-૨૭/૨/૦૪ થી રૂ..૩૭૫૦/- કોમ્પ્યુટર ટેબલ નં.૩ ૩૦"×૨૧" સાઈઝના ખરીદ કરેલ છે. આ ખર્ચ ઈન્વોઈસ ઉપર કરેલ હોઈ પંચાલ બ્રધર્સને નાણા મળ્યાની ખાત્રી થતી નથી તો પંચાલ બ્રધર્સની ધોરણસરની પહોંચ મેળવી ઓડીટ સમક્ષ રજુ કરવી, તથા આ ખરીદ કરેલ ૩ કોમ્પ્યુટર ટેબલ સંસ્થાના ડેડસ્ટોક રજીસ્ટર ઓડીટ સમક્ષ રજુ ન કરવામાં આવે ત્યાંસુધી આ કરેલ ખર્ચ રૂ..૩૭૫૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૫) આ સંસ્થાએ આ સેમિનાર માટે અમદાવાદ ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ રીસર્ચ એસોસીએશન આંબાવાડી, અમદાવાદને તેમના કેશમેમો નં.૩૮૫૨, તા-૨૭/૨/૦૪ થી રૂ..૫૦૦૦/- તથા કેશમેમો નં.૩૮૫૩ તા-૨૭/૨/૦૪ થી રૂ..૫૩૦૦/- મળી કુલ રૂ..૧૦૩૦૦/- જેવી રકમ ઓડીટેરીયલના ભાડા તરીકે તા-૨/૩/૦૪ ના પોગ્રામ માટે એડવાન્સ પેમેન્ટ કરેલ છે. તો આ એડવાન્સ પેમેન્ટ ના સરભર બીલ સંસ્થાએ રજુ કરેલ નથી તેથી આ સેમિનાર માટેના ઓડીટેરીયલના ભાડાનું સરભર બીલ રજુ ન કરવામાં આવે ત્યાંસુધી આ ચુકવેલ એડવાન્સની રકમ રૂ..૧૦૩૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૫૮ તા-૬/૧૦/૦૯ ની સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી. આમ આ ફકરામાં દર્શાવેલ રૂ.૧૩,૧૩૯.૦૦ ની વસુલાત કરવી તથા રૂ..૧૫,૭૫૦.૦૦ ફકરાની વિગતે વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.૧૫,૭૫૦/-

વસુલાત રૂ.૧૦૨૫૦૦ /-

## ફકરા નંબર-૩૮

માનદ ડોકટરને વાહન ભથ્થું તથા માનદવેતન ચુકવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થા સંચાલીત યુનિવર્સીટી દવાખાનામાં ઓડીટ વર્ષના સમયગાળામાં યુનિવર્સીટી દવાખાનામાં આર.એમ.ઓ.તરીકે ડો.એમ.પી.ભટ્ટ તથા લેડી ડોકટર તરીકે શ્રીમતી એસ.એચ.દેસાઈ પૂર્ણકાલીન ડોકટર તરીકે ની સેવા બજાવતા હતાં. તેમ છતાં આ સંસ્થાએ નીચે જણાવેલ ડોકટરોને આ યુનિવર્સીટી દવાખાનામાં માનદ ડોકટર તરીકે સેવા તરીકે માસિક વ્હીકલ એલાઉન્સ ઓડીટ વર્ષ દરમ્યાન ચુકવેલ છે.

| ક્રમ નં. | કર્મચારી નં. | નામ | વાહન ભથ્થું | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૯૯૮ | પી.એન.ભટ્ટ | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૨ | ૧૧૬૩ | એન.બી.ત્રિવેદી | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૩ | ૧૧૬૪ | બી.એચ.પરમાર | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૪ | ૧૧૬૬ | પી.બી.શાહ | ૬૦૦ | ૭૨૦૦ |
| ૫ | ૧૧૬૭ | એચ.એલ.શુકલ | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૬ | ૧૧૭૨ | બી.આર.ગાંધી | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૭ | ૧૨૧૫ | જવાહર તલસીન | ૬૦૦ | ૭૨૦૦ |
| ૮ | ૧૩૦૫ | જે.એન.દવે | ૬૦૦ | ૭૨૦૦ |
| ૯ | ૧૩૬૧ | એસ.એમ.શાહ | ૬૦૦ | ૭૨૦૦ |
| ૧૦ | ૧૪૦૮ | કર્ણવ દેસાઈ | ૧૨૦૦ | ૧૪૪૦૦ |
| ૧૧ | ૧૪૦૯ | એચ.કે.મજુમદાર | ૭૫૦ | ૯૦૦૦ |
| | | | | ૧૨૪૨૦૦ |

આ ઉપરાંત આ સંસ્થાએ યુનિવર્સીટી દવાખાનામાં નીચે જણાવેલ વિગતે અન્ય તબીબોની સહાય મેળવી તેમને માનદવેતન ચુકવવામાં આવેલ છે.

| ક્રમ નં. | વા.નં. | તારીખ | હિસાબી કોડ | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૦ | ૧૨/૪/૦૪ | ૧૫૪૨૦૦૦ | ૨૪૦૦ |
| ૨ | ૭૩૯ | ૧૪/૫/૦૪ | !! | ૧૨૦૦ |
| ૩ | ૨૯૩૬ | ૨૦/૯/૦૪ | !! | ૧૨૦૦ |
| ૪ | ૩૩૧૨ | ૧૧/૧૦/૦૪ | !! | ૧૨૦૦ |
| ૫ | ૩૮૭૧ | ૫/૧૧/૦૪ | !! | ૧૨૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ૪૩૫૮ | ૬/૧૨/૦૪ | !! | ૧૨૦૦ |
| ૭ | ૪૯૫૯ | ૬/૧/૦૫ | !! | ૧૨૦ |
| ૮ | ૪૯૯૦ | !! | !! | ૫૦૦ |
| ૯ | ૫૪૫૩ | ૩/૨/૦૫ | !! | ૧૨૦૦ |
| ૧૦ | ૬૧૭૮ | ૪/૩/૦૫ | !! | ૧૨૦૦ |
| | | કુલ | | ૧૨૫૦૦ |

આમ ઉપરોકત માનદ વેતન તરીકે ડોકટર શ્રીઓને વાહન ભથ્થા તરીકે રૂ..૧૨૪૨૦૦/- તથા અન્ય ડોકટરને માનદ વેતન તરીકે રૂ..૧૨૫૦૦/- મળી કુલ રૂ..૧,૩૬,૭૦૦/- નો ખર્ચ કરેલ છે. આમ યુનિ. ના દવાખાનામાં કુલ ટાઈમ બન્ને ડોકટરશ્રી હોવા છતાં ઉકત ૧૧ માનદ ડોકટર તરીકે રાખવા બાબતના રેકર્ડ મંજુરી તથા તે ડોકટર શ્રીઓને કામકાજ નો સમય તથા તેમના ધ્વારા કેટલા દર્દીઓને ચકાસવામાં આવેલ છે તેની વિગત આગામી ઓડીટ સમક્ષ રજુ કરવી.

તથા ઉકત ૧૦ બીલો ધ્વારા અન્ય ડોકટરને માનદ વેતન તરીકે રૂ..૧૨૫૦૦/- ચુકવેલ છે. તો આ સેવા કેવા સંજોગોમાં લેવામાં આવેલ છે તથા આ માનદ ડોકટરોની સેવા લેવા માટે મેળવેલ સક્ષમ અધિકારીશ્રીના આદેશો અને તેને લગતુ રેકર્ડ તથા આ ડોકટર શ્રીઓની વિગત તથા કયા પ્રકારના રોગો માટે સેવા લેવામાં આવેલ છે અને કેટલા દર્દીઓને ચકાસવામાં આવેલ છે તેની વિગત ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી.

ઉકત વિગતો ઓડીટમાં રજુ ન કરવામાં આવે ત્યાં સુધી આ સંસ્થા સંચાલિત દવાખાના ના નિયમિત ડોકટર તથા લેડી ડોકટર ને ચુકવાયેલ અનુક્રમે માસીક સરેરાશ પગાર મુજબ નીચેની વિગતે ચુકવેલ પગાર રૂ..૮,૨૬,૭૭૫.૧૬ પૈકી રૂ..૧,૩૬,૭૦૦.૦૦ વાહન ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૧) ડો.એમ.પી.ભટ્ટ - રૂ..૩૮૭૬૩.૧૩×૧૨ = ૪,૬૫,૧૫૭.૫૬

(૨) ડો.શ્રીમતિ એચ.એમ.દેસાઈ - રૂ..૩૦૧૩૪.૮૦×૧૨ =૩,૬૧,૬૧૭.૬૦

૮,૨૬,૭૭૫.૧૬

પ્રા.વા.નં.૬૬. તા-૨૮/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી. આમ આ સંસ્થાના દવાખાનામાં કુલ ટાઈમ ડોકટર હોવા છતાં માનદ વેતન અન્ય ડોકટરોને ચુકવેલ રૂ..૧,૩૬,૭૦૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૧,૩૬,૭૦૦.૦૦**

**ફકરા નંબર-૩૯**

બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલફેરના વિધાર્થી પ્રતિનિધિ નો આંતર યુનિ. આંતર રાજય પ્રવાસ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાના યુવક કલ્યાણ વિભાગ ધ્વારા સ્ટુડન્ટસ વેલફેર વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ ધ્વારા આંતર રાજય આંતર યુનિવર્સીટી પ્રવાસ, આંદોબાર-નિકોબાર નો કરેલ આ પ્રવાસ જયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના તા-૨૨/૧/૦૪ ના બીલ નં.૯૨/૦૪ મુજબ તા-૨૮/૧૨/૦૩ થી તા-૧૩/૧/૦૪ દરમ્યાન ૨×૨ સીટવાળી ૧૯ સીટની મીનીબસ ધ્વારા અમદાવાદ થી ચેન્નાઈ અને પરત અમદાવાદ (સંચાલકશ્રી હરીશ એમ.દેસાઈ ના તા-૯/૧/૦૩ ના પત્ર અનુસાર) કરેલ છે. આંદોબાર નિકોબાર નો પ્રવાસ મુલતવી રાખેલ છે. આ પ્રવાસ માટે નો ખર્ચ તા-૩૧/૩/૦૪ ના પત્રથી વા.નં.૬૧૯૫તા-૪/૩/૦૫ ના રોજ સરભર કરેલ છે.

આ પ્રવાસ માટે ચેક નં.૪૮૩૬૬૬ તા-૨૬/૧૨/૦૩ થી રૂ..૨,૫૦,૦૦૦/- નું એડવાન્સ ચુકવવામા આવેલ છે તેના સામે રૂ..૧,૪૪,૪૯૦.૦૦ સરભર કરેલ છે અને રૂ..૧,૦૫,૭૪૨.૦૦ પરત જમા કરાવી રૂ..૨૩૨.૦૦ પરત રીફન્ડ કરેલ છે. આ પ્રવાસમાં ૧૧ વિદ્યાર્થી પ્રતિનિધિ ૨ સંચાલક અને એક પટાવાળા મળી -૧૪ વ્યકિતઓએ ૧૯ સીટની ૨×૨ ની મીની બસમાં મુસાફરી કરેલ છે આ પ્રવાસના મીની બસનું ભાડું કિ.મી. દીઠ ૮.૫૦ લેખે નકકી કરવામાં આવેલ છે. દૈનીક ૩૦૦ કિ.મી.નો લધુત્તમ ચાર્જ કરવાની શરત કરવામાં આવેલ છે. આ વાઉચરની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) આ પ્રવાસમાં જયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ૨×૨ મીનીબસ ૧૯ સીટની તા-૨૮/૧૨/૦૩ થી ૧૩/૧/૦૪ દરમ્યાન પ્રવાસ કરેલ છે. પ્રવાસની શરત મુજબ ૧ કિ.મી.દીઠ ૮.૫૦ નો ચાર્જ અને લધુત્તમ ૩૦૦ કિ.મી.નું ભાડું દૈનીક આપવાની શરત હોવા છતાં જયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ શાહીબાગ અમદાવાદના બીલ નં.૯૨૦૪ તા-૨૨/૧/૦૪ મુજબ તા-૨૮/૧૨/૦૩ થી ૧૩/૧/૦૪ ના દિન-૧૭ મુજબ દૈનીક ૩૦૦ કિ.મી. લેખે દૈનીક ૫૧૦૦ મુજબ ૧૩ દિવસના રૂ..૪૩,૬૫૦.૦૦ નું ભાડું ચુકવેલ છે. ટ્રાવેલ્સ ના બીલમાં સ્ટાર્ટીગ કિ.મી.ની વિગત દર્શાવેલ નથી તથા કલોઝીંગ કિ.મી.માં "એસ પર એવરેઝ" મુજબ લખી એવરેજ બીલ આપેલ છે જે શરત નો ભંગ છે. આમ શરત ભંગ થયેલ હોવા છતાં બીલ પાસ કરવા માટે જવાબદાર સામે પગલા લેવા ઓડીટ જણાવે છે. પગલા ન લેવાય ત્યાંસુધી જયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સને ચુકવેલ રકમ રૂ..૪૩,૩૫૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૨) આ ટુર્સનો પ્રોગ્રામ અગાઉથી નકકી કરેલ હોવા છતાં બસ માટેના ભાવો જાહેર નિવિદા પ્રસિધ્ધ કરીને ન મેળતા ટેલીફોનીક ટોકથી ભાવો મંગાવી મંજુર કરવા એ તંદુરસ્ત હરીફાઈના ભાવો ન મળવાથી યુનિવર્સીટીને આર્થીક નુકસાન પડેલ છે. તો આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે. વળી જાહેર નિવિદા આપી ભાવો મેળવેલ હોત તો ટ્રાવેલ્સ કંપનીઓ જે દૈનીક ધોરણે તેમની બસો આંતર રાજય પ્રવાસની પરમીટવાળી બસ મેળવેલ હોય તો આ પ્રવાસમાં આંતર રાજય સીમાનો આર.ટી.ઓ. ટેક્ષ નીચેની વિગતે યુનિવર્સીટીને ભોગવવો પડેલ છે તે ભોગવવો ન પડત.

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨033 | ૨૮/૧૨/03 | મહારાષ્ટ્ર રાજય |
| ૨ | ૬૬૫0 | 30/૧૨/03 | આંધ્ર રાજય |
| ૩ | ૬0૬0 | ૪/૧/0૪ | તામીલનાડુ ટેક્ષ |
| ૪ | ૫૭૬0 | ૧0/૧/0૪ | !! |
| ૫ | ૬૬૫0 | ૧૧/૧/0૪ | આંધ્ર રાજય |
| ૬ | ૨033 | ૧૨/૧/0૪ | મહારાષ્ટ્ર રાજય |
| | ૨૯૧૮૬ | | |
| ૭ | ૨00 | ૧૨/૧/0૪ | મહારાષ્ટ્ર રાજય દંડ |
| ૮ | ૨00 | ૧૨/૧/0૪ | !! |
| ૯ | ૧૬0 | ૭/૧/0૪ | તાલીમનાડુ દંડ |
| | ૨૯૭૪૬ | | |

આમ ટ્રાવેલ્સના ભાવો જાહેર નિવિદા ધ્વારા આર.ટી.ઓ. ટેક્ષ સહિતના મેળવેલ હોત તો યુનિવર્સીટી ને રૂ..૨૯.૧૮૬/- નો ટેક્ષ ચુકવવો ન પડત. વળી રૂ..૫૬0/- દંડ તરીકે વસુલ કરેલ છે તેમાં પણ યુનિવર્સીટી ની કોઈ જવાંબદારી ન હોય રૂ..૫૬0/- જવાબદારેથી અથવા બીલ પાસ કરનાર પાસેથી વસુલાત કરી યુનિવર્સીટીમાં જમા કરાવવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે. અને યુનિવર્સીટીને ભરવો પડેલ અન્ય રાજયોનો આર.ટી.ઓ. ટેક્ષ રૂ..૨૯,૧૮૬/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(3) નિયામકશ્રી યુથ વેલ્ફેર ધ્વારા પ્રવાસની બસના ડ્રાયવર / કલીનરને દૈનીક રૂ..૧00/- લેખે ૧૮ દિવસના રૂ..૧૮00/- ડ્રાયવર રાકેશ બી. પ્રજાપતિને રહેવાના જમવાના ચુકવેલ છે જે શરતમાં આવતો ન હોઈ આ ખર્ચ અમાન્ય રાખવામાં આવે છે તો આ રકમ રૂ..૧૮00/- ચુકવણી મંજુર કરનાર પાસેથી વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૪) આ કાર્યક્રમનો પ્રવાસ તા-૨૮/૧૨/૦૩ થી તા-૧૩/૧/૦૪ સુધીનો હતો તેમ છતાં તેમા પ્રવાસ કરનાર સ્ટુડન્ટ વેલફેરના વિદ્યાર્થી / પ્રતિનિધિઓ નીચે મુજબનાને નીચે મુજબ દૈનીક રૂ..૧૦૦/- લેખે જમવાનું અને રહેવાનો ખર્ચ ચુકવેલ છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | દૈનિક ખર્ચ પેટે ચુકવ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | પટેલ રાકેશ જીવણભાઈ | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૨ | પટેલ નીતીન અરવીંદભાઈ | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૩ | ત્રિવેદી જીગર નટરવરભાઈ | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૪ | ગોહેલ દેવેન્દ્રકુમાર બીપીનચંદ્ર | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૫ | દેવાંગ પી.ચુડાસમા | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૬ | ગઢીયા રઘુવીર સી. | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૭ | પટેલ ધીરજ ગોવિંદભાઈ | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૮ | વાઘેલા પ્રદિપસિંહ પી. | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૯ | વ્યાસ રાકેશ બી. | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| ૧૦ | પટેલ મિહિર એ. | ૨૭/૧૨/૦૩ થી ૬/૧/૦૪ | ૧૧૦૦ |
| | | ૭/૧/૦૪ થી ૮/૧/૦૪ | ૨૦૦ |
| | | કુલ | ૧૧૯૦૦ |

આમ ઉકત વિગત જોતાં પ્રવાસ ૧૭ દિવસનો હવે જ્યારે વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓને દિન-૧૩ દિવસનું દૈનીક ખર્ચ ચુકવેલ છે તો બાકીના ૪ દિવસ માટે સ્પષ્ટતા કરવા વિનંતી છે. વળી બીલ સાથે પ્રવાસના સંચાલકશ્રી હરીશભાઈ એમ.દેસાઈના તા-૯/૧/૦૩ ના પત્રમાં આંદાબાર નિકોબાર જવાના પ્રવાસમાં સંચાલક અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ વચ્ચે થયેલ વિવાદ

બાબતે આપના કાર્યાલય થી શું પગલા લેવામાં આવેલ છે તેનો અહેવાલ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

(૫) આ પ્રવાસમાં જોડાનાર વિદ્યાર્થી પ્રતિનિધિઓએ શરત અનુસાર દરેકે રૂ..૧૦૦૦/- ડીપોઝીટ જમા કરાવેલ છે. આમ અગીયાર પ્રતિનિધિ ધ્વારા રૂ..૧૧૦૦૦/ ડીપોઝીટ કરાવેલ હતી જે રકમ સંસ્થાના હિસાબમાં ડીપોઝીટ સદરે જમા થયેલ હોય જયારે પ્રવાસ પુરો થતાં પ્રવાસન સરભર બીલમાં રૂ..૨,૫૦,૦૦૦/- ના એડવાન્સ સામે થયેલ ખર્ચ રૂ..૧.૩૩.૪૯૦/- તેમજ રૂ..૧૧.૦૦૦/- ડીપોઝીટ પરત મળી કુલ રૂ..૧.૪૪,૪૯૦/- નો હિસાબ રજુ કરેલ છે. આમ ડીપોઝીટની રકમ એડવાન્સ સામે સરભર થયેલ છે તો ડીપોઝીટ સદરે જમા થયેલ રકમ કઈ રીતે સરભર કરેલ છે તે બાબતે રેકર્ડ આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

(૬) આ પ્રવાસમાં ધ્રુમિલ પટેલ પણ જોડાયેલ હતા અને તેઓએ પણ રૂ..૧૦૦૦/- ડીપોઝીટ ભરેલ હોવા છતાં તેઓ પ્રવાસમાં તેઓ હાજર રહેલ ન હોવા બાબતે સ્પષ્ટતા કરવી તથા શ્રી ધ્રુમીલ પટેલને રૂ..૧૦૦૦/- ડીપોઝીટ પરત કરવા બાબતે સ્પષ્ટતા કરવી.

પ્રા.વા. નં.૭૬, તા-૭/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ છે આ જવાબ સાથે રેકર્ડની ઝેરોક્ષ રજુ કરેલ છે પરંતુ મુદ્દાઓ માટે કોઈ ખુલાસો કે સ્પષ્ટતા કરેલ નથી જેથી આ ફકરામાં જણાવેલ રૂ..૨૩૬૦.૦૦ ની વસુલાત ન થતા સુધી આ રૂ.૭૨૫૩૬ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાત રૂ..૨૩૬૦/-

વાંધા હેઠળ રૂ.૭૨૫૩૬/-

**ફકરા નંબર-૪૦(૧)**

રસીદ બુક સ્ટોક રજીસ્ટરમાં જમા અને ઈસ્યુંમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન આ સંસ્થામાં ઓડીટ વર્ષ દરમ્યાન નિભાવવામાં આવેલ રસીદબુક સ્ટોક રજીસ્ટરની ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ આ સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતા ઓડીટ નીચે મુજબની ઓડીટ નોંધ આપે છે.

(૧) આ રજીસ્ટરમાં જયારે પ્રિન્ટ થઈને રસીદબુકનો સ્ટોક મળે ત્યારે મળેલ પહોંચ બુકો સીરીયલમાં નોંધવામાં આવેલ છે પરંતુ આ બુકો ઈસ્યુ કરવામાં અનિયમિત રીતે ઈસ્યુ કરવામાં આવે છે, જે યોગ્ય નથી ભવિષ્યમાં રસીદબુકો ક્રમઅનુસાર જ ઈસ્યુ કરવી તેમ ઓડીટનુ સુચન છે.

(૨) આ રસીદબુકો જે તે શાખા કે સંસ્થા કે કેશીયરને ઈસ્યુ કરવામાં આવે તેની નોંધ રસીદબુક કોને ઈસ્યુ કરી તે શાખા, કેશીયર કે કોલેજ નુ નામ લખી રસીદબુક લઈ જનારનુ નામ તથા તેની સહી લેવી જેથી રસીદબુક નો દુરપયોગ થવા સંભવ ન રહે અને જો દુરપગોગ થાય તો તેના આધારે કાયદેસરની કાર્યવાહી કરી શકાય.

(૩) આ સાથે સામેલ પરિશિષ્ટ-૮ માં જણાવ્યા મુજબ ક્રમ નં.૨ માં જણાવેલ પ્રકારની રસીદબુકનો જથ્થો (ક્રમ-૩ અને ૪ ) માં દર્શાવેલ સીરીઝવાર પહોંચો પૈકી આ પરિશિષ્ટ ના કોલમ નં.૫ માં દર્શાવેલ નંબરવાળી પહોંચબુકો કયાંય ઈસ્યુ કરવામાં આવેલ નથી. જેથી સામેલ પરિશિષ્ટ કોલમ-૫ માં દર્શાવેલ પહોંચ બુકોનો ખરેખર ઉપયોગ થયેલ છે કે ગેરવલ્લે જવામાં છે અને તેનો દુરપયોગ થયેલ છે કે કેમ ? તેની તપાસ કરી આ પહોંચ બુકો બાબતે ઓડીટને આધાર સહ ખાત્રી કરાવવા વિનંતી છે.

(૪) આ રસીદ બુકોના સટોક રજીસ્ટરમાં સ્ટોક નોંધ કર્યાની શાખાના અધિકારીની સહી તથા ઈસ્યુ કર્યા અંગેની નોંધ આમે શાખાધિકારીની સહી કરવામાં આવેલ નથી તો આ રજીસ્ટરની તમામ નોંધો અધિકૃત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૫) આ રસીદબુકના સ્ટોક રજીસ્ટરની ૪૪ પી.જી.આર.ઈ.સી. ની ઈસ્યુ કરવામાં આવેલ રસીદબુક નં.૩૨૦૧ થી ૩૩૦૦ વાળી રસીદબુક સ્ટોકમાં ન હોવા છતાં કેવી રીતે ઈસ્યુ કરવામાં આવેલ છે. એલ.આઈ.બી. મીસ માં રસીદ બુક નં.૧૪૦૧ થી ૧૫૦૦, ૧૦૦૧ થી ૧૧૦૦ તથા ૨૦૦૧ થી ૨૧૦૦ તેમજ એલઆઈબી/બુકની ૨૦૧ થી ૩૦૦ તેમજ સાંસ્કૃતિક પહોંચ નં.૨૦૧ થી ૩૦૦ માં પણ રજીસ્ટર સ્ટોક ન હોવા છતાં કઈ રીતે ઈસ્યુ કરવામાં આવેલ છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(૬) રસીદ બુક ના સ્ટોક રજીસ્ટરના ભૌતિક જથ્થાનું સક્ષમ અધિકારીશ્રી દ્વારા સમયાંતરે ચકાસણી થયેલ નથી. જે બાબતે સ્પષ્ટતા કરવી, તેમજ સ્ટોક રજીસ્ટર સાથે ઓડિટ વર્ષના અંતે સિલકમાં રહેલ પહોંચબુકો ખરેખર ભૌતિક ચકાસણી કરતાં બરાબર છે કે. કેમ? તેની ખાત્રી કરાવી નથી.

પ્રા.વા. નં.૧૩૩, તા-૧/૧/૧૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી તો આ બાકી પહોંચબુકનો હિસાબ તૈયાર કરી આગામી ઓડીટે આગામી ઓડીટ સમક્ષ રજૂ કરવા વિનંતી છે.

## પરિશિષ્ટ-૮ - ફકરા નં. ૪૦

### રસીદબુક સ્ટોક રજીસ્ટરમાં પહોંચ બુક ઈસ્યુ કરવામાં જણાયેલ અનિયમિતતા બાબત.

| ક્રમ | પહોંચ બુક નો પ્રકાર | પહોચબુક સ્ટોક વિગત | | ઈસ્યુમાં નહીં દર્શાવેલ બુક (પહોંચ નં. થી પહોંચ નંબર સુધી ) |
|---|---|---|---|---|
| | | બુકની સંખ્યા | પહોંચ નં.થી નં.સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | 1EL | ૫૦ | ૧ થી ૫૦૦૦ | ૧૪૦૧ થી ૧૫૦૦ |
| | | ૫૦ | ૧ થી ૫૦૦૦ | ૧૨૦૧ થી ૧૩૦૦ |
| ૨ | FYSY TYBA | ૪૨ | ૮૦૧ થી ૫૦૦૦ | ૮૦૧ થી ૫૦૦૦ |
| ૩ | " | ૧૦૦ | ૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૬૦૧ થી ૧૭૦૦ |
| | | | | ૪૪૦૧ થી ૪૯૦૦ |
| | | | | ૬૦૦૧ થી ૭૦૦૦ |
| ૪ | 6M.COM | ૫૩ | ૧૪૦૭ થી ૨૦૦૦૦ | ૧૧૦૦૧ થી ૧૭૪૦૦ |
| | | | | ૧૯૯૦૧ થી ૨૦૦૦૦ |
| ૫ | 12 V.M. | ૨૧ | ૧૨૯૦૧ થી ૧૫૦૦૦ | ૧૪૯૦૧ થી ૧૫૦૦૦ |
| ૬ | " | ૮૦ | ૦૦૦૧ થી ૮૦૦૦ | ૭૧૦૧ થી ૭૫૦૦ |
| | | ૭૦ | ૮૦૦૧ થી ૧૫૦૦૦ | ૧૦૨૦૧ થી ૧૦૩૦૦ |
| ૭ | 15 RA | ૫૦ | ૦૦૧ થી ૫૦૦૦ | ૩૦૧ થી ૪૦૦ |
| | | | | ૨૯૦૧ થી ૩૨૦૦ |
| | | | | ૪૦૦૧ થી ૪૧૦૦ |
| | | | | ૪૩૦૧ થી ૪૪૦૦ |
| | | | | ૫૧૦૦ થી ૫૨૦૦ |
| | | | | ૫૪૦૧ થી ૫૫૦૦ |
| | | | | ૭૮૦૧ થી ૭૯૦૦ |
| ૮ | 17 MS.2 | ૨૦ | ૦૦૧ થી ૨૦૦૦ | ૧૭૦૧ થી ૧૮૦૦ |
| ૯ | 19 FG | ૪ | ૪૬૦૧ થી ૫૦૦૦ | ૪૮૦૧ થી ૪૯૦૦ |
| | | ૪૫૦ | ૦૦૦૧ થી ૪૫૦૦૦ | ૧૧૪૦૧ થી ૧૧૫૦૦ |
| | | | | ૧૪૯૦૧ થી ૧૫૦૦૦ |
| | | | | ૩૯૬૦૧ થી ૩૯૭૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ૪૩૭૦૧ થી ૪૩૮૦૦ |
| | | | | ૪૫૪૦૧ થી ૪૫૫૦૦ |
| ૧૦ | 22HRG | ૧૦ | ૦૦૧ થી ૧૦૦૦ | ૨૦૧ થી ૩૦૦ |
| ૧૧ | 23PUGF | ૫૦ | ૦૦૧ થી ૫૦૦૦ | ૧૦૧ થી ૨૦૦ |
| | | | | ૨૨૦૧ થી ૨૩૦૦ |
| | | | | ૨૪૦૧ થી ૨૬૦૦ |
| | | | | ૨૭૦૧ થી ૨૮૦૦ |
| ૧૨ | 25 RMO | ૪ | ૧૦૧ થી ૫૦૦ | ૧૦૧ થી ૩૦૦ |
| | | | | ૪૦૧ થી ૫૦૦ |
| ૧૩ | 29 E | ૨૩ | ૩૭૦ થી ૬૦૦ | ૪૪૦૧ થી ૪૫૦૦ |
| | | | | ૫૮૦૧ થી ૫૯૦૦ |
| ૧૪ | 30MISE INCOME | ૨ | ૪૮૦૧ થી ૫૦૦ | ૪૯૦૧ થી ૫૦૦ |
| | | ૧૦ | ૦૦૧ થી ૧૦૦૦ | ૯૦૧ થી ૧૦૦૦ |
| | | ૩૨ | ૧૮૦૧ થી ૫૦૦૦ | ૩૨૦૧ થી ૩૩૦૦ |
| | | ૫૦ | ૦૦૧ થી ૫૦૦૦ | ૮૦૧ થી ૯૦૦ |
| | | | | ૩૪૦૧ થી ૩૫૦૦ |
| ૧૫ | 43 LF | ૩૯ | ૧૧૦૧ થી ૫૦૦૦ | ૧૫૦૧ થી ૧૬૦૦ |
| | | | | ૪૪૦૧ થી ૪૫૦૦ |
| | | ૩૭ | ૨૩૦૧ થી ૬૦૦૦ | ૨૭૦૧ થી ૨૮૦૦ |
| | | | | ૨૯૦૧ થી ૩૦૦૦ |
| ૧૬ | 59RG | ૯૬ | ૪૦૧ થી ૧૦૦૦૦ | ૫૦૧ થી ૭૦૦ |

**ફકરા નંબર-૪૦(૨)**

છાપેલી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીએ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પેટે રૂ..૪,૬૦,૯,૯૩૨.૦૦ પ્રકાશનોની આવક પેટે રૂ..૯૦,૪૦,૪૮૪.૭૫, કોમ્પ્યુટર સેન્ટરની આવક રૂ..૪,૫૩,૩૫૦.૦૦ તથા અન્ય ફી રૂ..૨,૨૧,૬૫,૦૨૧.૨૮ મળી કુલ રૂ.. ૭,૭૬,૬૪,૭૮૮.૦૩ ની આવક કાઉન્ટર કલેકશન રજીસ્ટર અને સં.મ.ઓ કલેકશન મારફતે થયેલ છે. આમ યુનિવર્સીટી ધ્વારા આ માટે જુદા જુદા ૬૦ પ્રકારની આવકવાર છાપેલી કિંમતની પહોંચ બુકો ઉપયોગમાં લેવામાં આવે છે.

આમ યુનિવર્સીટી ધ્વારા છાપેલી કિંમતની પહોંચો ધ્વારા મોટા પ્રમાણમાં આવક થતી હોઈ તે માટે આ પહોંચ બુકો નો સ્ટોક રજીસ્ટર તથા પહોંચ બુકો છપાવેલ હોય તો તેના મળેલ જથ્થો તથા વર્ષાન્તે હાથ ઉપર રહેલ પહોંચ બુકોના જથ્થાના હિસાબનું રજીસ્ટર ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી તો જવાબદારની જવાબદારી નકકી કરી સ્પષ્ટતા સહ અહેવાલ આપવો સ્ટોક રજીસ્ટર તેમજ ઇસ્યુ રજીસ્ટર આ પહોંચબુકોનું મેળવણું અને ભૌતિક ચકાસણી કરાવવામાં આવેલ નથી. તો તે કરાવી ઓડિટને ખાત્રી કરાવવી આ એક ગંભીર બાબત હોઇ આ અંગે સંસ્થાના વડાનું ધ્યાન દોરવામાં આવે છે.

.....

પ્રા.વા.નં.૬, તા-૨/૯/૦૯ નો સંસ્થાએ જવાબ પણ રજુ કરેલ નથી અને આ પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રેકર્ડ આગામી ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી.

**ફકરા નંબર-૪૧**

યુનિવર્સીટી તથા તેના વિભાગોની સફાઈ માટેના કરાર બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થા તથા તેના તાબાના વિભાગોમાં સાફ સફાઈ માટેના કર્મચારીઓ માટે સંભવીત બ્લુબડ કેર પ્રા.લી. સાથે કરાર કરી માણસો મેળવી ભારત સરકારના વિભાગીય લેબર કમીશ્નરના પરિપત્ર નં.એએસ/જીએફએમડબલ્યુએ/૨૦૦૩ તા-૨૧/૪/૦૩ ની જોગવાઈ મુજબ અમદાવાદ માટે અનસ્કીલ્ડ લેબર માટે દૈનીક રૂ..૫૯/- વત્તા ૨૬.૪૦ ડીએ કુલ રૂ..૮૫.૪૦ દૈનીક લેખે માસીક રૂ..૨૧૪૦.૦૦ લેખે તથા માળીને (સ્કીલ્ડ લેબર) માસીક રૂ..૨૮૦૦ લેખે સંભવીત બ્લુબડ કેર લી. ને હિસાબી કોડ નં.૫૭૦૭૦૦૦ હેઠળ નીચેની વિગતે ચુકવણું કરવામાં આવેલ હોવાનુ ઓડીટના ધ્યાન ઉપર આવેલ છે.

આમ યુનિવર્સીટી તથા તેના વિભાગો અને ભવનોની સફાઈ માટે સ્વીપર અને બગીચાઓની જાળવણી માટે માળીને રાખવા માટે કરેલ ધોરણસરની કાર્યવાહી જેવી કે ટેન્ડરથી ભાવ મંગાવવા તથા આવેલ ભાવો બાબતે કરેલ કાર્યવાહી તથા આ સંસ્થા તથા તેના વિભાગો અને ભવનોને સ્વીપર અને માળીની માંગણી તથા કેટલા કર્મચારી રાખવામાં આવેલ છે તેની વિગત તથા આ કંપની સાથે કરેલ કરારની ફાઈલ તથા આ સંસ્થાને માસિક રીતે કેટલી રકમ ચુકવી તેની વિગત (ઓડીટ વર્ષની) આગામી ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી.

પ્રા.વા.નં.૬૮. તા-૨૮/૧૦/૦૯ તથા ૭૨. તા.૪-૧૧-૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી તેમજ રેકર્ડ રજુ કરેલ નથી જેથી આ કામ અર્થે કેટલા માણસો રાખેલ છે અને કયાં કામ કરેલ છે તથા કુલ કેટલો ખર્ચ થયેલ છે તે જાણી શકાયેલ નથી. જેથી થયેલ ખર્ચ રૂ. ૪૧૫૧૧૩.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ. ૧૫,૧૩૩.૦૦

| વા. નં. | તારીખ | રકમ |
|---|---|---|
| ૨૩૪૭ | ૨૭-૮-૦૪ | ૪૬૧૦૦ |
| ૨૩૪૮ | !! | ૫૧૩૬ |
| ૨૩૪૯ | !! | ૨૧૪૦ |
| ૨૭૬૩ | ૧૦-૯-૦૪ | ૩૪૧૫૪ |
| ૩૦૭૯ | ૨૧-૧૦-૦૪ | ૧૦૯૩૦૦ |
| ૩૯૬૧ | ૮-૧૧-૦૪ | ૫૬૮૦૦ |
| ૭૪૯૫ | ૩૧-૩-૦૫ | ૧૬૧૪૬૩ |
| કુલ | | ૪૧૫૧૧૩ |

**ફકરા નંબર-૪૨**

શ્રી પી.પી.પ્રજાપતિ લેકચરર સામે ખાતાકીય તપાસ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.ન.૫૫૯૮ તા-૧૧/૨/૦૫ થી રૂ..૭૫,૦૦૦/- લીગલ ચાર્જ તરીકે શ્રી ડી.જી.કારીયા ને યુનિવર્સીટી ના સમાજવિદ્યા ભવનમાં લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી પી.પી.પ્રજાપતિ સામે નકલ બાજી અંગેની તપાસ માટે તપાસ અધિકારી તરીકે (નિવૃત જસ્ટીસ) ની નિમણુંક આપવામાં આવેલ છે તેઓના મહેનતાણાના ૫૦ ટકા લેખે ઉકત રકમ ચુકવેલ છે.

આ બાબતે શ્રી પી.પી.પ્રજાપતિ સામે થયેલ તપાસનું પરિણામની જાણ કરવી તેમજ કરેલ કાર્યવાહી તથા શ્રી કારીયાનો તપાસણી અધિકારી અંગેની નિમણુંક અંગેનો આદેશ વધુમાં યુનિવર્સીટી સેનેટ દ્વારા થયેલ આ અંગેના ઠરાવ / આદેશ વિગેરે પણ રજુ કરવા તથા શ્રી પ્રજાપતિ સામે લેવામાં આવેલ પગલા બાબતની તપાસ ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે. તથા બાકી ની રૂ..૭૫,૦૦૦/- ની રકમ શ્રી કારીયાને કયારે ચુકવેલ તે બાબત અંગેની સઘળી કાર્યવાહીની રેકર્ડ આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૧૨૩, તા-૨૪/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ ખાતાકીય તપાસ બાબતેની ફાઈલ આગામી ઓડીટમાં રજુ કરવા ઓડીટનું સુચન છે અને આ ફાઈલ રજુ ન કરવામાં આવે ત્યાંસુધી આ કરેલ ખર્ચ રૂ..૭૫૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૭૫૦૦૦/-**

## ફકરા નંબર-૪૩(૧)

નિવૃત કર્મચારીઓની સેવાપોથીઓ રજુ ન થવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન ઓડીટવર્ષ દરમ્યાન નિવૃત થયેલ ૩૩ કર્મચારીઓ નીચેની વિગતે ની નિવૃત્ત થયેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | બિનશિક્ષક વર્ગના કર્મચારી | ૧૬ |
| (૨) | શિક્ષક વર્ગના કર્મચારી | ૦૮ |
| (૩) | પટાવાળા | ૦૨ |
| (૪) | અવસાન કર્મચારી | ૦૩ |
| (૫) | સ્વૈચ્છીક નિવૃત્તિ | ૦૪ |
| | કુલ | ૩૩ |

આમ, ઉકત નિવૃત કર્મચારી પૈકી સામેલ પરિશિષ્ટ-૯ મુજબના નિવૃત્ત કર્મચારીઓની સેવાપોથીઓ ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી જેથી આ કર્મચારીઓને ચુકવાયેલ નિવૃતિના લાભ તરીકેના રજાના રોકડમાં રૂપાંતર ની ચુકવાયેલ રકમ રૂ..૮,૮૨,૮૧૯/- ની રકમની રજાના હિસાબો સાથેની ખરાઈ થઈ શકેલ નથી જેથી રેકર્ડ રજુ ન થવાના કારણે આ રકમ રૂ..૮,૮૨,૮૧૯/- વાંધા હેઠળ રાખવામાં આવે છે. તો આ સેવાપોથીઓ શોધી ચાલુ ઓડીટ સમક્ષ રજુ કરવી અન્યથા આગામી ઓડીટ વખતે ઓડીટને ખાત્રી કરાવવા વિંનતી છે.

આ પરિશિષ્ટ-૯ ના ક્રમ નં.૪ વાળા કર્મચારી શ્રી મણીયાર સ્વૈચ્છીક નિવૃત્તિ લીધેલ હોઈ સ્વૈચ્છીક નિવૃત્તી લેનાર કર્મચારીને રજાના રોકડમાં રૂપાંતર ના લાભમાં સ્થાનીક વળતર ભથ્થું ચુકવવાપાત્ર ન હતું હોવાથી તેમને ચુકવેલ રકમ રૂ.. ૧૧૨૮/- વસુલાતને પાત્ર હોઈ વસુલાત મેળવી યુનિ. ભંડોળમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા. નં.૧૦૪, તા-૧/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ કોઈ રેકર્ડ રજુ કરેલ ન હોઈ આ ખર્ચની વ્યાજબી પણાની કોઈજ ખાત્રી થઈ શકેલ નથી જેથી આ ખર્ચ રૂ..૮,૭૨૮૧૯/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાત રૂ..૧૧૨૮

વાંધા હેઠળ રૂ.. ૮,૮૨,૮૧૯/-

## પરિશિષ્ટ – ૯ - ફકરા નં. ૪૩
## ઓડીટ વર્ષ દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મચારીઓને ચુકવેલ નિવૃત્તિ લાભ બાબતની વિગત (રજાનું રોકડમાં રૂપાંતર )

| ક્રમ | એમ્પ્લાઇ નંબર | કર્મચારીનું નામ | વા. નં. તારીખ | ચુકવેલ રકમ | કેટલી રજાનું રોકડમાં રૂપાંતર | નિવૃત્ત વખતના પગાર ભથ્થાની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | --- | શ્રી આર. બી. નાયક ડી. રાઇડર ફીજીકસ વિભાગ (વ. નિ. ) | ૨૨૧ ૧૩-૪-૦૪ | ૩૭૨૦૦ | ૩૦૦ | ૩૭૨૦+૧૯૩૪+૯૫ |
| ૨ | --- | આર. એ. મલાણી પ્રો. ઇંગ્લીશ ભાષંતર (વ.નિ.) | ૧૦૮૧ ૩-૬-૦૪ | ૨૯૩૧૦ | ૪૩ | ૨૦૪૫૦+૮૩૮૪+૨૪૦ |
| ૩ | ૧૪૧૨ | અરવિંદભા એચ. શાહ સિ. કલાર્ક (અવસાન) | ૧૮૫૬ ૨૮-૭-૦૪ | ૮૨૦૦૦ | ૩૦૦ | ૫૦૦૦+૩૦૫૦+૧૫૦ |
| ૪ | -- | શ્રી એમ. એ. મણીયાર સીની. કો. ઓ. (સ્વૈ. નિવૃત્તિ) | ૧૮૭૪ ૩૧-૭-૦૪ | ૭૧૫૦૧ | ૧૪૧ | ૯૩૦૦+૫૬૭૩+૨૪૦ |
| ૫ | ૧૦૭૯ | કુમારપાળ દેસાઇ પ્રો. ગુજરાતી (વ.નિ.) | ૩૫૮૫ ૩૦-૧૦-૦૪ | ૩૦૨૬૭૮ | ૨૯૩ | ૧૯૧૦૦+૧૧૬૫૧+૨૪૦ |
| ૬ | ૬૨૨ | શ્રી ડી. આર. | ૫૪૧૧ | ૨૯૭૦૩૦ | ૧૭૮ | ૧૮૩૦૦+૧૧૧૬૩+૨૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પટેલ<br>રીડર બી. કે. સ્કુલ<br>(વ. નિ.) | ૨-૨-૦૫ | | ૬.૨જા<br>૧૮૩<br>કોમ્પ્યુ.<br>૩૬૭ | ૦ |
| ૭ | ૭૫ | સરિતા કે. શર્મા<br>ડીરપે. રાઇટર<br>પરીક્ષા વિભાગ<br>(વ. નિ. ) | ૬૨૮૯<br>૯-૩-૦૫ | ૬૩૧૦૦ | | ૩૮૬૦+૨૩૫૫+૯૫ |
| | | | | ૮૮૨૮૧૯ | | |

**ફકરા નંબર – ૪૩(૨)**

ઘણા સમયથી પગાર આકારેલ ન હોય તેવા કર્મચારીની સેવાપોથી બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન કર્મચારીઓની સેવાપોથીઓની ચકાસણી કરતા ઓડીટ માટે નીચે દર્શાવેલ કર્મચારીઓની સેવાપોથીઓ રજુ કરવામાં આવેલ નથી.

| ક્રમ | કર્મચારીનુ નામ | વિભાગ | એમ્પ્લોઈ નંબર | ક્ષતિ બાબત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી એમ.આર.નાયક | ગ્રંથાલય | ૧૧૭૭ | ફેબ્રુઆરી-૦૪ થી પગાર આકારેલ નથી |
| ૨ | અનિતા વી.સિંહ | ભાષા ભવન | ૩૦૦૬ | નવે-૦૪ થી પગાર આકારેલ નથી. |
| ૩ | શ્રી એસ.એમ.મકવાણા | !! | ૮૯૬ | નવે તથા ડીસે-૦૪ પગાર આકારેલ નથી |
| ૪ | શ્રી ડી.એન.ચૌધરી | કાર્યાલય | ૧૧૧૮ | જુન-૦૪ થી સપ્ટે-૦૪ તથા નવે,ડીસે-૦૪ પગાર આકારેલ નથી |
| ૫ | શ્રી બી.આર.શુકલ | એસ્ટેટ | ૧૧૧૬ | ઓગષ્ટ-૨૦૦૦ થી એલ.ડબલ્યુ.પી. ઉપર છે. |

ઉપરોકત કર્મચારી નં.૧ થી ૪ માં કોલમમાં દર્શાવેલ ક્ષતિની વિગતોમાં દર્શાવ્યા પ્રમાણે કર્મચારીનો પગાર નહીં આકારવા બાબતે આધાર સહ ઓડીટને ખાત્રી કરાવવી. તેમજ ક્રમ નં.૫ શ્રી શુકલ ઓગષ્ટ-૨૦૦૦ થી એલ.ડબલ્યુ પી. ઉપર છે તો નોકરીમાં હાજર થવા માટે તેઓની સામે કાર્યવાહી કરી અને હાજર ન થાય તો શિસ્ત અપીલના નિયમો મુજબ પગલા લઇ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. તથા સેવાપોથીઓ શોધી ચાલુ ઓડીટ સમક્ષ રજુ કરવી. અન્યથા આગામી ઓડીટ વખતે ઓડીટને ખાત્રી કરાવવી.

પ્રા.વા.નં.૧૧૫, તા-૧૧/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ કર્મચારીઓની સેવા બાબતની વિગતો ચકાસી શકાયેલ નથી તો આ સેવાપોથીઓ આગામી ઓડીટે રજુ કરવી.

## ફકરા નંબર – ૪૩.૩

સેવાપોથી નિભાવવામાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ કર્મચારીઓની સેવાપોથીમાં શ્રી સંજય માણિકચંદ્ર જૈન લેકચરર, કોમ્પ્યુટર સાયન્સ, એપ્લોઈ નં.૧૨૪૬ તા-૧૧/૭/૯૧ થી આ સંસ્થામાં ૨૨૦૦-૭૫-૪૦૦૦ ના પગાર ધોરણમાં લેકચરર તરીકે જોડાયેલ હતા. શ્રી જૈનની સેવાપોથીમાં સને ૧૯૯૩ માં તા-૫/૪/૯૩ એ ઈજાફો છોડયા અંગેની નોંધ કરવામાં આવેલ છે ત્યારપછી સેવાપોથીમાં નોકરી અંગેની કોઈજ નોંધ થયેલ નથી. તો શ્રી જૈન હાલમાં નોકરીમાં ચાલુ છે કે કેમ ? અથવા રાજીનામુ આપીને નોકરી છોડીને જતા રહેલ છે કે કેમ ? તે અંગેની આધાર સહ ઓડીટને સ્પષ્ટતા થવી ઘટે. તેમજ શ્રી જૈન રાજીનામુ આપીને નોકરી છોડીને ગયેલ હોય તો છુટા કરવા અંગેની કાર્યવાહી કરી સેવાપોથીમાં નોંધ કરી ઓડીટને ખાત્રી કરાવવાની રહે.

સંસ્થામાં રાજીનામુ આપી નોકરી છોડી ગયેલ કર્મચારીના અન્ય કિસ્સા હોય તો તેવા કિસ્સા ઓડીટને ધ્યાને લાવી કર્મચારીને છુટા કરવા અંગેની કાર્યવાહી કરી સેવાપોથીમાં નોંધ કરી ઓડીટને ખાત્રી કરાવવાની રહે.

પ્રાં.વા.નં.૧૧૧, તા-૧૦/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી રેકર્ડ આધારીત ખાત્રી ન કરાવતાં સુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

---

## ફકરા નંબર-૪૩.૪

સેવાપોથીમાં રજાના હિસાબમાં સક્ષમ અધિકારીની સહીની પ્રથા અમલી બનાવવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ કર્મચારીની સેવાપોથીમાં હકકરજા તથા માંદગી સબબ ના હિસાબમાં કર્મચારીએ ભોગવેલ હકકરજા તથા માંદગીની રજાની નોંધમં સક્ષમ અધિકારીની સહી થયેલ નથી તેમજ ભોગવેલ રજા અંગેની કોઈ જ અલાયદી નોંધ કરવામાં આવતી નથી. જેથી રજાના હિસાબમાં અનિયમિતતા થવાની સંભાવના રહેલી છે. તો હકકરજા તથા માંદગી સબબ ના રજાના હિસાબમાં કર્મચારીએ ભોગવેલ રજાઓ સામે તથા હિસાબમાં જમા રહેલી રજાઓની નોંધ સામે સક્ષમ અધિકારીશ્રીની સહી લેવા અંગેની પ્રથા અમલી બનાવવા અંગેની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

પ્રા.વા. નં. ૧૦૬ તા-૫/૧૨/૦૯ ની સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી પુર્તતા થઈ ઓડીટ સમક્ષ રજુ ન કરાવવામાં આવે ત્યાં સુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## ફકરા નં. ૪૪

આપેલ હવાલાના વાઉચરો રજુ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબના ઓડીટ વાંધા આપવામાં આવે છે.

(૧) વા.નં.૪૨૧૨ તા-૩૦/૧૧/૦૪ રૂ..૪૩,૭૩૯/- કાઉન્ટર કલેકશન ધ્વારા નવે-૦૪ માં આવેલ એકઝામ ફી નો હવાલો તથા વા.નં. ૪૭૯૭ તા-૩૧/૧૨/૦૪ રકમ રૂ. ૫૨,૬૩,૩૨૯/૬૪ એમ.ઓ.કલેકશન ધ્વારા ડીસે-૦૪ માં આવેલી પરચુરણ આવકના હવાલા અંગેના વાઉચર ફાઈલમાં રજુ કરેલ ન હોઈ, સદરહું બન્ને હવાલા અંગેના વાઉચર તૈયાર કરી, વાઉચર ફાઈલમાં સામેલ રાખી ઓડીટને ખાત્ર કરાવવાની રહેશે.

(૨) વા.નં.૪૪૭૫ તા-૧૬/૧૨/૦૪ માં જુ.કા.ને નવેમ્બર-૦૪ ના પગારના ચુકવ્યા અંગેનો ખર્ચ દર્શાવેલ છે જેના કેશબુકમાં એસ્ટેટ સી.એલ.એ.ની રકમ રૂ..૧૪૩.૦૦ દર્શાવવામાં આવેલ છે જયારે વાઉચરમાં સદરહું રકમ રૂ..૧૪૩.૦૦ ખર્ચ તરીકે દર્શાવેલ નથી. આમ. વાઉચરમાં દર્શાવેલ ખર્ચ કરતા કેશબુકમાં રૂ..૧૪૩.૦૦ નો ખર્ચ વધુ ઉધારવામાં આવેલ છે જે વિસંગતતા બાબતે સ્પષ્ટતા કરી ઓડીટને ખાત્રી કરાવવાની રહેશ.

પ્રા.વા.નં.૮૪, તા-૧૩/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તેમજ હવાલાના વાઉચરો રજુ કરેલ નથી.

**ફકરા નંબર – ૪૫**

વાઉચર સ્લીપમાં વાઉચર સ્લીપ તૈયાર કરનાર ચેક કરનાર તથા વહીવટી અધિકારીની સહીઓ નહીં થવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણમાં દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા મોટા ભાગના બીલો સાથેની સામેલ વાઉચર સ્લીપમાં વાઉચર સ્લીપ તૈયાર કરનાર, ચેક કરનાર તથા વહીવટી અધિકારીની સહીઓ થયેલ નથી. નમુનારૂપ કિસ્સાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | વા.નંબર | તારીખ | રકમ | બિલની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૩ | ૧૨/૪/૦૪ | ૧૬૦૦૦ | કન્ટી. બીલ |
| ૨ | ૨૨૧ | ૧૩/૪/૦૪ | ૫૭૪૯૦ | !! |
| ૩ | ૫૩૧ | ૧/૫/૦૪ | ૪૩૫૪૬૩ | પગાર બીલ |
| ૪ | ૫૩૩ | !! | ૭૬૮૧૬ | !! |
| ૫ | ૧૦૬૮ | ૧/૬/૦૪ | ૪૩૬૪૩૨ | !! |
| ૬ | ૧૦૭૩ | !! | ૧૭૬૮૧૨ | !! |
| ૭ | ૧૫૨૨ | ૧/૭/૦૪ | ૮૭૦૫૭ | !! |
| ૮ | ૧૯૪૫ | ૩૧/૭/૦૪ | ૮૦૦૦ | કન્ટી. બીલ |
| ૯ | ૨૨૨૦ | ૧૬/૮/૦૪ | ૧૦૦૦૦ | !! |
| ૧૦ | ૨૨૩૩ | !! | ૩૯૮૬૯ | !! |
| ૧૧ | ૨૭૧૮ | ૯/૯/૦૪ | ૫૩૦૨૧ | !! |
| ૧૨ | ૩૦૪૦ | ૩૦/૯/૦૪ | ૨૦૮૭ | !! |
| ૧૩ | ૩૩૪૫ | ૧૩/૧૦/૦૪ | ૪૯૭૫ | !! |
| ૧૪ | ૩૩૪૬ | !! | ૨૦૦૦ | !! |
| ૧૫ | ૪૦૦૧ | ૧૦/૧૧/૦૪ | ૧૯૮૬ | !! |
| ૧૬ | ૪૦૦૮ | !! | ૩૭૫૦૦ | !! |
| ૧૭ | ૪૩૧૫ | ૩/૧૨/૦૪ | ૬૨૩૫૭૪ | પગાર બીલ |
| ૧૮ | ૪૩૧૬ | !! | ૩૩૯૯૪૬ | !! |
| ૧૯ | ૪૮૭૧ | ૧/૧/૦૫ | ૮૫૫ | !! |
| ૨૦ | ૪૮૭૫ | !! | ૧૮૧૧૪ | !! |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૫૮૪૯ | ૨૫/૨/૦૫ | ૪૮૯૩૫૩૮ | કન્ટી. બીલ |
| ૨૨ | ૫૮૫૦ | !! | ૭૦૬૩ | !! |
| ૨૩ | ૬૩૫૨ | ૧૫/3/૦૫ | ૨૦૩ | !! |
| ૨૪ | ૬૩૬૧ | !! | ૯૦૦૦ | !! |

આમ વાઉચર સ્લીપમાં વાઉચર સ્લીપ તૈયાર કરનાર, ચેક કરનાર તથા વહીવટી અધિકારીશ્રીની સહી થાય તે અંગેની તકેદારી રાખવા અંગેની ઓડીટ નોંધ આપવામાં આવે છે. જરૂરી પુર્તતા કરવી.

પ્રા.વા. નં.૯૧, તા-૧૮/૧૧/૦૯ ના પુર્તતામાં હવેથી આવી ભુલ નહીં થાય તેમ જણાવેલ છે. પંરતુ આ વાઉચરમાં પુર્તતા કરેલ નથી જે યોગ્ય નથી પુર્તતા કરતા સુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## ફકરા નંબર-૪૬

મુસાફરી ભથ્થાના બીલોમાં અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) વા.નં.૧૬૩૦ તા-૨૬/૪/૦૪ બીલની રકમ રૂ.૧૯,૫૨૪/- શ્રી ડૉ.પ્રકાશ શેઠ્ઠીએ એમ.એસ.પરીક્ષાના પ્રેકટીકલ માટે તા-૨૩/૪/૦૪ થી તા-૨૬/૪/૦૪ સુધી મેગ્લોર વાયા મુંબઈ થી અમદાવાદ અને પરત મેગ્લોર જવા માટે ઈન્ડીયન એરલાઈન્સમાં હવાઈ મુસાફરી કરેલ છે. મુસાફરી દરમ્યાનની હવાઈ ટીકીટની કુલ રકમ રૂ.૧૮,૯૧૦/- નું ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ બીલ સાથે હવાઈ ટીકીટ રજુ કરવામાં આવેલ નથી તો હવાઈ ટીકીટ રજુ કરવામાં ન આવે ત્યાંસુધી હવાઈ મુસાફરી ની રકમ રૂ.૧૮,૯૧૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૨) કેટલાક કર્મચારીઓએ રજુ કરેલ મુસાફરી ભથ્થાના બીલોમાં કરેલ મુસાફરીના સ્થળ સમયની સંપૂર્ણ વિગતો દર્શાવેલ ન હોવા છતાં મુસાફરી ખર્ચની રકમનું ચુકવણું કરવામાં આવેલ છે. નમુનારૂપ કિસ્સાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કર્મચારીનુ નામ | વા.નં./ તારીખ | બીલની રકમ | મુસાફરી નુ સ્થળ | મુસાફરીનો સમય | વાહન | કિ.મી. | ભાડાની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | શ્રી શંકરભાઈ એમ.પટેલ | ૬૯૬/ ૧૨/૪/૦૪ | ૫૮૮ | - | ૧૨/૪/૦૪ | પોતાની મારૂતિ કાર | ૩૬૦ | ૪૮૮ |
| ૨ | શ્રી શાંતિભાઈ કે. પટેલ | ૧૧૮૨૩/ ૨૬/૧૧/૦૪ | ૧૬૧૦ | - | - | ટેક્ષી | ૨૪૦ | ૧૪૪૦ |
| ૩ | જેલમ કે.ગઢવી | ૨૪૧૪ ૩/૫/૦૪ | ૧૫૩૦ | નખત્રાણા થી અમદાવાદ | - | - | - | - |
| ૪ | શ્રી રવિરાજ જે. રાવલ | ૨૪૧૫/ ૩/૫/૦૪ | ૧૫૩૦/ ૫૨૫૮ | !! | - | - | - | - |

ઉપરોકત અ.નં.૧ અને ૨ ના કર્મચારીના બીલોમા મુસાફરીના સ્થળની વિગત દર્શાવેલ ન હોવા છતાં દર્શાવેલ કિ.મી. મુજબ કાર/ટેક્ષી ભાડાની રકમની ચુકવણી કરવામાં આવેલ છે અ.નં.નં.૨,૩ અને ૪ માં કર્મચારીએ મુસાફરીના સમયગાળા અંગેની કોઈ વિગત દર્શાવેલ ન હોવા છતાં કેવા સંજોગોમાં બીલનુ ચુકવણી કરવામાં આવેલ છે તેની ઓડીટ સમક્ષ ખાત્રી કરાવવી ઘટે. આમ, બીલોમાં મુસાફરીના સ્થળ, સમયની સંપૂર્ણ વિગત દર્શાવવામાં ન આવે ત્યાંસુધી કુલ રકમ રૂ..૫૨૫૮/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૩) કેટલાક કર્મચારીઓએ રજુ કરેલ મુસાફરી ભથ્થાના બીલોમાં ચુકવણી કરનાર સક્ષમ અધિકારીશ્રીના સહી સિકકા થયા વિના બારોબાર સીધા જ બીલોનું ચુકવણુ કરવામાં આવેલ છે. નમુનારૂપ કિસ્સાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કર્મચારીનુ નામ | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ડો.જગદીશ ભાવસાર | ४७४ | ૭/૪/૦૪ | ૪૫૦ |
| ૨ | શ્રી જી.એમ.પટેલ | ૭૨૧ | ૧૨/૪/૦૪ | ૭૫ |
| ૩ | શ્રી પ્રવિણ ઓ.ચૌહાણ | ૭૪૬ | ૧૨/૪/૦૪ | ૫૧૬ |
| ૪ | શ્રી સદ્દીક એમ.કાદરે | ૮૯૧ | ૧૩/૪/૦૪ | ૩૭૫ |
| ૫ | શ્રી બાબુભાઈ જે.દેસાઈ | ૧૬૧૨ | ૨૬/૪/૦૪ | ૧૭૫ |
| | | | કુલ રકમ | ૧૫૯૧ |

ચુકવણી કરનાર સક્ષમ અધિકારીશ્રીના બીલોની ચુકવણી માટે સહી સિકકા થયા વિના બારોબાર બીલોનુ ચુકવણુ કરવામાં આવે તો ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતીઓ થઈ શકે તેમ છે તો બીલોમાં ચુકવણી અધિકારીના બીલોના ચુકવણા માટેના સહી સિકકા થયા બાદ જ બીલોનું ચુકવણું કરવા અંગે ઓડીટ નોંધ આપવામાં આવે છે. અને ઉપરોકત બીલોમાં ચુકવણી અધિકારીના ચુકવણા માટેના સહી સિકકા ન થાય ત્યાંસુધી બીલોની કુલ રકમ રૂ..૧૫૯૧/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૪) કેટલાક કર્મચારીઓએ રજુ કરેલ મુસાફરી ભથ્થાના બીલોમાં બીલની ચકાસણી માટેની સરકારશ્રીએ નકકી કરેલ પ્રક્રિયાનો ભંગ કરીને બીલોની ચકાસણી વગર એટલેકે પાસ ફોર પેમેન્ટનો શેરો કર્યા સિવાય સીધા જ બીલોની રકમનું ચુકવણું કરવામાં આવેલ છે નમુનારૂપ કિસ્સાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કર્મચારીનુ નામ | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ભરતકુમાર બી.મહેતા | ૧૭૨૬૧ | ૧૨/૩/૦૫ | ૨૧૦ |
| ૨ | જાગૃતિ એસ.પંડયા | ૧૭૨૯૮ | !! | ૧૫૦ |
| | | | કુલ રકમ | ૩૬૦ |

ઉપરોકત બીલોમાં બીલોના ચુકવણા માટેની ચકાસણીની પ્રકિયા કર્યા સિવાય કેવા સંજોગોમાં બીલોનું ચુકવણું કરવામાં આવેલ છે તે અંગેની ઓડીટ સમક્ષ ખાત્રી કરાવવી ઘટે. અને જયાંસુધી બીલોની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાંસુધી બીલની કુલ રકમ રૂ.. ૩૬૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૫. શ્રી એ.એ.પંડયા વા.નં.૧૧૯૯૬ તા-૧/૧૨/૦૪ રૂ.. ૨૯૦/- બરોડાથી અમદાવાદ-બરોડાના ટી.એ.બીલમાં રીસીવ પેમેન્ટમાં કર્મચારીની સહી લીધા સિવાય બીલનું ચુકવણું કરવામાં આવેલ છે તો રીસીવ પેમેન્ટમાં કર્મચારીની સહી લેવામાં ન આવે ત્યાંસુધી બીલની રકમ રૂ..૨૯૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૭૯, તા-૧૦/૧૦/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી, આથી આ ફકરામાં દર્શાવેલ ક્ષતિની પુર્તતા ન થાય ત્યાંસુધી રૂ..૨૬.૪૦૯/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૨૬,૪૦૯/-

## ફકરા નંબર-૪૭

લેડીઝ હોસ્ટેલ ના ડેડ સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન કન્યા છાત્રાલય ની મુલાકાત લેતા કન્યા છાત્રાલયમાં નિભાવેલ ડેડ સ્ટોક ના રજીસ્ટરની ચકાસણી કરતા નીચે મુજબ ક્ષતિ માલુમ પડેલ છે.

૧.આ કન્યા છાત્રાલય ના ડેડ સ્ટોકમાં ખુરશીઓ ના સ્ટોકમાં નીચે મુજબની પરીસ્થીતી માલુમ પડેલ છે.

| | |
|---|---|
| 38 | કુલ ખુરશી |
| 39 | ૨૫૪ હતી |
| | ૧૯૮૪ માં ચાર્જમાં મળી |
| | ૨૨૩ હતી |
| ઘટ | ૦૩૧ |

(૧) શ્રીમતી શાહએ ૧૯૮૪ માં આ હોસ્ટેલનો ચાર્જ સંભાળ્યો ત્યારે ૩૧ ખુરશીઓ ઘટમાં હતી તેમના કહેવા મુજબ ૩૧ ખુરશીઓની કિંમત અગાઉના વોર્ડન પાસેથી કિંમત વસુલ કરવામાં આવેલ છે પરંતુ તેની કોઈજ નોંધ ડેડ સ્ટોકમાં નથી તો આ અંગેની અધિકૃત વિગતો મેળવી ડેડ સ્ટોકમાં નોંધ કરી અધિકૃત આધાર સાથે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

શ્રીમતિ શાહએ ચાર્જમાં ૨૨૩ ખુરશી મેળવી હતી ત્યારબાદ ૨૦ નવી આવી અને ૨૬ ભંગાર તરીકે ખુરશી યુનિવર્સીટીમાં પરત કરી અને બીજી ૩૧ ખુરશી નવી આવી. આમ હાલમાં સ્ટોકમાં ૨૪૮ ખુરશી હયાત છે તો હોસ્ટેલને નવી મળેલ ખુરશી ૨૦ વત્તા ૩૧ -૫૧ નો સ્ટોક રજીસ્ટરે જમા લઈ તેની ખરીદી વિગત જેવી કે બીલ નંબર, તારીખ તથા રકમ સાથેની નોંધ કરવી તથા ૨૬ ખુરશીઓ ભંગાર તરીકે યુનિવર્સીટી ને મોકલેલ છે તો તેનો ધોરણસરની તજવીજે નિકાલ કરી જરૂરી નોંધ ડેડ સ્ટોકમાં કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે. ડેડ સ્ટોક રજીસ્ટરમાં વસ્તુની કિંમત જણાવવાની પ્રથા કેમ નથી ? તે અંગે જવાબદારની સ્પષ્ટતા પણ કરવી.

૨. આ કન્યા છાત્રાલયો નીચે મુજબની ડેડ સ્ટોકની આઈટમો ભંગાર થઈ જતાં યુનિવર્સીટીમાં જમા કરાવેલ છે તો આ ડેડ સ્ટોક ની આઈટમો ધોરણસરની કાર્યવાહી કરી નિકાલ કરી તેની ઉપર ની નોંધ તથા નિકાલ કર્યાના આધાર સહ ડેડ સ્ટોક રજીસ્ટરમાં નોંધ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | લાકડાની ખુરશી | - | ૨૬ | નંગ |
| ૨. | લાકડાના ટેબલ | - | ૧૯ | નંગ |
| 3. | ઈઝીચેર | - | 03 | નંગ |
| ૪. | નેતરની ખુરશી | - | ૦૭ | નંગ |
| ૫. | લોખંડની ફોલ્ડીંગ ખુરશી | - | ૫૦ | નંગ |

3. આ કન્યા છાત્રાલયમાં સીલીંગ ફેન નં.૨૩ તથા વોટરકુલર નં.૨ બિસ્માર હાલતમાં છે તો આ આઈટમો રીપેર કરાવવા પાત્ર હોય તો રીપેર કરાવી ઉપયોગમાં લેવા અન્યથા ધોરણસરની કાર્યવાહી કરી ઉપજેલ રકમ તથા નિકાલની વિગત ડેડ સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૯૫. તા-૨./૧૧/૦૯ ના જવાબમાં સંસ્થા જણાવેલ છે કે. ફકરામાં દર્શાવેલ વિગતે પુર્તતા કરી જાણ કરવામાં આવશે જેથી આ ફકરાની વિગત પુર્તતા ન થાય ત્યાંસુધી આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## ફકરા નંબર-૪૮

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ ખાતે નિભાવવામાં આવતા જુદા જુદા ફંડો ના હિસાબો બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષીક હિસાબો ની ચકાસણી કરતા વાર્ષીક હિસાબોના મિલકત-લેણા બાજુના કોલમ નં.૪ ના બીજા ફંડો સદરે રૂ..૧૧,૯૪,૯૨,૯૫૧.૨૬ સિલક તરીકે દર્શાવવામાં આવેલ છે. આ સંસ્થાએ જુદા જુદા ફંડો રાખવામાં આવેલ છે જેથી વિગતવાર પરિશિષ્ટ-૧૦ આ સાથે સામેલ છે જે બાબતે નીચે માગ્યા પ્રમાણેની વિગતો માંગેલ હતી.

(૧) સદર પ્રકારના ફંડો ઉભા કરવાનો ઉદ્દેશ તેના આવકના સાધનો તથા ખર્ચના પ્રકારની માહિતી પુરી પાડવા વિનંતી છે.

(૨) સદર પ્રકારના ફંડો માં સને ૨૦૦૪-૦૫ દરમ્યાન પત્રકના અનુ.નં.૧ થી ૭,૯,૧૦ અને ૧૫ થી ૧૮ ના નિભાવેલ ફંડમાંથી ઓડીટ વર્ષ દરમ્યાન કોઈજ પ્રકારનો ખર્ચ કરવામાં આવેલ નથી તો આ ફંડોનો કેવા સંજોગોમાં ઉપયોગ કરવામાં આવે છે તેની વિગતવાર માહિતી અન્વેષણને પુરી પાડવા વિનંતી છે.

(3) ગ્રેજ્યુટી ફંડ કયા પ્રકારની આવકમાંથી નિભાવવામાં આવે છે અને તેનો શો ઉપયોગ કરવા ધારેલ છે તેનો ઓડીટ ને આધારીત ખાત્રી કરાવવા વિનંતી છે.

(૪) સામેલ પરિશિષ્ટ-૧૦ ની વિગતે જોતા ક્રમ નં.૧ થી ૪,૯,૧૦ તથા ૧૭ ના ફંડોમાં ઓડીટ વર્ષ દરમ્યાન કોઇજ આવક થયેલ નથી તેમજ ખર્ચ કરવામાં આવેલ નથી તો કોઈપણ પ્રકારનું ફંડ ઉભુ કરતા પહેલા તે અંગેનો શો ઉદ્દેશ રહેલ હોય અને તે સાથે તેના ખર્ચ અંગે પણ કોઈ ખાસ ઉદ્દેશ સમાયેલ હોય તેવું ઓડીટનું માનવુ છે. ઉકત દર્શાવેલ ફંડો નિભાવવામાં આવેલ છે જે કેટલા સમયથી અને કયા પ્રકરની આવકમાંથી નિભાવવામાં આવેલ છે તેમજ તેનો શો ઉદ્દેશ સમાયેલ છે અને ફંડ નિભાવવા છતા કયા સંજોગોમાં કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવેલ નથી તે અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી ઓડીટને કરાવેલ નથી.

પ્રા.વા.નં.૨૨, તા-૮/૯/૦૯ ના જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે આ ફંડો યુનિવર્સીટી ની વિવિધ લક્ષી કામો માટે ઉભા કરેલ છે પરંતુ આ ફંડોમાંથી ખર્ચ નહીંવત કરવામાં આવે છે જે યોગ્ય નથી વિદ્યાર્થીની કલ્યાણકારી યોજનામાં ઉપયોગ કરવામાં આવતો નથી.

# પરિશિષ્ટ - ૧૦ - ફકરા નં. ૪૮

ગુજરાત યુનિવર્સિટી

તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫

વાર્ષિક હિસાબો વર્ષ ૨૦૦૪-૦૫

| ક્રમ | તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫ બીજા ફંડો | છેલ્લા હિસાબ મુજબ | વર્ષ દરમ્યાન ઉમેરો | બાદ : વર્ષ દરમ્યાન ચુકવ્યા અથવા રોકયાં | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રેજયુઇટી ફંડ | ૬,૪૩,૬૯૮.૪૨ | | | ૬,૪૩,૬૯૮.૪૨ |
| ૨ | ગરીબ વિદ્યાર્થી રાહતનીધી ફંડ | ૩૦,૬૭૪.૪૨ | | | ૩૦,૬૭૪.૪૨ |
| ૩ | શિક્ષકોને પુસ્તક ખરીદી માટે આર્થિક સહાય | ૮,૭૯૪.૧૯ | | | ૮,૭૯૪.૧૯ |
| ૪ | શિક્ષકોને સંશોધન કાર્ય માટે આર્થિક સહાય | ૩૫,૦૫૨.૪૪ | | | ૩૫,૦૫૨.૪૪ |
| ૫ | વિદ્યાર્થી સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફંડ | ૧,૨૬,૫૨૧.૦૯ | ૧૪,૦૦૦.૦૦ | | ૧,૪૦,૫૨૧.૦૯ |
| ૬ | છયર માર્કર ફંડ | ૧,૮૫,૭૮,૩૫૬.૯૩ | ૨૦,૮૫,૦૦૦.૦૦ | | ૨,૦૬,૬૩,૩૫૬.૯૩ |
| ૭ | બેંક બિલ્ડીંગ ફંડ | ૫૪,૦૦૬.૭૯ | ૬,૦૦૦.૦૦ | | ૬૦,૦૦૬.૭૯ |
| ૮ | જમીન વિકાસ ફંડ | ૩૫,૧૯,૦૭૦.૬૦ | ૧૮,૩૦,૫૧૯.૦૦ | ૭૪,૨૦૦.૦૦ | ૫૨,૭૫,૩૮૯.૬૦ |
| ૯ | જમીનના બહારના ભાગના વિકાસ અંગેનું ફંડ | ૩૦,૭૩,૫૦૧.૦૦ | | | ૩૦,૭૩,૫૦૧.૦૦ |
| ૧૦ | બી. બી. એ. ફંડ | ૭૯,૫૪,૬૬૦.૭૧ | | | ૭૯,૫૪,૬૬૦.૭૧ |
| ૧૧ | યુનિ. એજયુ. રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ | ૪,૭૧,૩૯,૮૭૦.૪૨ | ૨,૯૬,૫૯,૯૮૧.૦૦ | ૪૪,૪૨,૦૮૮.૨૫ | ૭,૨૩,૫૭,૭૬૩.૧૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ફંડ વ્યાજ | | | | |
| ૧૨ | બી. એડ ફંડ | ૬,૦૨,૩૧૦.૦૦ | ૪૯,૧૦,૮૪૪.૦૦ | ૧૫,૮૮,૯૩૮.૦૦ | ૩૯,૨૪,૨૧૬.૦૦ |
| ૧૩ | એમ. સી. એ. ફંડ | ૧૭,૭૭,૨૯૯.૫૦ | ૧,૧૦,૦૦૦.૦૦ | ૫,૪૦,૦૦૦.૦૦ | ૧૩,૪૭,૨૯૯.૫૦ |
| ૧૪ | એમ. બી. એ. ફંડ | ૨૭,૦૭,૬૭૫.૦૦ | ૨,૫૬,૦૦૦.૦૦ | ૩,૩૮,૬૧૯.૦૦ | ૨૬,૨૫,૦૫૬.૦૦ |
| ૧૫ | ગ્રંથાલય ડેવલપમેન્ટ | ૨,૩૨,૮૨૫.૦૦ | ૫,૩૧,૯૫૬.૦૦ | | ૭ ૬૪,૭૮૧.૦૦ |
| ૧૬ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન ડેવલપમેન્ટ ફંડ | | ૨,૪૯,૦૦૦.૦૦ | | ૨,૪૯,૦૦૦.૦૦ |
| ૧૭ | ભુકંપ રીલીફ ફંડ એકાઉન્ટ | ૨,૭૫,૮૦૦.૦૦ | | | ૨,૭૫,૮૦૦.૦૦ |
| ૧૮ | સ્પોર્ટસ ડેવલપમેન્ટ ફંડ | ૧૨,૫૦૦.૦૦ | ૫૦,૮૮૦.૦૦ | | ૬૩,૩૮૦.૦૦ |
| | કુલ | ૮,૬૭,૭૨,૬૧૬.૫૧ | ૩,૯૭,૦૪,૧૮૦.૦૦ | ૬૯,૮૩,૮૪૫.૨૫ | ૧૧,૯૪,૯૨,૯૫૧.૨૬ |

**ફકરા નંબર-૪૯**

નિયમો વિરૂધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખન સામગ્રી બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪ ૦૫ ના અન્વેષણ અર્થે રજુ થયેલ રેકર્ડ ની ચકાસણી કરતા આ યુનિવર્સીટીના વિવિધ વિભાગો અને ભવનો ધ્વારા ઓડીટ વર્ષમા આ સાથે સામેલ પરિશિષ્ટ-૧૧ ની વિગતે રૂ..૩.૩૮.૫૫૮-૪૦ નો ખર્ચ લેખન સામગ્રી અને સ્ટેશનરીની ખરીદી પેટે કરેલ હતો. યુનિવર્સીટી ખાતે આવેલ જુદા જુદા ભવનો તથા વિભાગો ને હિસાબી શાખા ધ્વારા જરૂરી સ્ટેશનરી તથા લેખન સામગ્રી પુરી પાડવા અંગેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવા છતાં જેતે વિભાગો ધ્વારા અથવા ભવનો ધ્વારા સીધે સીધી જ કરવામાં આવેલ ખરીદી જે નિયમો વિરૂધ્ધ ગણી શકાય. જે બાબતે સ્પષ્ટતાસર અધિકારીશ્રી ધ્વારા સદરહું ખરીદીના મંજુરી અંગેના હુકમો મેળવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

તદઉપરાંત આ યુનિવર્સીટીએ પણ સને ૨૦૦૪-૦૫ ના વર્ષ દરમયાન લેખન સામગ્રી ના ભાવો મેળવી વર્ષ દરમ્યાન રૂ..૬.૦૨.૯૮૩.૭૦ નો ખર્ચ કરેલ છે આમ આ યુનિવર્સીટીના વિભાગો તથા ભવનોની લેખન સામગ્રી ની સંયુકત માંગ કરી ભાવો મેળવવામાં આવેલ હોત તો વાર્ષીક રૂ. ૯.૪૧.૫૪૨.૧૦ ની ખરીદી પ્રમાણે ભાવો મેળવવામાં આવેલ હોત તો વ્યાજબી ભાવ મળત અને લેખન સામગ્રીની ગુણવત્તા સારી મળત. આમ સંયુકત ભાવો મેળવી રેટ કોન્ટ્રાકટ કરી ભાવ કરાશે જે તે વિભાગના ભવનોને આપેલ હોત તો ખરીદી પધ્ધતિ મુજબની કાર્ય પધ્ધતિ ની અનિયમિતતા ટાળી શકાઈ હોત. હવે આ બાબતે સંયુકત ભાવ મેળવવા ની પ્રથા અમલી બનાવતા સુધી આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્ર.વા.નં.૨૧. તા-૮/૯/૦૯ નો જવાબ સંસ્થાએ કરેલ નથી જેથી આ રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૯,૪૧,૫૪૨.૧૦

આ રકમ અનપેઈડ ખાતે જમા લેવામાં આવે છે. આ બાબત ગંભીર કહેવાય બીલ બનાવ્યા વિના ચેક કઈ રીતે ઈસ્યુ થાય અને ચેક વટાવવામાં આવે છે તે બાબત ગંભીર છે આ બાબતે રજીસ્ટારશ્રી પોતાનુ અંગત ધ્યાન રાખવા ઓડીટનું સુચન છે.

**ફકરા નંબર-૫૧**

ધસારા ફંડની જોગવાઈ અને તેના રોકાણ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સિન્ડીકેટની તા-૧૧/૮/૧૯૭૬ ની સભામાં બાબત ૩૮ અન્વયે મકાનો માટે ૨% ફર્નીચર માટે ૧૦%. ઈકવીપમેન્ટ (સાધનો) માટે ૧૨ %. કાર માટે ૧૨.૫% તથા પુસ્તકો માટે ૧૫%, પાણીના બોર માટે ૧૫ % લેખે ધસારા ફંડની જોગવાઈ કરવાનું ઠરાવેલ છે અને આ ફંડોની રકમનું સરકારશ્રીની જામીનગીરીઓમાં રોકી આવક ઉભી કરી યુનિવર્સીટીની જવાબદારીઓમાં ઘટાડો થાય તેવી વ્યવસ્થા ઉભી કરવાનું ઠરાવેલ હતું.

આ સંસ્થાના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન વાર્ષીક હિસાબો મુજબ ફંડ અને દેવા બાજુ દર્શાવેલ જનરલ ફંડ ખાતામાં રૂ..૧૬,૫૮,૦૪૫.૦૦. કેપીટલ ફંડ ખાતામાં રૂ..૩,૧૮,૭૭૦.૦૦ તેમજ પુસ્તક ફંડ ખાતે રૂ..૧૦,૭૯,૭૩૭.૦૦ મળી કુલ રૂ..૩૦,૫૬,૫૫૨/- ધસારા ફંડ ખાતે તકદીલ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૪-૦૫ ના વર્ષની બંધ સિલક જોતાં કુલ મિલકત રૂ..૧૦,૨૯,૩૩,૩૭૪.૭૬ માંથી ધસારા ફંડ પેટે રૂ..૬,૮૦,૬૭,૮૫૫.૧૨ પૈસાની બાદ કરવામાં આવેલ છે જેની કપાત જોતાં ૬૬ % ઉપરની ગણતરી કરવામાં આવેલ જણાય છે.

ઉપર મુજબના ધસારા ની રકમ ધસારા ફંડ ખાતે તબદીલ કરવામાં આવેલ રકમનું સરકારી જામીનગીરીઓમાં રોકાણ કે બેંકમાં બાંધી મુદત ની થાપણોમાં રોકાણ કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગે આધાર સહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. જો આવું રોકાણ કરવામાં આવેલ ન હોય તો કેવા સંજોગોમાં આવુ રોકાણ ન કરીને યુનિવર્સીટીની જવાબદારીઓમાં વધારો કરવામાં આવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા કરવી ઘટે. પ્રા.વા.નં.૧૯, તા-૮/૯/૦૯ ના જવાબ માં સંસ્થા જણાવે છે કે. ધસારા ફંડ ની કપાત ઘટતી જતી બાકી ઉપર ગણવામાં આવે છે પરંતુ, સરકાર તરફથી આ અંગે કોઈ ગ્રાન્ટ મળતી ન હોઈ, ધસારા ફંડ ઉભુ કરવામાં આવતુ નથી પરંતુ વાર્ષીક હિસાબો માં ધસારા ફંડનો ખર્ચ ગણવામાં આવે છે તો આ કરેલ ખર્ચની રકમ ધસારા ફંડ તરીકે અલગ દર્શાવવામાં કે રોકાણ કરવામાં આવતી નથી જે યોગ્ય નથી જેથી સંસ્થાનો જવાબ માન્ય રાખવામાં આવતો નથી.

**ફકરા નંબર-પર**

એપ્રેન્ટીસ કર્મચારીઓને સ્ટાઈપન્ડ આપવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા હિસાબી સદર ૩૩૦૧૦૦૪ હેઠળ રૂ..૭,૭૪,૪૮૪/- નું એપ્રેન્ટીસ કર્મચારીઓને સ્ટાઈપન્ડ ચુકવવામાં આવેલ છે તો ઓડીટ વર્ષ દરમ્યાન આ વિભાગમાં રાખવામાં આવેલ તાલીમાર્થી નું લીસ્ટ તેમને કયા દરે સ્ટાઈપન્ડ ચુકવવાના સરકારશ્રીના હુકમો તથા તાલીમાર્થીઓનું હાજરી પત્રક, તાલીમાર્થીઓ પાસેથી કરાવેલ કામની વિગત તથા તેના પત્ર વ્યવહારની ફાઈલ ઠરાવો સાથે ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવ્યા છતાં રેકર્ડ રજુ ન કરતા આ ખર્ચનું ઓડીટ થઈ શકે નથી જેથી રેકર્ડ સત્વરે આગામી ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૩૪, તા-૧૫/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી જેથી આ કરેલ ખર્ચ રૂ.. ૭,૭૪,૪૮૪/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૭,૭૪,૪૮૪/-**

**ફકરા નંબર-૫૩**

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ફી પેટે મળેલ આવક તથા કરેલ ખર્ચના હિસાબો રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન ચકાસણી કરતા યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પેટે હિસાબી સદર ૭૮૦૨૦૩૨ અંતર્ગત નીચે પ્રમાણેની સ્થિતિ માલુમ પડેલ હતી.

| | | |
|---|---|---|
| તા-૧/૪/૦૪ ની ઉઘડતી સિલક | રૂ.. | ૭૭.૯૯,૬૫૮.૯૨ |
| વર્ષ દરમ્યાન આવક | રૂ.. | ૧૧.૫૧.૧૫૯.૦૦ |
| કુલ | રૂ.. | ૮૯.૫૦,૮૧૩.૯૨ |
| વર્ષ દરમ્યાન ન કરેલ કુલ ખર્ચ | રૂ.. | ૦૭.૦૯,૫૯૬.૦૦ |
| તા-૩૧/૩/૦૫ ની બંધ સિલક | રૂ.. | ૮૨.૪૧,૨૧૭.૯૨ |

યુવક સેવા સાંસ્કૃતિક ખર્ચને પહોંચી વળવા એકઝીકયુટીવ કાઉન્સીલ ની તા-૨૦/૩/૮૨ ની સભામાં મંજુર થયેલ ઓર્ડીનન્સ-૧૭૦ માં તા-૭/૨/૯૬ ની એકઝયુકયુટીવ કાઉન્સીલ ની સભામાં સુધારો કરવામાં આવેલ છે. સુધારેલ ઓર્ડીનન્સ પરિપત્ર -૪૨૫-૫૮૫ તા-૨/૬/૯૯ અન્વયે સને ૧૯૯૯-૨૦૦૦ થી વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂ..૫/- સંસ્થા ફાળો ઉઘરાવી રૂ..૩/- લેખે સત્ર દીઠ યુનિવર્સીટી ને મોકલી આપવાનો રહે છે અને તેમાંથી જે તે પ્રવૃતિઓ માટે ખર્ચ કરવાનો રહે છે જે બાબતે નીચે પ્રમાણે ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૪-૦૫ ના વાર્ષીક વહીવટી અહેવાલ અનુસંધાને અહેવાલના વર્ષ દરમ્યાન કોલેજોની સંખ્યા ૨૨૩ હતી અને નવી ૧૪ કોલેજોને જોડાણ આપવામાં આવતા કુલ ૨૩૭ કોલેજો થઈ. આમ નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૭૭૭૧ હતી. આમ આ પ્રવૃતિ ખાતે ઉકત કોલેજો ના કુલ કેટલા વિદ્યાર્થીઓની સદરહું ફી યુનિવર્સીટી ખાતે જમા થવા પામેલ હતી તે રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી. તો આ બાબતે સંલગ્ન કોલેજોની વિગત સાથે કોલેજવાર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી જે તે કોલેજ પાસેથી કેટલા રકમ લેણી થતી હતી અને કેટલી રકમ વસુલ થયેલ તેમજ કઈ કઈ કોલેજના કેટલા વિદ્યાર્થીઓની ફી ની રકમ યુનિવર્સીટી ખાતે જમા કરાવવાની બાકીમાં રહે છે તેનું વિગતવાર પત્રક તૈયાર કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૨) વધુમાં વાર્ષીક લેજર તથા વાઉચર ફાઈલની ચકાસણી કરતા યુવક મહોત્સવ ના આયોજન સારૂ સને ૨૦૦૪-૦૫ માં આ યુનિવર્સીટી એ કઈ કઈ કોલેજોને એડવાન્સ પેટે આપેલ છે તેની વિગત તથા જે તે કોલેજોએ મેળવેલ એડવાન્સ સામે કરેલ ખર્ચની માહિતી સહ એકઝયુકટીવ કાઉન્સીલની સભાના ઠરાવ સહિતની માહિતી ઓડીટ સમક્ષ સત્વરે રજુ કરવી ઘટે.

પ્રા.વા. નં.૨૪, તા-૯/૯/૦૯ ના જવાબમાં સંસ્થાએ જવાબ કરેલ છે પરંતુ રેકર્ડ રજુ કરેલ નથી જેથી સંસ્થાનો જવાબ માન્ય રાખી શકાય નહીં જેથી સંસ્થાએ કરેલ ખર્ચ રૂ..૭,૦૯,૫૯૭/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.. ૭,૦૯,૫૯૭/-

## ફકરા નંબર-૫૪

ટુંકાગાળાની લોન અને પેશગીઓની વસુલાતમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાનના ઓડીટ વખતે કચેરીએ રજુ કરેલ ટુંકાગાળાની લોન અને પેશગીઓના હિસાબી રજીસ્ટરની વાર્ષીક હિસાબ તથા લેજર સાથે ખરાઈ કરતા નીચે જણાવેલ ની વિગતે તારીખ-૩૧/૩/૦૫ ના રોજ રૂ.૧૦૨૫૭૮૩ની રકમ વસુલાત પેટે બાકી રહેલ છે.

| ક્રમ | વિગત | રકમ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **(અ) જનરલ ફંડ** | | | |
| ૧ | દિવાળી એડવાન્સ | ૩૯૫૦૯૪ | |
| ૨ | અનાજ પેશગી | ૨૯૩૬ | |
| ૩ | વાહન પેશગી | ૪૧૧૧૬૩ | |
| ૪ | સ્પે.લોન યુનિ.સ્ટાફ | ૭૭૭૫૯ | |
| ૫ | એલ.ટી.સી.એડવાન્સ | ૭૩૬૨૧ | |
| ૬ | એજ્યુકેશન એડવાન્સ | -૭૯૬૮ | |
| | કુલ | ૯૫૨૬૦૫ | |
| **(બ) યુનિવર્સીટી પ્રેસ** | | | |
| ૧ | દિવાળી એડવાન્સ (પ્રેસ) | ૪૫૭૩૭ | |
| ૨ | અનાજ એવાન્સ (પ્રેસ) | ૧૫૧૧૫ | |
| ૩ | એજ્યુકેશન એડવાન્સ (પ્રેસ) | ૩૭૨૬ | |
| ૪ | વ્હીકલ લોન (પ્રેસ) | -૧૬૮૩૪ | |
| ૫ | સ્પે.લોન પ્રેસ સ્ટાફ | -૩૦ | |
| ૬ | એલ.ટી.સી.એડવાન્સ (પ્રેસ) | ૨૫૪૬૩ | |
| | કુલ | ૭૩૧૭૮ | |
| | | ૧૦૨૫૭૮૩ | |

ઉક્ત હકીકત જોતાં ઓડીટ નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

૧. ટૂંકાગાળાની લોન-પેશગીઓના વસુલાત રજીસ્ટરે નાણાકીય વર્ષ મુજબ સરવાળા કરી હિસાબમેળ કરવામાં આવતો નથી પરીણામે ખાતેદારની બાકી વસુલાત ની રકમ જાણી શકાતી નથી તો સદર વસુલાત રજીસ્ટરોમાં નાણાકીય વર્ષ મુજબ વસુલાતની વિગતો નોંધી વર્ષની શરૂઆતમાં બાકી વસુલાતની રકમ લખી વર્ષ દરમ્યાન ચુકવેલ પેશગી ઉમેરી તેમાંથી વર્ષ દરમ્યાન વસુલ થયેલ રકમો બાદ કરી વર્ષાન્તે બાકી રકમોનો જરૂરી હિસાબમેળ કરી રજીસ્ટર અદ્યતન રીતે તૈયાર કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

૨. સદર એડવાન્સ પૈકી એલ.ટી.સી. એડવાન્સ, ના કિસ્સાઓમાં નિયત સમય મર્યાદામાં હિસાબો સરભર ન થવાના કિસ્સાઓમાં નિયમાનુસાર વ્યાજની વસુલાત કરવાની કાર્યવાહી કરી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

૩. વાહનલોન તથા સ્પે.લોન ના કિસ્સામાં નિયમોનુસાર નિયત થયેલ વ્યાજની વસુલાત થયા અંગેની વિગતો રજુ કરી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

૪. ઉક્ત લોન પૈકી જનરલ ફંડની એજ્યુકેશન એડવાન્સ રકમ રૂ.(-)૭,૯૭૮.૭૮ તથા યુનિવર્સીટી પ્રેસના સ્ટાફ ને ચુકવેલ વ્હીકલ લોન પ્રેસની રકમ (-)૧૬,૮૩૪.૫૦ તથા સ્પે.લોન પ્રેસ સ્ટાફ રૂ.(-) ૩૦.૫૦ તથા સ્પે.લોન સ્ટાફ રૂ.(-) ૩૦.૦૦ ચુકવણી કરતા વધુ રકમની ભરપાઈ થયેલ છે તો આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

૫. સદર બાબતે અગાઉના વર્ષોમાં પણ આ બાબતે ઓડીટ નોંધો આપી સુચન કરવા છતાં સંસ્થા ધ્વારા યોગ્ય પગલા લીધેલ ન હોવાનુ જણાય છે. સદર બાબતો ખાસ ધ્યાને લઈ યોગ્ય પગલા લેવાય તેવું ઓડીટનું સુચન છે.

પ્રા.વા.નં.૨૫, તા-૯/૯/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર-૫૫**

પ્રુફ કરેકશન ખર્ચની ચુકવણી બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસથાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાના પરીક્ષા વિભાગે હિસાબી કોડ નં.૩૫,૧૦,૦૦૦/- સદરે રૂ..૯૧,૨૫૫/- નો ખર્ચ કરવામાં આવેલ છે તો આ ખર્ચ બાબતે નીચે મુજબનું રેકર્ડ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

૧. કેટલા વિદ્યાર્થીઓના પરીણામમાં કરેકશન આવેલ છે તેની વિગત
૨. આ કરેકશન થયેલ હોવાથી પરીણામમાં થયેલ ભુલ બાબતે લેવાના પગલા અંગેના ઠરાવો આદેશો કે સુચનાનું રેકર્ડ
૩. કરેકશન કરવાની કાર્ય પધ્ધતિ તથા તેમા થનાર ખર્ચની વિગત તથા થયેલ ખર્ચની ચુકવણી ની પહોંચો
૪. કરેકશન ખર્ચ બાબતે વિદ્યાર્થી દીઠ ખર્ચનું શું ધોરણ છે તે બાબતે સુચના અને આદેશો નું રેકર્ડ
૫. આ કરેકશન કઈ કઈ ફેકલ્ટીમાં કેટલા કિસ્સાઓમાં છે તે બાબતેની વિગતવાર અહેવાલ તથા આ અંગેનું સાધનીક રેકર્ડ

પ્રા.વા.નં.૪૫, તા-૧૫/૯/૦૯ નો સંસથાએ જવાબ કરેલ છે પરંતુ ફકરામાં જણાવેલ રેકર્ડ રજુ કરેલ નથી જેથી પુર્તતા ગ્રાહ્ય રાખી શકાય નહીં જેથી ખર્ચ રૂ..૯૧,૨૫૫/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**વાંધા હેઠળ રૂ..૯૧,૨૫૫/-**

**ફકરા નંબર-૫૬**

અન્ય કપાત સદરે જમા થયેલ રકમો જે તે સદરે જમા આપવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ હિસાબી રેકર્ડ તથા વાર્ષીક હિસાબની ચકાસણી કરતા આ યુનિવર્સીટી ના સદર ૮૧૦૧૦૩૨ હેઠળ યુનિવર્સીટીના હિસાબમાં આવતા બીલના અન્ય કપાત સદરની આવકો જમા લેવામાં આવે છે અને સમયાંતરે આ આવક સદરે ખર્ચ પાડી આ રકમો સાચા સદરે જમા કરવામાં આવે છે. આમ, ઉકત સદરમાં ઓડીટ વર્ષ દરમ્યાન રૂ..૧૯.૭૯.૫૦૧.૮૦ ની રકમો જમા પકડવામાં આવેલ હતી અને માસના અંતે ખર્ચથી હવાલા એન્ટ્રી આપી, આ રકમ સાચા સદરે વાર્ષીક રૂ..૧૩.૫૭.૫૭૨.૦૦ ની રકમ સરભર કરવામાં આવેલ છે વર્ષાન્તે આ સદરે રૂ..૬.૨૧.૯૨૯.૮૦ ની સિલક જમા રહેલ છે. આ રકમ ઘણાં લાંબા સમયથી સરભર થવાની બાકી ખેંચાતી આવે છે. તો આ રકમ બાબતે સત્વરે હિસાબમેળ કરી જે તે સાચા સદરે રકમ જમા કરી ઓડીટને ખાત્રી કરાવતા સુધી આ રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૧૨, તા-૩/૯/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## ફકરા નંબર-૫૭

ખાનગી પેઢીઓને ચુકવાયેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના હિસાબોની ચકાસણી કરતા જણાયેલ છે કે જુદી જુદી પેઢીઓને ચીજ વસ્તુઓ સાધન સામગ્રી ની ખરીદી પેટે કોઈ સેવા પુરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ "ઓન એકાઉન્ટ" મુજબ ચુકવણું કરવામાં આવેલ હતું. પરંતુ આ પ્રકારે આપેલ રકમના હિસાબો જે તે નાણાકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી અને સામેલ પરીસ્શષ્ટ-૧૨ ની વિગતે ઘણો લાંબો સમય થવા છતાં આવી રકમો સરભર થયેલ નથી.

પેઢીઓ પાસેથી માલ સામાન કે કોઈ પણ પ્રકારની સેવા મેળવ્યા અગાઉ એડવાન્સ રજીસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય "ઓન એકાઉન્ટ" ચુકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરાયેલ નથી.

ખરીદ પધ્ધતિ મુજબ પેઢીઓ પાસેથી માલ સામાન ખરીદી અત્રેના અથવા પાર્ટીએ પુરા પાડેલ સેવાના બીલો રજુ થયા બાદ જેતે સદરે ખર્ચ પાડી ચુકવણું કરી શકાય. આમ ખાસ જોગવાઈ ના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તો પણ નાણાકીય નિયમો આધારે એડવાન્સ રકમ ચુકવી શકાય નહીં, તેમ છતાં એડવાન્સ રકમ ચુકવ્યા વિના ખરીદી શકય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજીસ્ટરે નોંધ કરી જયારે જયારે તે અંગેના બીલો રજું કરવામાં આવે ત્યારે ત્યારે આવેલ એડવાન્સ ની રકમમાંથી સરભર કરવાની રહે જે પ્રથાનું પાલન થતુ નથી અને "ઓન એકાઉન્ટ" રકમ આપવાને કારણે સીધુ ખર્ચ જે તે સદરે પડવાથી ગંભીર ગેરરીતી થવાનો પુરેપુરો સંભવ રહે છે. તો આવી પરીસ્થીતી ઉપસ્થીત ન થાય તે માટે યુનિવર્સીટી ધ્વારા શું પગલા લેવા ધારેલ છે તેના કોઈ આધાર હોય તો અન્વેષણમાં રજુ કરવા જણાવેલ છે. અગાઉના અન્વેષણ દરમ્યાન પણ આ બાબતે ધ્યાન દોરવા છતાં "ઓન એકાઉન્ટ" પ્રથા ચાલું રાખવામાં આવેલ છે જે ઉચિત જણાતુ નથી. આ પ્રથા સદંતર બંધ કરવા ઓડીટનુ ગંભીર સુચન છે.

આ સાથે સામેલ પરિશિષ્ટ-૧૨ માં દર્શાવેલ વિગતે કુલ રૂ.. ૬૫.૨૧.૮૮૦.૦૯ ના "ઓન એકાઉન્ટ" કરેલ ચુકવણા સંદર્ભે" ઘણાં લાંબા સમયથી હિસાબો સરભર થયેલ નથી જે બાબતે ઘટતી કાર્યવાહી થયેલ હોવાનુ જણાતુ નથી જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા મેળવી ખાત્રી કરાવવી ઘટે.

ઉકત રકમ રૂ..૬૫,૨૧,૮૮૦.૦૯ બાબતે સ્પષ્ટતા તથા સરભર ન થાય. તેમજ આ અંગે જવાબદારી નકકી કરવા સુધીનું વ્યાજ ગણી વસુલાત કરવામાં ન આવે ત્યાં સુધી વાંધા હેઠળ રાખવામાં આંવે છે.

પ્રા.વા.નં.૯, તા-૨/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ - ૬૫,૨૧,૮૮૦.૦૯

## પરિશિષ્ટ-૧૨ - ફકરા નં. ૫૭

### ખાનગી પાર્ટીઓને ઓન એકાઉન્ટ નાણાં ચુકવણીની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | ખર્ચનુ સદર | પાર્ટીનુ નામ | તારીખ | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૯૩૧૩૦૧૯ | દિગ્વિજય સીમેન્ટ કું.લી. | ૧/૪/૮૬ | ૨૪૧ |
| ૨ | ૯૩૧૩૦૨૦ | જય એન્જીનીયરીંગ વર્કસ લી. | ૧/૪/૮૬ | ૮૭૧ |
| ૩ | ૯૩૧૩૦૨૩ | વોલ્ટાસ લી. | ૧/૪/૯૫ | ૧૪૮૫ |
| ૪ | ૯૩૧૩૦૩૨ | ગુજ.સ્ટેટ સીવીલ સપ્લાય કોપો.લી. | ૧/૪/૮૮ | ૧૮૩૭૩૫ |
| ૫ | ૯૩૧૩૦૩૩ | બ્લ્યુ સ્ટાર લી. | ૧/૪/૮૬ | ૧૦૯૫૦ |
| ૬ | ૯૩૧૩૦૩૪ | પી.ડબલ્યુ.ડી.(સ્ટેટ) | ૧/૪/૦૨ | ૬૩૧૫૬૨૦ |
| ૭ | ૯૩૧૩૦૩૫ | નેશનલ ટેક્ષટાઈલ્સ લી. | ૧/૪/૦૨ | ૮૯૭૬ |
| કુલ | | | | ૬૫૨૧૮૮૦ |

## ફકરા નંબર-૫૮

ચોથા વર્ગના કર્મચારીઓ માટે ૨૦૦૪-૦૫ ના ગણવેશ અંગે

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ શરૂ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા વા.નં.૧૭૧૬ તા-૧૨/૭/૦૪ થી રૂ..૬૯,૪૬૦/- નો ખર્ચ વર્ગ-૪ ના કર્મચારીઓ માટેના ૨૦૦૪-૦૫ ના ગણવેશ ખરીદીના ગુજરાત સ્ટેટ હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફટ વિકાસ નિગમ લી. અમદાવાદને તેમની પ્રફોર્મા ઈન્વોઈસ નં.૯૫, તા-૮/૭/૦૪ મુજબ ૨૦૦ કર્મચારીઓના ૪.૫૦ મી. શર્ટના કાપડ મીટર-૯૦૦ ના મીટર દીઠ રૂ..૩૩.૦૦ મુજબ રૂ..૨૯,૭૦૦/- તથા પેન્ટ માટે ગ્રે શર્ટીગ ૨૦૦ કર્મચારી ના ૨.૪૦ મીટર મુજબ ૪૮૦ મીટરના મીટર દીઠ રૂ..૭૦/- મુજબ રૂ..૩૩,૬૦૦/- તેમજ ૧૧ સ્ત્રી કર્મચારીને સ્ત્રી ગણવેશ રંગીન સાડી બ્લા.પીસ તથા ચણીયા પીસના કાપડ મિટર ૨૨ મીટરના રૂ.. ૨૮૦ ના ભાવે રૂ..૬,૧૬૦/- મળી કુલ રૂ..૬૯,૪૬૦/- ચુકવેલ છે. આ બાબતે વિગતે ચકાસણી કરતા આ વર્ગ-૪ ના ગણવેશ ખરીદી ના બીલ સાથે હિસાબી સ્ટોર્સ ના તા-૨૩/૬/૦૪ ની નોંધ મુજબ ૨૫૧ કર્મચારી ભાઈઓ અને ૧૧ બહેના માટે સરકારશ્રીના તા-૭/૫/૦૨ ના ઠરાવ નં.ગણવ/૨૨૦૧/૩૩૬૬/ખ-૩ મુજબ વર્ગ-૪ ના કર્મચારીઓને એક વર્ષના બે જોડ ગણવેશ ખરીદવા માટે નોંધ મુકી મંજુરી મેળવેલ છે. પરંતુ ગરવી ગુજરાત પાસેથી ૨૦૦ પુ.કર્મચારી અને ૧૧ સ્ત્રી કર્મચારી માટે બે જોડ ગણવેશ ખરીદવામાં આવેલ છે. આમ બાકી રહેલ ૫૧ કર્મચારીઓના ગણવેશ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા થવા વિનંતી કરેલ ખરીદી મુજબના કાપડની વહેંચણી કર્યાના આધારો રજુ કરી ઓડિટને ખાત્રી કરાવવી.

આમ ઉકત ખરીદી ગરવી ગુજરાતના ઈન્વોઈસ પ્રફોર્મા ઉપર કરવામાં આવેલ છે તો અસલ બીલ તથા પૈસા મળ્યાની પહોંચ ઓડીટ સમક્ષ રજુ કરવા સુધી આ થયેલ ખર્ચ રૂ..૬૯,૩૬૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૮૦, તા-૧૦/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ..૬૯,૩૬૦/-

## ફકરા નંબર-૫૯

ગુજરાત યુનિવર્સીટી ની મિલકતોના સંભવિત નુકસાન સામે જરૂરી વિમા રક્ષણ મેળવવા અંગે

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ અર્થે રજુ થયેલ રેકર્ડ અને વાર્ષીક હિસાબોમાં દર્શાવેલ કાયમી મિલકતોના પશિશિષ્ટ-એક ની ચકાસણી કરતા તા-૩૧/૩/૦૫ ના રોજ આ સંસ્થાની માલીકી ના મકાનો, ફર્નીચર વિગેરે મળી કુલ રૂ..૩,૫૫,૯૨,૫૫૭.૬૪ ની કિંમત હોવાનુ જણાય છે. જેની ખરીદી કરવામાં આવેલ હતી કે અન્ય રીતે પ્રાપ્ત થયેલ હતી તેની વિગતો મિલકત રજીસ્ટરે નોંધી તેને અદ્યતન રીતે નિભાવેલ હોય તે જાણી શકાયેલ નથી પરંતુ આવું રજીસ્ટર સંસ્થા ધ્વારા નહિ નિભાવતા સદર મિલકતોના હવાલાની વિગત સહિત તેની યોગ્ય રીતે જાળવણી થયા અંગેની ખાત્રી થઈ શકેલ ન હતી. તો, સદરહુ મીલકતોનું રજીસ્ટર તૈયાર કરી હવાલામાં તેનો હવાલો કોની પાસે છે તેનો હવાલો ધરાવતી કચેરીના ડેડ સ્ટોક રજીસ્ટરે ઉકત મિલકતો જમા લીધાનો જરૂરી હિસાબ મેળ કરી મીલકત રજીસ્ટર અદ્યતન રીતે તૈયાર કરી ઓડીટને જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

સદરહુ રજીસ્ટરના અભાવે મિલકતો ના સંભવિત નુકસાનના રક્ષણ અંગે જરૂરી વિમો લેવાની જવાબદારી કોની છે ? અને તેનો ચુસ્તપણે અમલ થયાની ખરાઈ અર્થે ઉકત મિલકતોના વીમા લીધાની વિગતો સહિત સમયાંતરે તેને રીવ્યુ કરવાની જવાબદારને જવાબદારી નકકી કરી ઓડીટને વિગતવાર ખાત્રી કરાવવી ઘટે.

સદરહુ બાબતે ગુજરાત સરકારના નાણા વિભાગના તા-૧૫/૨/૯૫ ના ઠરાવ ક્રમાંક-વનમ/૧૦૯૪/૧૧૧૭ તથા ૨/૪/૦૫ ના પરિપત્ર ક્રમાંક-એમએસબી/૧૦૭૪/૫૨૫૧/૪૪ અને તા-૩૧/૭/૮૭ ના પરિપત્રક ક્રમાંક-બીએનએમ/૧૦૪૬/૩૪૬૩/૬-૨ અન્વયે આપવામાં આવેલ સુચના મુજબ વિમા નિયામકશ્રી ગુજરાત રાજય વીમા નિધિ અથવા સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) ૧૯૭૨ ના અધિનિયમ સેંકશન ૬૬(૧)ની જોગવાઈ અન્વયે અન્ય પેટા વિમા કંપનીઓ સાથે વીમાની વ્યવસ્થા ગોઠવાયેલ છે તે મુજબ જે કિસ્સાઓમાં વીમાનુ રક્ષણ મેળવવાનુ બાકીમાં હોય તેનુ તાત્કાલીક અસરથી જરૂરી વીમા પોલીસી મેળવી રક્ષણ ઉભુ કરવાની કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

ઉકત બાબતે વર્ષો વર્ષના અગાઉના ઓડીટ નોંધોમાં નોંધ આપવામાં આવેલ હોવા છતાં અમલ ન થયાનુ જણાય છે જે બાબત કુલપતિશ્રીના અંગત ધ્યાને લાવવામાં આવે છે તેમજ આ બાબતે નિયમોનુસાર ની કાર્યવાહી નિયમિત રીતે થાય તેની વ્યવસ્થા ગોઠવી અનવેષ ને ખાત્રી કરાવવા વિનંતી છે.

પ્રા.વા.નં.૨૮, તા-૧૦/૯/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર-૬૦(૧)**

ગુજરાત યુનિવર્સીટીના જુદા જુદા ભવનો / કાર્યાલયમાં નિભાવવામાં આવેલ વાહનોની લોગબુક તથા હિસ્ટ્રીશીટ રજુ કરવા અંગે

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન ખર્ચની વિગતા ચકાસતા યુનિવર્સીટી ના જુદા જુદા ભવનો તથા કાર્યાલય માટે વિવિધ પ્રકારના વાહનો નો ઉપયોગ કરવામાં આવેલ છે. આ બાબતે યુનિવસીર્ટી તથા ભવનો ખાતે ઉપયોગમાં લેવાતા વાહનનોની વિગત સહિત તે માટે નિભાવવામાં આવતી ઓડીટ વર્ષની લોગબુક તથા હિસ્ટ્રીશીટની ધોરણસર ની ચકાસણી કરવા સારૂ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતા રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૨૬. તા-૧૦/૯/૦૯ નો સંસ્થાએ જવાબ રજુ કરેલ નથી તેમજ વાહનોની લોગબુક કે હીસ્ટ્રીશીટ રજુ કરેલ નથી આ સંસ્થામાં ત્રણ ગાડીઓ નિભાવવામાં આવે છે (૧) જીજે-૧-બીપી ૧૩૫૪ (૨) જીજે-૧ - આર-૬૪૨૧ તથા (૩) જીજે-૧-એચએફ-૪૨૩૨ આ ત્રણે ગાડીઓના પેટ્રોલનો ખર્ચ રૂ..૧,૪૮,૨૩૯.૦૦ થયેલ છે તથા ગાડીઓનો મેઈન્ટેનન્સ ખર્ચ રૂ..૭,૧૧૫/- નો થયેલ છે જે વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૧,૫૫,૩૫૪/-

---

## ફકરા નંબર- ૬૦(૨)

બીનવપરાશી એમ્બેસેડર ગાડી બાબત

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના યુનિ.પ્રેસ ની મુલાકાત વખતે આ પ્રેસના કમ્પાઉન્ડ માં બીન વપરાશી એમ્બેસેડર નં.જી.જે.- ૧/આર/૬૪૨૧ બંધ હાલતમાં પડી રહ્યાનુ ઓડીટના ધ્યાને આવેલ છે. તો આ એમ્બેસેડર જે રીપેર કરાવીને ઉપયોગમાં લઈ શકાય તેમ હોય તો સરકારશ્રીના નિયમોનુસાર ની મર્યાદામાં રીપેરીંગ ખર્ચ કરી ગાડી ચાલુ કરી ઉપયોગમાં લેવા વિનંતી છે અને જો રીપેર ન થઈ શકે તેમ હોય તો સરકારશ્રીના ઠરાવો અને સુચનાઓ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી ગાડી કંડમ કરી તેની ઉપજ યુનિવર્સીટી ભંડોળમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૨૨, તા-૧૮/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ બીન વપરાશી એમ્બેસેડર કાર બાબતે યોગ્ય કાર્યવાહી કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

ફકરા નંબર-૬૧

ગુજરાત યુનિ.હસ્તકની મિલકતો અને ટેક્ષ બાબતે

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા સંસ્થાએ વા.નં.૧૨૨૫ તા-૧૪/૬/૦૪ થી રૂ.૧૮,૫૮,૭૦૮.૦૦ ની રકમ આ સંસ્થા હસ્તકના-૨૬૮ મકાનો નો ૨૦૦૪-૦૫ ના વર્ષનો પ્રોપર્ટી ટેક્ષ અમદાવાદ મ્યુ.કમીશ્નર અમદાવાદને ભરેલ છે. આ બીલ સાથે સામેલ લીસ્ટ મુજબ નીચે જણાવેલ પ્રકારની પ્રોપર્ટી આ સંસ્થા હસ્તક છે.

નોન રેસીડેન્શીયલ

| | | | |
|---|---|---|---|
| ૧. | લેડીઝ હોસ્ટેલ | - | ૧ |
| ૨. | વી.સી.ગેરેજ | - | ૧ |
| ૩. | હોસ્ટેલ-એ,બી,સી,ડી | - | ૪ |
| ૪. | હોસ્ટેલ મેસ | - | ૨ |
| ૫. | પ્રેસ | - | ૧ |
| ૬. | હોસ્ટેલ -બોઈઝ | - | ૧ |
| ૭. | લેડીઝ હોસ્ટેલ | - | ૧ |
| ૮. | સોપ | - | ૬ |
| ૯. | હોસ્ટેલ કેન્ટીન | - | ૧ |
| ૧૦. | લોન્ડરી સોપ | - | ૧ |
| ૧૧. | પોસ્ટ ઓફીસ | - | ૧ |
| ૧૨. | મેસ | - | ૧ |
| ૧૩. | સ્કુલ ઓફ પી.એચ. | - | ૧ |
| ૧૪. | સાયયન્સ લેબોરેટરી | - | ૧ |
| ૧૫. | સ્પોર્ટ પેવેલીયન | - | ૧ |
| ૧૬. | એચ.સી.જી.અચ. | | |
| ૧૭. | ડીપાર્ટમેન્ટ ઓફ ઝુઓલોજી | - | ૧ |
| ૧૮. | પ્રી-બિલ્ડીંગ | - | ૧ |
| ૧૯. | લાયબ્રેરી | - | ૧ |
| ૨૦. | યુનિ.મુખ્ય બિલ્ડીંગ | - | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | એન.આર.એસ.સેન્ટર | - | ૧ |
| ૨૨. | વર્કસ સોપ | - | ૧ |
| ૨૩. | કેમેસ્ટ્રી વિભાગ | - | ૧ |
| ૨૪. | ગેસ્ટ હાઉસ | - | ૧ |
| ૨૫. | કોમ્પ્યુટર સેન્ટર | - | ૧ |
| ૨૬. | બી.કે.સ્કુલ | - | ૧ |
| ૨૭. | સ્કુલ ઓફ કોમર્સ | - | ૧ |
| ૨૮. | બાલભુવન | - | ૧ |
| ૨૯. | સરદાર પટેલ ભવન | - | ૧ |
| ૩૦. | આઈ.એ.એસ.સેન્ટર | - | ૧ |
| ૩૧. | સેન્ટ્રલ લેબોરેટરી | - | ૧ |
| ૩૨. | એચ.કે.સેન્ટર | - | ૧ |
| ૩૩. | ઈલે-સબ સ્ટેશન | - | ૧ |
| ૩૪. | ભુસ્તર વિજ્ઞાન ભવન | - | ૧ |
| ૩૫. | કે. એસ સ્કુલ | - | ૧ |
| ૩૬. | કે.એસ.એન્વાયરમેન્ટ | - | ૧ |
| ૩૭. | માઈક્રોલોજી વિભાગ | - | ૧ |
| ૩૮. | બોટની વિભાગ | - | ૧ |
| ૩૯. | એનાલીટીકલ લેબોરેટરી | - | ૧ |
| ૪૦. | સાયકોલોજી વિભાગ | - | ૧ |
| ૪૧. | સામાજીક વિજ્ઞાન ભવન | - | ૧ |
| ૪૨. | કાયદા વિભાગ | - | ૧ |
| ૪૩. | ગુજરાત કન્ઝયુમર્સ સ્ટોર્સ | - | ૧ |
| ૪૪. | ગુજરાત કન્ઝયુમર્સ ઝેરોક્ષ | - | ૧ |
| ૪૫. | ટી શોપ | - | ૧ |
| ૪૬. | સ્ટેટ બેન્ક ભવન | - | ૧ |
| | | કુલ -૫૫ | |

રેસીડેન્શીયલ મીલકત

| | | | |
|---|---|---|---|
| ૧. | વોર્ડન રેસીડેન્સીયલ મકાન | - | ૧ |
| ૨. | લેડી સુપ્રીટેન્ડેન્ટ રેસીડન્સ | - | ૧ |
| ૩. | આસી. વોર્ડન | - | ૨ |
| ૪. | ટીચર્સ કવાટર્સ | - | ૪૭ |
| ૫. | પી.વી.સી.રેસીડેન્સી | - | ૨ |
| ૬. | ડાયરેકટર બંગ્લોઝ | - | ૨ |
| ૭. | સર્વન્ટ કવાટર્સ | - | ૯ |
| ૮. | વી.સી.બંગ્લોઝ | - | ૧ |
| ૯. | હેલ્થ સેન્ટર | - | ૧ |
| ૧૦. | આર.એમ.ઓ.કવાટર્સ | - | ૧ |
| ૧૧. | રીડર્સ ફલેટ | - | ૬ |
| ૧૨. | લેકચરર ફલેટ | - | ૧૨ |
| ૧૩ | બી.ટાઈપ રેસીડેન્સી | - | ૨૫ |
| ૧૪. | સી. ટાઈપ આર.એચ. | - | ૧૦ |
| ૧૫. | ડી. ટાઈપ આર.એચ. | - | ૧૨ |
| ૧૬. | ડી. ટાઈપ ફલેટ | - | ૩૫ |
| ૧૭. | ડી. ટાઈપ આર.એચ. | - | ૧ |
| ૧૮. | સી. ટાઈપ ફલેટ | - | ૧૨ |
| ૧૯. | રીડર્સ આર.એચ. | - | ૧૬ |
| ૨૦. | લેકચરર્સ આર.એચ. | - | ૧૬ |
| | કુલ | - | ૨૧૨ |

ઉકત વિગત જોતાં આ સંસ્થા હસ્તક-૨૬૭ જુદા જુદા પ્રકારની મિલકતો છે તે પૈકી-૫૫ મિલકતો નોન રેસીડેન્શીયલ છે જયારે ૨૧૨ મિલકતો રેસીડેન્શીયલ છે જયારે બીલ સાથે સામેલ પત્રકના અનુ.નં. ૨૩૬ ઉપરની મીલકત નં.૦૫૧૯-૧૧-૦૬૨૧- ૦૨૩૬ એચ. ૬૧:૨૭ સ્વેર મીટર ની ૧૦ રૂ.. ના ટેક્ષવાળી મીલકત રહેણાંક કે બીન રહેણાંક માટેની જગ્યા છે તે બાબતે સ્પષ્ટતા કરવી. આમ મીલકતનુ વર્ણન જણાવવા વિનંતી છે તથા તેનો હાલમાં શું ઉપયોથ થઈ રહયો છે તેનો મિલકતવેરો રૂ..૨૮૦ વત્તા ૨૦૦ પાણી અને ગટર વેરો મળી કુલ રૂ..૪૮૫/- નો વેરો યુનિવર્સીટી ધ્વારા ભરવામાં આવેલ છે.

૨. આ બીલ સાથેના સામેલ પત્રકના ક્રમ નં. ૬૨ થી ૬૬ ની દુકાનો કોને કેટલા ભાડેથી ભાડે આપવામાં આવેલ છે તેનું તમામ રેકર્ડ એટલેકે ભાડુઆત સાથેના કરાર, ભાડાની નિયત કરેલ રકમ તથા ભાડું જે તે ભાડુઆત ધ્વારા વસુલાત કરવામાં આવે છે કે કેમ ? તેનું રેકર્ડ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

3. આ બીલ સાથેના સામેલ પત્રક ના ક્રમ નં.૬૭ ની દુકાન નં.૦૫૧૯-૧૧-૦૬૨૧-૦૦૬૭- જે ૨૫-૭ સ્કવેર મીટરની છે તેનો મીલકત વેરો રૂ..330/- યુનિવર્સીટી ધ્વારા ભરવામાં આવેલ છે તો આ દુકાન ભાડે આપેલ છે કે ખાલી રહેલ છે તે બાબતે રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૪. આ બીલ સાથેના પત્રકના ક્રમ નં.૮૬ ઉપરની મિલકતના ૦૫૧૯-૧૧-૦૬૨૧-૦૦૮૬-એચ પોસ્ટ ઓફીસને ભાડે આપવામાં આવેલ છે તેમ જણાય છે તો આ મીલકતનો ટેક્ષ રૂ..૭૮૨૪/- યુનિવર્સીટી એ ભરેલ છે તો આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે તથા પોસ્ટ ઓફીસને ભાડે આપવા બાબતની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

૫. આ બીલ સાથેના પત્રકના ક્રમ નં.૧૫૪ ઉપર નોંધાયેલ મીલકત નં.૦૫૧૯/૧૧/૦૬૨૧/૦૧૫૪ નંબરની મીલકત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને ભાડે આપેલ છે તો ભાડુઆત સાથે ભાડાના અને ટેક્ષના થયેલ કરાર ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે તેના પાસેથી નિયમીત ભાડુ જમા થતું હોવાનો આધારીત રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

૬. આ બીલ સાથેના પત્રકમાં જણાવેલ બાકીના રેસીડન્શીયલ મકાનો કર્મચારી ને ફાળવણી તથા તેમના પાસેથી વસુલ આવતા ભાડાની વસુલાત બીલનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

૭. આ બીલના સામેલ પત્રકમાં જણાવેલ રેસીડેન્શીયલ અને બીન રેસીડેન્શીયલ મકાન / મીલકતોનું મિલકત રજીસ્ટર ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૭૩, તા-૪/૧૧/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ રજુ કરેલ નથી તેમજ રેકર્ડ પણ રજુ કરેલ નથી જેથી મીલકતોનો ટેક્ષ તથા ભાડાની ખાત્રી થઈ શકેલ નથી.

## ફકરા નંબર-૬૨

અન્ય વિભાગ (ભવનો) ને ભોગે લાયબ્રેરી વિભાગને કબાટ ફાળવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ એસ્ટેટ વિભાગના રેકર્ડની ચકાસણી કરતા એસ્ટેટ વિભાગની તા-૨૪/૨/૦૫ નોંધ અન્વયે યુનિ. ના ગ્રંથાલયના તા-૨૩/૨/૦૫ ના પત્ર અન્વયે માંગેલ, સ્ટોરવેલ ૨૦ ગેજ ના ૩૯ નંગ કબાટ, સ્ટીલ ટ્રેઈની લોકર-૧૨ ખાના ના નં.૨, તથા સેકશન રજીસ્ટર કબાટ-૨ મળી કુલ ૪૩ ની માંગણી અન્વયે એસ્ટેટ વિભાગે યુ.જી.સી. પાસેથી મળેલ રૂ..૨૨00000.00 ની યુનિ.ના તમામ વિભાગોને માટેની ગ્રાન્ટના ૧૦ ટકા ફર્નિચર ખરીદ કરવા માટેની જોગવાઈ અન્વયે રૂ..૨,૨૦,૦૦૦/- ની મર્યાદામાં રૂ..૧,૯૯,૦૦૦/- ના ૩૫ કબાટ ખરીદ કરી એસ્ટેટ વિભાગે ગ્રંથાલય વિભાગના ઉકત પત્ર અન્વયે ફાળવણી કરેલ છે આ બાબતે ઓડીટ નીચે મુજબની નોંધ આપે છે.

૧. યુ.જી.સી.એ. યુનિ. અને તેના વિભાગો (ભવનો) માટે રૂ..૨૨,૦૦,૦૦૦/- ની ફાળવણી કરેલ હતી. આ ગ્રાન્ટમાંથી ૧૦ ટકા ઉકત સંસ્થા તથા તેના ભવનો માટે ૧૦ ટકાની મર્યાદામાં ફર્નીચરની ખરીદી કરી શકે તેવી જોગવાઈ હતી. આ જોગવાઈ મુંજબ રૂ..૨૨ લાખના ૧૦ ટકા મુજબ રૂ..૨,૨૦,૦૦૦/- ના ફર્નિચરની ફાળવણી એસ્ટેટ વિભાગના તા-૨૪/૨/૦૫ ના પત્ર સાથે સામેલ રાખેલ પત્રક મુજબ ૧૦ મી પંચવર્ષીય યોજના અંતર્ગત કુલ ગ્રાન્ટના ૧૦ ટકા લેખે રૂ..૨,૨૦,૦૦૦/- ની ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ હતી.

| ક્રમ | વિષય | ભવન | ફર્નીચરની ગ્રાન્ટ | કબાટ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બિઝનેશ મેનેજમેન્ટ | બી.કે.સ્કુલ | ૧૦૦૦૦ | ૨ |
| ૨ | જર્નાલીઝમ | એચ.કે.સેન્ટર | ૧૦૦૦૦ | ૧ |
| ૩ | કોમર્સ | વાણીજય ભવન | ૧૦૦૦૦ | ૨ |
| ૪ | જયોગ્રાફી | ભુગોળભવન | ૧૦૦૦૦ | ૧ |
| ૫ | લો | લો-ભવન | ૧૦૦૦૦ | ૨ |
| ૬ | અંગ્રેજી | ભાષાભવન | ૧૦૦૦૦ | - |
| ૭ | હિન્દી | !! | ૧૦૦૦૦ | - |
| ૮ | સંસ્કૃત | !! | ૧૦૦૦૦ | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | પાકૃત અને પાલી | !! | ૧૦૦૦૦ | - |
| ૧૦ | ઉર્દુ પર્શીયન | !! | ૧૦૦૦૦ | - |
| ૧૧ | અર્થશાસ્ત્ર | !! | ૧૦૦૦૦ | - |
| ૧૨ | લેબર વેલફેર | !! | ૧૦૦૦૦ | - |
| ૧૩ | પોલીટીકસ | !! | ૧૦૦૦૦ | - |
| ૧૪ | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન ભવન | ૧૦૦૦૦ | ૧ |
| ૧૫ | એજ્યુકેશન | !! | ૨૦૦૦૦ | ૨ |
| ૧૬ | ગ્રંથાલય શાસ્ત્ર | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૩૦૦૦૦ | ૩ |
| ૧૭ | ગણિત | ગણિત વિભાગ | ૧૦૦૦૦ | ૧ |
| ૧૮ | આંકડાશાસ્ત્ર | આંકડાશાસ્ત્ર ભવન | ૨૦૦૦૦ | ૨ |
| ૧૯ | - | મધ્યસ્થ ગ્રંથાલય માટે એકશન રજીસ્ટર | - | ૧૪ |
| | | !! | - | ૨ |
| | | ગ્રંથાલય (સ્ટીલ ટ્રેઈની)લોકર કબાટ | !! | ૨ |
| કુલ | | | ૨૨૦૦૦૦ | ૩૫ |

આમ ઉકત ફાળવણી જોતાં ગ્રંથાલયને ૧૮ નંગ કબાટની ફાળવણી કરેલ છે જયારે અન્ય - ૧૭ કબાટ ની ફાળવણી ઉકત વિભાગોને કરેલ છે. આમ કુલ ૩૫ કબાટની ફાળવણી કરેલ છે. જયારે કબાટ ફાળવણીના પત્રકમાં ૪૩ કબાટ દર્શાવેલ છે તો આ બાબતે સ્પષ્ટતા કરવા વિનંતી છે. આમ અન્ય વિભાગોના ભોગે ગ્રંથાલયને કબાટ-૧૮ ફાળવણી કરવા બદલ સ્પષ્ટતા કરવી.

૨. આમ અન્ય વિભાગોના ભોગે ગ્રંથાલય વિભાગને ૧૮ કબાટ મંજુર કરી ગ્રાન્ટની મોટી રકમના ગ્રંરથાલયને ફાળવણી કરવાથી અન્ય વિભાગને અન્યાય થયેલ હોય તેમ જણાય છે. આમ આ પંચવર્ષીય ગ્રાન્ટમાં ગ્રંથાલય સિવાયના વિભાગને ફર્નીચરથી વંચિત રાખવાથી અન્ય વિભાગોને ફર્નીચરની જરૂરીયાત હતી કે કેમ ? તથા અન્ય વિભાગો ને આ ઓડીટ વર્ષમાં ફર્નીચર ની ફાળવણી કરી ખર્ચ ઉધારવામાં આવેલ છે કે કેમ ? તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

3. આમ યુનિવર્સીટીને યુ.જી.સી. કમિટિ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટના ફર્નીચર નો ખર્ચ યુનિવર્સીટીના તમામ વિભાગોને ફાળવણી કરવાની સુચના હોવા છતાં તમામ રકમ ગ્રંથાલય ને ફાળવણી કરવા બદલ સ્પષ્ટતા કરવી તથા આ બાબતે યુ.જી.સી.ની સંમતિ -ન વાંધા પ્રમાણપત્ર મેળવી ઓડીટને ખાત્રી કરાવવી જે તે વિભાગ દ્વારા કબાટની ખરીદી થયેલ છે કે કેમ? અને ગ્રાન્ટના યુ. ટી. સી. મેળવેલ છે કે કેમ? તેની આધાર સહ ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી આ ખર્ચની રકમ રૂ. ૧૯૯૦૦૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા.નં.૭૪, તા-૫/૧૧/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી જેથી આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ..૧,૯૯,૦૦૦.૦૦

**ફકરા નંબર-૬૩**

ગુજરાત યુનિવર્સીટીના મકાનોનુ ભુકંપના કારણે થયેલ નુકશાન ના સમારકામ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ હિસાબી રેકર્ડ તથા એસ્ટેટ વિભાગ ધ્વારા રજુ થયેલ ગુજરાત યુનિવર્સીટી ના કુલ ૪૦ મકાનો / ભવનોને ભુકંપના કારણે થયેલ નુકસાન ને રીપેરીંગ કામ કર્યા બાબતના અંદાજો, ટેન્ડરો, બીલો વિગેરે રજુ કરવામાં આવેલ હતા આ રેકર્ડ જોતાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ જે બાબતે ઓડીટ નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

૧. આ સંસ્થા તથા તેના ભવનો અને વિભાગોને સામેલ પરિશિષ્ટ-૧૩ મુજબ ૪૦ ભાગમાં વહેંચી ને પરિશિષ્ટના કોલમ નં.૨ માં દર્શાવેલ કોન્ટ્રાકટરો પાસેથી ભુકંપ રીપેરીંગનું કામ કરવામાં આવેલ છે. આ કામ બાબતે યુનિવર્સીટીના મકાનો અને ભવનો તથા વિભાગોના રીપેરીંગ માટે આયોજન કન્સલટન્ટ સંસ્થાને પાંચ કરોડનો અંદાજીત ખર્ચ બનાવી જાહેર ખબર ધ્વારા ટેન્ડર કરી ઉકત બધાજ કોન્ટ્રાકટરો પાસેથી વિવિધ કામો માટેના ભાવો મંગાવીને આવેલ કામના ભાવોને નીચા દરના ભાવો નું પત્રક તૈયાર કરી પરિશિષ્ટમાં સામેલ ઈજારદારને રૂબરૂ બોલાવી તમામના મળેલ નીચાદરના ભાવો પ્રમાણે કામ કરવાની સંમતી મેળવી તમામ ઈજારદારો ને તબકકાવાર કામ કરવા સામેલ પરિશિષ્ટ - ૧૩ મુજબના કામના ટુકડા કરી રૂ..૧૦૦/- ના સ્ટેમ્પ ઉપર કરાર કરી કામ કરવાની સંમતિ મેળવી કામ કરાવવામાં આવેલ છે. આ ઓડીટ વર્ષ દરમ્યાન બીજા તબકકાનું કામ કરવામાં આવેલ છે. આ કામો ઉપરનું સુપરવીઝન સંસ્થાએ નિમણુંક કરેલ આયોજન કન્સલટન્ટ સંસ્થા ધ્વારા કામોનું સુપરવિઝન કરવામાં આવેલ છે અને કરેલા બીલોનું માપ ચકાસણી મટીરીયલ ટેસ્ટીંગ તથા માલ વપરાશ નું નિરીક્ષણ કરવામાં આવેલ હતું અને આ પ્રાઈવેટ સંસ્થા ધ્વારા પ્રમાણીત કરેલ બીલોનું ચુકવણું સંસ્થા ધ્વારા કરવામાં આવતુ હતું આમ સંસ્થા પાસે બાંધકામના તાંત્રીક સ્ટાફ તરીકે કાર્યપાલક ઈજનેર વર્ગ-૧ સુપરવાઈઝરો તથા બાંધકામનું કામ સંભાળી શકે તેવો સ્ટાફ હોવા છતાં તેમની સેવા ઉપયોગમાં લેવામાં આવેલ નથી જે યોગ્ય નથી. આમ, કચેરીમાં ફરજ બજાવતાં સીવીલ એન્જીનીયર શ્રી સુભાંગી જૈન કાર્યપાલક ઈજનેર વર્ગ-૧ જેમનો માસીક પગાર રૂ..૧૪,૯૫૪/- લેખે બાર માસ નો પગાર રૂ..૧,૭૯,૪૪૮/- તથા નાયબ ઈજનેરશ્રી બી.ડી.ચોકસી કે જેમનો માસીક પગાર રૂ..૧૦,૩૮૮/- લેખે બાર માસનો પગાર રૂ..૧,૨૪,૬૫૬/- આમ કુલ રૂ..3,૦૪,૧૦૪/- થયેલ છે.

વધુમાં પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ અંદાજ કરતાં કુલ ૨,૦૮,૦૮,૮૮૧.૦૦ ના વધુ ખર્ચ થયેલ છે. જે અંગે સક્ષમ અધિકારીની વહીવટી કે તાંત્રિક મંજુરી રજુ થયેલ નથી. ઉપરોકત કારણોસર આ થયેલ કુલ ખર્ચની રકમ રૂ. ૫,૬૬,૪૭,૩૪૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૨. આ કામ સબબ સામેલ પરિશિષ્ટ – ૧૩ મુજબ તેમના કામની રકમ સામે સીકયુરીટી લેવામાં આવેલ છે પરંતુ તમામ ઈજારદાર સાથે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કામનો દસ્તાવેજ કરવામાં આવેલ છે પરંતુ સરકારશ્રીના ઠરાવો મુજબ પરીશીષ્ટના કોલમ-૯ મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલાત કરવાપાત્ર થાય તો આ ઈજારદાર દ્વારા વસુલાત કરવા પાત્ર સ્ટેમ્પ ડયુટી કુલ રૂ.૧,૪૨,૫૫૪/- વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને આધાર સહ ખાત્રી કરાવવા વિનંતી છે.

વસુલાત રૂ.૧,૪૨,૫૫૪/-

સદર ૦૦૩૦ સ્ટેમ્પ

વાંધા હેઠળ રૂ.૫,૬૬,૪૭,૩ ૪૦/-

## પરિશિષ્ટ – ૧૩- ફકરા નં. ૬૩

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના મકાનોનું ભુકંપના કારણે થયેલ નુકસાનના બીજા તબકકાના રીપેરીંગ થયેલ ખર્ચની વિગત (૨૦૦૪-૦૫

| અ. નં. | ઇજારદારનું નામ | સમાર કામ કરેલ સ્થળ | | સમારકામની અંદાજીત રકમ | સમારકામની ચુકવેલ રકમ | અંદાજ કરતાં થયેલ વધુ ખર્ચ | લેવાપાત્ર સીકયુરીટી ડીપોઝીટ | કરવાપાત્ર કરારની સ્ટેમ્પ ડયુટી | વસુલાતપાત્ર સ્ટેમ્પ ડયુટીની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | બિલ્ડીંગ નંબર | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વિનય કન્સ્ટ્રકશન | ૨૩ | લેકચરર્સ રો હાઉસ નં. ૧ થી ૬ | ૪૫૩૮૧૧૫.૦૦ | ૯૩૬૩૦૭૦.૦૦ | ૪૮૨૪૯૫૫.૦૦ | ૨૨૬૯૦૬.૦૦ | ૧૮૧૫૨.૦૦ | ૧૮૦૫૨.૦૦ |
| | | ૨૫ | સી. ટાઇપ ફલેટ | | | | | | |
| | | ૧૮ | વી. સી. બંગલો | | | | | | |
| | | ૧૯ | પ્રો. વી. સી. બંગલો | | | | | | |
| | | ૨૦ | ડાયરેકટર્સ બંગલો નં. ૧ થી ૩ | | | | | | |
| | | 30 | સરવન્ટ કવાટર્સ | | | | | | |
| | | ૧૬ | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર | | | | | | |
| | | ૧ | બી. કે. સ્કુલ ઓફ | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બીઝનેસ મેનેજમેન્ટ | | | | | | |
| ૨ | ગુજરાત કન્સ્ટ્રકશન કંપની | ૪૦ | યુનિવર્સિટી કાર્યાલય | ૪૬૦૯૫૭૩.00 | ૮૧૨૩૮૪૦.00 | ૩૫૧૪૨૬૭.00 | ૨૩૦૪૭૯.00 | ૧૮૪૩૮.00 | ૧૮૩૩૮.00 |
| | | ૩૮ | યુનિવર્સિટી સેનેટ હોલ | | | | | | |
| | | ૨૧ | રીડર્સ રો. હાઉસ નં. ૧ થી ૧૬ પ્રેસ બિલ્ડીંગ | | | | | | |
| ૩ | પટેલ કન્સ્ટ્રકશન | ૪ | સમાજ વિદ્યા ભવન | ૪૭૭૧૭૧૯.00 | ૭૨૨૧૧૭૦.00 | ૨૪૪૯૪૫૧.00 | ૨૩૮૫૮૬.00 | ૧૯૦૮૭.00 | ૧૮૯૮૭.00 |
| | | ૩૨ | યુનિવર્સિટી કેન્ટીન | | | | | | |
| | | ૩૪ | એન. આર. એસ. હોલ | | | | | | |
| ૪ | હર્ષદારાય એન્ડ કંપની | ૩ | મનો વિજ્ઞાન ભવન | ૪૭૯૯૭૦૦.00 | ૫૧૯૧૩૪૦.00 | ૩૯૧૬૪૦.00 | ૨૩૯૯૮૫.00 | ૧૯૧૯૯.00 | ૧૯૦૯૯.00 |
| | | ૫ | ભાષા ભવન | | | | | | |
| ૫ | ઉદય બિલ્ડર્સ કંપની લી. | ૩૧ | યુનિ. ગેસ્ટ હાઉસ | ૪૨૨૫૫૧૯.00 | ૭૯૦૧૨૧૧.00 | ૩૬૮૫૬૯૨.00 | ૨૧૦૭૭૬.00 | ૧૬૮૬૨.00 | ૧૬૭૬૨.00 |
| | | ૧૩ | કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ | | | | | | |
| | | ૩૭ | ગેસ્ટ પ્લાન્ટ એન્ડ ટુલ રૂમ | | | | | | |
| ૬ | શુકલ કન્સ્ટ્રકશન લિ. | ૧૧ | ઝુઓલોજી ડિપાર્ટમેન્ટ | ૩૯૮૪૭૪૨.00 | ૫૭૭૧૯૯૩.00 | ૧૭૮૭૨૫૧.00 | ૧૯૯૨૩૭.00 | ૧૫૯૩૯.00 | ૧૫૮૩૯.00 |
| | | ૧૨ | લાઇફ સાયન્સ બિલ્ડીંગ | | | | | | |
| | | ૩૫ | એનીમલ હાઉસ (ઓલ્ડ) | | | | | | |
| | | ૩૬ | !! (ન્યુ) | | | | | | |
| | | | રીડર્સ ફ્લેટ | | | | | | |
| | | | લેકચરર્સ ફ્લેટ | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રી રામ બિલ્ડર્સ | ૧૫ | સરદાર પટેલ વાંચન કેન્દ્ર | ૪૬૮૧૧૭૨.૦૦ | ૭૫૦૭૫૦૧.૦૦ | ૨૮૨૬૩૨૯.૦૦ | ૨૩૪૦૫૯.૦૦ | ૧૮૭૨૫.૦૦ | ૧૮૬૨૫.૦૦ |
| | | ૧૪ | ગુજ. યુનિ. લાયબ્રેરી બિલ્ડીંગ | | | | | | |
| | | ૬ | એચ. કે. પ્રોફેશનલ ટ્રેઇનીંગ સેન્ટર | | | | | | |
| | | ૧૦ | આઇ. એ. એસ. ટ્રેઇનીંગ સેન્ટર | | | | | | |
| | | ૯ | ભુગોલ ભવન | | | | | | |
| | | ૭ | સ્કુલ ઓફ કોમર્સ | | | | | | |
| | | ૮ | સ્કુલ ઓફ લો | | | | | | |
| ૮ | જય વિજય કન્સ્ટ્રકશન કંપની | ૩૨ | યુનિ. જિમનેશીયમ હોલ | ૪૨૩૭૯૧૯.૦૦ | ૫૫૬૭૨૧૫.૦૦ | ૧૩૨૯૨૯૬.૦૦ | ૨૧૧૮૯૬.૦૦ | ૧૬૯૫૨.૦૦ | ૧૬૮૫૨.૦૦ |
| | | ૧૭ | યુનિ. હેલ્થ સેન્ટર | | | | | | |
| | | ૨૯ | હેલ્થ સેન્ટર કવાર્ટસ | | | | | | |
| | | ૨૮ | આર. એમ. ઓ. ફલેટ | | | | | | |
| | | ૨૭ | વોર્ડન્સ બંગલો | | | | | | |
| | | ૨૬ | કિચન બિહાઇન્ડ બોયસ હોસ્ટેલ | | | | | | |
| કુલ | | | | ૩૫૮૩૮૪૫૯.૦૦ | ૫૬૬૪૭૩૪૦.૦૦ | ૨૦૮૦૮૮૮૧.૦૦ | ૧૭૯૧૯૨૪.૦૦ | ૧૪૩૩૫૪.૦૦ | ૧૪૨૫૫૪.૦૦ |

**ફકરા નંબર-૬૪**

ઉત્તરવહીઓની ખરીદી સ્ટોક અને વપરાશ તથા પરત મળ્યાના હિસાબ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી. અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા આ સંસ્થાની પરીક્ષા શાખાએ વિવિધ પરીક્ષાઓ માટે ઉતરવહીઓની ખરીદી માટે હિસાબી સદર ૩૫૧૭૦૦૦ હેઠળ રૂ..૩૭,૨૩,૬૮૩/- નો ખર્ચ તથા પરીક્ષા ને લગતી સ્પેશીયલ સ્ટેશનરી ના હિસાબી સદર ૩૫૧૮૦૦૦ હેઠળ રૂ..૨૮૨૭૯૨/- તથા પરીક્ષા સ્ટેશનરી ના હિસાબી સદર રૂ.. ૩૫૧૯૦૦૦ હેઠળ રૂ..૧૬,૯૫૦/- મળી કુલ રૂ..૪૦,૨૩,૪૨૫/- નો ખર્ચ કરેલ છે. તો ઉકત તમામ ખરીદી બાબતે નીચે મુજબની વિગતો સાધનીક રેકર્ડ સાથે રજુ કરવા જણાવેલ હતું જે કરવામાં આવેલ નથી.

૧. આ વસ્તુ ખરીદ કરવાનો અંદાજ ખરીદી કરવા બાબતે મેળવેલ સક્ષમ અધિકારીની મંજુરી તથા જથ્થાની વિગત

૨. ખરીદવામાં આવેલ વસ્તુઓની હાથ ઉપરની સીલક તથા નવી ખરીદી તથા ઓડીટ વર્ષમાં કરેલ ફાળવણી તથા હાથપર ના સ્ટોકની વિગત દર્શાવતુ સ્ટોક રજીસ્ટર.

3. આ ચીજ વસ્તુઓ ખરીદવા માટે કરવામાં આવેલ ધોરણસર ની ખરીદ પધ્ધતિની કાર્યવાહીની ફાઈલ ટેન્ડર જાહેરાત તથા બીલ કે ઈન્વોઈસ ની નકલ અને ચુકવણીની વિગત દર્શાવતુ તમામ રેકર્ડ બીલવાર રજુ કરવા જણાવેલ છતાં રેકર્ડ રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૪૩, તા-૧૫/૯/૦૯ નો સંસ્થા એ કોઈ જવાબ રજુ કરેલ નથી તેમજ રેકર્ડ રજુ કરેલ નથી જેથી આ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.. ૪૦,૨૩,૪૨૫/-

## ફકરા નંબર-૬૫

પરીક્ષા માટે ખાનગી પ્રેસ ધ્વારા પ્રશ્નપત્રો છપાવા અંગે થયેલ ખર્ચ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન સંસ્થા ધ્વારા
રજુ થયેલ હિસાબી દફતરની ચકાસણી કરતા ખર્ચ સદર ૩૫૧૬૦૦૦ હેઠળ વર્ષ દરમ્યાન પ્રશ્ન
પત્રોની છપામણી પેટે રૂ..૩૩૫૩૮૯૪-૩૫ નો ખર્ચ થયેલ હતો સદરહું ખર્ચના વાઉચરોની ચકાસણી
કરતા નીચેની વિગતોના વાઉચરોથી ખર્ચ પાડવામાં આવેલ હતો.

| ક્રમ | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૩૧૮૧ | ૩૦/૯/૦૪ | ૨૯૯૦૭૬ |
| ૨ | ૪૬૯૧ | ૨૮/૧૨/૦૪ | ૯૮૪૮૫૮ |
| ૩ | ૫૬૭૫ | ૧૬/૨/૦૫ | ૧૮૮૨૦ |
| ૪ | ૭૦૪૫ | ૩૧/૩/૦૫ | ૫૯૬૭૮૪ |
| ૫ | ૭૦૪૬ | ૩૧/૩/૦૫ | ૧૪૫૪૩૫૬ |
| | | કુલ | ૩૩૫૩૮૯૪ |

ઉક્ત ખર્ચની ચકાસણી સારૂ નીચે જણાવેલ વિગતે જરૂરી દફતર અન્વેષણ સમક્ષ રજુ
કરવા જણાવવા છતાં સંસ્થાએ રજુ કરેલ નથી.

પરીક્ષાના પ્રશ્નપત્રોના ખર્ચની ચકાસણી માટે ખાનગી પ્રેસ સાથે કરવામાં આવેલ કરાર

૧. પરીક્ષાના પ્રશ્નપત્રોના ખર્ચની ચકાસણી માટે ખાનગી પ્રેસ સાથે કરવામાં આવેલ કરાર મુજબ ભાવોનું એસ્ટીમેટ ની વિગતવારની માહિતી દર્શાવતી ફાઈલ
૨. સદરહું કામનો ઈજારો આપવા માટેની થયેલ નિયમોનુંસાર ની ટેન્ડર પ્રક્રિયાની ફાઈલ
૩. ટેન્ડર પ્રક્રિયા મુજબ ઈજારો મેળવનાર પાર્ટી તરફથી સદર સમય મર્યાદાના કામે કોઈ અસહકારની ઘટના બની હોય તો તે અંગેની ફાઈલ અને પત્ર વ્યવહાર તથા તે અંગે આ સંસ્થાએ કરેલ કાર્યવાહીની ફાઈલ
૪. સને ૨૦૦૪-૦૫ ના વર્ષ દરમ્યાન નકકી કરેલ પરીક્ષા કેન્દ્રોની વિગત જોતાં બનાવેલ કવર અને કાપડની થેલીઓની વિગતો દર્શાવતુ પત્રક રજુ કરવું.
૫. સને ૨૦૦૪-૦૫ ના વર્ષ દરમ્યાન આયોજીત પરીક્ષાઓ માટે કેટલા પ્રશ્નપત્રો છાપવામાં આવેલ હતા તેમજ કેટલા પ્રશ્નપત્રોની રકમ ચુકવી તેનો હિસાબમેળ દર્શાવતુ પત્રક રજુ કરવું.

૬) વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ચુકવણીઓ પૈકી કોને કેટલી રકમ ચુકવવાપાત્ર હતી તેમજ ચુકવવામાં આવેલ તથા બાકી ચુકવવા અંગેની વિગત દર્શાવતું પત્રક રજુ કરવું.

૭) યુનિવર્સિટી પાસે પોતાનો (માલિકીનો) પ્રેસ હોવા છતા સદર છપામણી ખાનગી રાહે કરાવવા બાબતે સ્પષ્ટતા સહ તે અંગે થયેલ કાર્યવાહી નિયમાનુસાર થયેલ હોય તો તેની સંપુર્ણ વિગતવાર માહિતી ઓડીટે રજુ કરવી.

૮) ઓડીટ વર્ષ દરમ્યાન પરીક્ષાના પ્રશ્નપત્રો બહાર છપાવવાના નિર્ણય પહેલા યુનિવર્સિટીના માલિકીના પ્રેસ પાસે નહિ છાપી શકવા ના કારણો અને આ મુદત દરમ્યાન પ્રેસ પાસે કઈ કામગીરી ચાલુ હતી તેના સાધનિક રેકર્ડ સાથે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ઉક્ત મુદ્દાઓનો વિગતવાર અહેવાલ તથા સાધનિક રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ ન થાય ત્યાં સુધી આ કરેલ ખર્ચા રૂ.૩૩૫૩૮૯૪=૩૫ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાંધા નં.૨૭ તા-૧૦/૯/૦૯નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ

રૂ.૩૩૫૩૮૯૪=૩૫

## ફકરા નંબર-૬૬

૨૦ પાનાની મુખ્ય ઉતરવહીઓ તથા ચાર પાનાની પુરવણી ઉતરવહીઓની ખરીદી તથા હિસાબ બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ ચાલુ હોઈ આપની શાખા ધ્વારા ઓડીટ વર્ષ ૨૦૦૪-૦૫ માં ૨૦ પાનાવાળી મુખ્ય ઉતરવહીઓ તથા ૪ પાનાવાળી પુરવણી ઉતરવહીઓ ના સ્ટોક ખરીદી વપરાશ અને આખરી સ્ટોક બાબતનું નીચેનું રેકર્ડ રજુ જણાવવા છતાં રજુ કરેલ નથી.

૧. બન્ને પ્રકારની ઉતરવહીઓનું તા-૧/૪/૦૪ ના રોજની સીલક બતાવતુ સ્ટોક રજીસ્ટર.

૨. ઓડીટ વર્ષ ૨૦૦૪-૦૫ માં બન્ને પ્રકારની ઉતરવહીઓ ખરીદવા માટે કરવામાં આવેલ કાર્યવાહી (૧) ખરીદવા માટે નો ઠરાવ (૨) ખરીદવા માટે કરવામાં આવેલ પ્રક્રિયા-જાહેરાત ટેન્ડર બહાર પાડવા, ભાવો મળવા, તુલનાત્મક પત્રક ઈજારદારને આપેલ ઓર્ડર-આવેલ ઉતરવહીઓ ના ચલણો સ્ટોક પત્રકો જમા લીધાના રજીસ્ટરો તથા ઈસ્યુ કરવામાં આવેલ ઉતરવહીઓની ફાળવણીનો હુકમ તથા પરત આવેલ બન્ને કોરી ઉતરવહીઓનો સ્ટોક જમા લેવાયાની નોંધ અને વપરાશમાં લેવામાં આવેલ ઉતરવહીઓની સંખ્યા
આમ ઉકત તમામ રેકર્ડ તથા તેના સંલગ્ન રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

પ્રા.વા.નં.૬૧, તા-૬/૧૦/૦૯ ના વિગત માટે સંસ્થાએ કોઈજ રેકર્ડ રજુ કરેલ નથી જેથી ઉતરવહીઓની ખરીદી બાબતે થયેલ કાર્યવાહીની કોઈજ ચકાસણી થઈ શકેલ નથી. જેથી આ ઉત્તરવહીઓ પાછળ કરેલ કુલ ખર્ચ રૂ. ૧૧૬૮૫૮૩.૦૦ વાંધા હેઠળ આપવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.. ૧૧૬૮૫૮૩.૦૦

## ફકરા નંબર-૬૭

પ્રિન્ટીંગ પ્રેસમાં કાગળ અને અન્ય સ્ટેશનરી સ્ટોક અને વપરાશ ની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના પ્રેસની મુલાકાત દરમ્યાન આ પ્રેસ ધ્વારા ઓડીટ વર્ષમાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૨૧ ના કોલમ નં.૪ મુજબ વિવિધ પ્રકારના કાગળો તથા અન્ય સ્ટેશનરી ખરીદ કરવામાં આવેલ છે. આ ખરીદેલ વિગતેના સ્ટોક પત્રક અને વપરાશ બાબતે ચકાસણી કરતા નીચે મુજબની પરીસ્થીતી જણાયેલ છે.

૧. આ સાથે સામેલ પરીશીષ્ટ-૧૪ માં સમાયેલ ૨૧ પ્રકારના કાગળો અને અન્ય પ્રકારની સ્ટેશનરી ના સ્ટોક પત્રક માં અગાઉના વર્ષની બંધ સિલક ને આ રજીસ્ટરમાં ઉઘડતી સીલક તરીકે દર્શાવવામાં આવેલ નથી. જેથી આ પત્રકમાં તમામ પ્રકારની સ્ટેશનરી અને અન્ય સ્ટેશ્નરીનો ઉઘડતો જથ્થો શુન્ય દર્શાવેલ છે.

૨. આ પરિશિષ્ટ-૧૪ ના કોલમ નં.૫ માં કરેલ રકમ ની ખરીદીની કોઈજ ફાઈલ ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી જેથી પત્રકના કોલમ-૪ માં દર્શાવેલ વિવિધ પ્રકારના કાગળોનો જથ્થાની ખરીદીની ખરાઈ ઓડીટને થઈ શકેલ નથી તો આ તમામ ખરીદી ની ફાઈલ ઓડીટ સમક્ષ રજુ ન થાય અને ખરીદીની વ્યાજબી પણાની ચકાસણી ન થાય ત્યાં સુધી આ ખરીદીની રકમ રૂ..૧૦,૮૨,૮૯૯.૮૨ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

3. આ સાથેના સામેલ પરીશીષ્ટ-૧૪ અનુક્રમ નં.3,૪,૬,૮, ૧૧,૧3 અને ૨૧ માં દર્શાવેલ વિવિધ પ્રકારના કાગળ તથા અન્ય આઈટમની વર્ષની શરૂઆતની ઉઘડતી સિલક રજીસ્ટરમાં નોંધેલ ન હોવા છતાં વપરાશ દર્શાવવામાં આવેલ છે જે યોગ્ય નથી તો આ સ્ટોકની ખરીદી ની ખાત્રી કરી અગાઉના વર્ષમાં થયેલ વપરાશ બાદ કરી આ વર્ષની ઉઘડતી સિલક નકકી કરી વપરાશને ધ્યાને લઈ ઓડીટ વર્ષની બંધ સ્ટોક નકકી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. અને ત્યારબાદ આ આઈટમોનો હાલની તારીખે સ્ટોક નકકી કરી તેની હાલના હાથપરના ભૌતિક સ્ટોક સાથે ચકાસણી કરી થયેલ વધઘટ બાબતે આપના સ્તરેથી નિયમોનુસાર ની કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૪. આ પરીશીષ્ટ-૧૪ ના ક્રમ નં.૪,૫ ઉપર દર્શાવેલ ડલબ ફુલ સ્કેપ કાગળ અને લેજરમાં ઓડીટ વર્ષમાં ૫૦,૦૦૦ ની ખરીદી કરેલ છે તેની સામે વાર્ષીક ૧૦૩૨૨૫ નો વપરાશ દર્શાવેલ છે આઈટમ-૪ માં વપરાશ દર્શાવેલ છે જેથી આ બન્ને આઈટમમાં ઉકત પેરા ફકરા નં.૩ માં દર્શાવેલ કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૫. આ પરીશીષ્ટ-૧૪ ક્રમ નં.૧૪,૧૫,૧૬,૧૭,૧૮,૧૯ અને ૨૦ માં દર્શાવેલ આઈટમમાં સંસ્થાએ ખરીદી કરેલ છે પરંતુ વર્ષ દરમ્યાન કોઈ વપરાશ થયેલ નથી. આમ નિરર્થક ખરીદી કરી સંસ્થાને નુકસાન કરવા બાબતે જવાબદારેથી કાર્યવાહી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. ભવિષ્યમાં આ પ્રકારની નિરર્થક ખરીદી ન થાય અને સંસ્થાને બીન જરૂરી આર્થીક બોજ ન સહન કરવો પડે તે માટે તકેદારી રાખવા ઓડીટનું સુચન છે.

૬. આ પરીશીષ્ટ-૧૪ ના ક્રમ નં.૨,૭,૯,૧૦,૧૨,૧૭,૧૮, ૧૯,૨૦ અને ૨૧ ની આઈટમો માં દર્શાવેલ સ્ટોકની બંધ સિલક સને ૨૦૦૫-૦૬ માં ઉઘડતી સિલક તરીકે જમા ન લેવામાં આવેલ હોય તો પત્રકના કોલમ નં.૯ માં દર્શાવેલ રકમ રૂ..૧૦,૦૩,૭૬૧/- જવાબદારે થી વસુલાત મેળવી યુનિ.ના ભંડોળમાં જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૨૧, તા-૧૮/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી આમ પ્રિન્ટીંગ માટેની સ્ટેશનરીમાં જરૂરીયાત વિનાની ખરીદી કરી સંસ્થાને બીન જરૂરી ખર્ચ કરાવવા બાબતે સ્પષ્ટતા કરાવવી અને આ બાબતે જવાબદારની જવાબદારી નકકી કરી યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવે ત્યાંસુધી આ ખરીદેલ જથ્થાની રકમ રૂ..૧૦,૮૨,૮૯૯ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાત રૂ..૧૦,૦૩,૭૬૧.૦૦

વાંધા હેઠળ રૂ..૧૦,૮૨,૮૯૯.૦૦

## પરિશિષ્ટ – ૧૪- ફકરા નં. ૬૭

### પ્રિન્ટીંગ પ્રેસના કાગળ સ્ટોક અને વપરાશની અનિયમિતતા દર્શાવતું પત્રક

| ક્રમ | કાગળનું નામ અને વિગત | ઉઘડતી સિલક | ખરીદી કરેલ કાગળ નંગ | ખર્ચેલ રકમ | ૧૦૦ નંગની રકમ | વપરાશ કાગળ નંગ | હાથ ઉપર સિલક નંગ | રીમાર્કસ આખરનો સ્ટોક આગળના વર્ષમાં જમા લીધો ન હોય તો વસુલાત પાત્ર રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સફેદ બેંક પોસ્ટ | | ૦ | ૦ | ૦ | ૧૦૬૧૧૫ | ૦ | ૦ |
| ૨ | રંગીન બેંક પોસ્ટ | | ૮૬૪૦૦ | ૫૩૩૪૦ | ૬૨ | ૨૮૩૦૫ | ૫૮૦૯૫ | ૧૭૫૪૯ |
| ૩ | સફેદ બોન્ડ પેપર | | | ૦ | ૦ | ૧૯૧૨ | ૦ | ૦ |
| ૪ | ડબલ ફુલ સ્કેપ સફેદ પેપર | | | ૦ | ૦ | ૫૪૯૭૬૫ | ૦ | ૦ |
| ૫ | ડબલ ફુલ સ્કેપ લેજર | | ૫૦૦૦૦ | ૩૫૩૦૦ | ૭૦.૬૦ | ૧૦૩૨૨૫ | ૦ | ૦ |
| ૬ | ડબલ ફુલ સ્કેપ કવર પેપર | | ૦ | ૦ | ૦ | ૯૫૪૧ | ૦ | ૦ |
| ૭ | ડબલ ફુલ સ્કેપ સફેદ મની ફોલ્ડ | | ૧૨૦૦૦ | ૬૨૨૧.૫૦ | ૫૧ | ૬૪૭૮ | ૫૫૨૨ | ૨૮૧૬ |
| ૮ | ક્રાઉન સફેદ પ્રિન્ટીંગ | | ૦ | ૦ | ૦ | ૩૩૪૪ | ૦ | ૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પેપર | | | | | | | |
| ૯ | કાઉન કવર પેપર | | ૨૪૦૦૦ | ૪૦૫૦૦ | ૦ | ૦ | ૨૪૦૦૦ | ૪૦૫૦૦ |
| ૧૦ | કાઉન લેજર પેપર | | ૧૦૦૦૦ | ૯૫૨૦ | ૯૫ | ૮૮૭ | ૯૧૧૩ | ૮૬૫૭ |
| ૧૧ | સફેદ પોસ્ટ કાર્ડ | | ૦ | ૦ | ૦ | ૩૮૩૯ | ૦ | ૦ |
| ૧૨ | રંગીન પોસ્ટ કાર્ડ | | ૧૮૭૨ | ૭૪૩૬ | ૩૯૭ | ૯૭૬ | ૮૯૬ | ૩૫૫૭ |
| ૧૩ | કાફટ પેપર | | ૦ | ૦ | ૦ | ૨૧૧૪ | ૦ | ૦ |
| ૧૪ | ક્રિમ વોલ પેપર | | ૬૮૨૦૦૦ | ૪૧૮૬૧.૩૨ | ૦ | ૦ | ૦ | ૪૧૮૬૧૮ |
| ૧૫ | મેપલીથો એચ. પી. સી. | | ૭૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૦ |
| ૧૬ | ફુલ સ્કેપ લેજર પેપર | | ૧૧૩૫૦૦ | ૮૦૨૩૦ | ૦ | ૦ | ૦ | ૮૦૨૩૦ |
| ૧૭ | એસ. કે. એસ. એસ. બી. મેપલીયો પેપર | | ૬૦૦૦૦ | ૧૧૩૪૦૦ | ૧૮૯ | ૦ | ૬૦૦૦૦ | ૧૧૩૪૦૦ |
| ૧૮ | લેજર પેપર એ. બી. સી. બ્રાન્ડ | | ૧૦૦૦૦૦ | ૧૨૬૦૦૦ | ૦ | ૦ | ૧૦૦૦૦૦ | ૧૨૬૦૦૦ |
| ૧૯ | સફેદ પ્રિન્ટીંગ પેપર મેપલીથો | | ૫૦૦૦૦ | ૭૨૦૦૦ | ૦ | ૦ | ૫૦૦૦૦ | ૭૨૦૦૦ |
| ૨૦ | સફેદ એચ. પી. સી. મેપલીથો | | ૯૮૦૦૦ | ૧૨૦૪૩૪ | ૦ | ૦ | ૯૮૦૦૦ | ૧૨૦૪૩૪ |
| ૨૧ | રેઇનબો રંગીન કાર્ડ | | ૦ | ૦ | ૦ | ૧૭૨૮ | ૦ | ૦ |
| | કુલ | | | ૧૦૮૨૮૯૯.૮૨ | | | | ૧૦૦૩૭૬૧ |

## ફકરા નંબર-૬૮

મુખ્ય ઉત્તરવહીની ખરીદી અને વપરાશના હિસાબ બાબત.

---

### ફકરા નંબર-૬૮(૧)

**૩૨ પેઈજની મુખ્ય ઉતરવહીની ખરીદી અને વપરાશ ના હિસાબ બાબત.**

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન પ્રેસે ખરીદ કરેલ ૩૨ પેઈજની મુખ્ય ઉતરવહીઓની ખરીદી અને વપરાશ ના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતા આ મુખ્ય ઉતરવહી ના સ્ટોકની પરીસ્થીતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| ખરીદી | |
| તા-૧૧/૨/૦૫ થી ૩૧/૩/૦૫ | ૨૩,૦૦,૦૦૦ |
| (પાન-૮૧ થી ૮૪) | |
| ઈસ્યુ તા-૨૮/૨/૦૫ થી ૨૧/૩/૦૫ | ૧૧,૪૩,૮૦૦ |
| (પાન નં.૩૦ થી ૪૫) | |
| તા-૩૧/૩/૦૫ ની સીલક | ૧૧,૫૬,૨૦૦ |

ઉકત તા-૩૧/૩/૦૫ ના જણાવેલ મુખ્ય ઉતરવહીના સ્ટોકમાં કોલેજમાંથી પરીક્ષા પુર્ણ થયા બાદ પરત આવેલ મુખ્ય ઉતરવહીનો સ્ટોક જમા લેવામાં આવેલ નથી કારણકે પ્રેસે આ સ્ટોક રજીસ્ટરમાં પરત આવેલ સ્ટોક જમા લેવાયેલ નથી અને તેના આધારો ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી આમ પરત આવેલ મુખ્ય ઉતરવહીઓના સ્ટોકની સાચી પરીસ્થીતી ઓડીટમાં રજુ થયેલ નથી જેથી જે કોલેજોને આ ૩૨ પેઈજની મુખ્ય ઉતરવહીઓ ઈસ્યુ કરેલ હોય તે કોલેજો પાસેથી પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓની માહીતી મેળવી તે મુજબ બચત રહેલ મુખ્ય ઉતરવહીઓ મેળવી સ્ટોક રજીસ્ટરે જમા લઈ હિસાબ મેળ લઈ ભૌતિક જથ્થા સાથે સ્ટોક મેળવી વધ/ઘટ બાબતે આપના સ્તરેથી નિયમોનુસાર ની કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી આ ઉતરવહીની કિમત રૂ. ૬૨,૭૯૦૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વા. નં.૧૧૮, તા-૧૮/૧૨/૦૯ નો જવાબ સંસ્થાએ કરેલ નથી તો આ મુખ્ય ઉતરવહીઓનો હિસાબ અદ્યતન કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

## ફકરા નંબર-૬૮(૨)

### ૨૦ પેઈજની મુખ્ય ઉતરવહીઓના ખરીદ અને ઈસ્યુના હિસાબની અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીના પ્રેસના અન્વેષણ દરમ્યાન ઓડીટ વર્ષ દરમ્યાન ખરીદવામાં આવેલ ૨૦ પેઈજની મુખ્ય ઉતરવહીઓના સ્ટોક અને વપરાશ ના હિસાબની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતા માલુમ પડેલ છે.

૧. આ ૨૦ પેઈજની મુખ્ય ઉતરવહીઓનો સ્ટોક અને વપરાશનો હિસાબ નિભાવવામાં આવેલ છે તેમાં આગલા નાણાકીય વર્ષ ના અંતે બંધ સિલકને નવા નાણાકીય વર્ષના સ્ટોક રજીસ્ટરમાં ઉઘડતી સિલક તરીકે દર્શાવવામાં આવતી નથી જેથી આ હિસાબો અનિયમિત હિસાબો ગણાય.

૨. આ સ્ટોક રજીસ્ટરમાં નવા વર્ષની ખરીદવામાં આવેલ મુખ્ય ઉતરવહીઓ ચલનવાર નોંધવામાં આવે છે પરંતુ તે નોંધ સામે કોઈ કર્મચારી કે પ્રેસ મેનેજરની સહી કરવામાં આવતી નથી જેથી આ નોંધો અધિકૃત નોંધો ન કહેવાય, તો આ નોંધો અધિકૃત કરવી અને ભવિષ્યાં આ પ્રથા અમલી બનાવવી.

૩. આ સ્ટોકને નાણાકીય વર્ષ દરમ્યાન આકસ્મીક રીતે ભૌતિક ચકાસણી કરવી જોઈએ અને બરાબર માલુમ પડેથી સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરવી જોઈએ જે થયેલ નથી જેથી આકસ્મીક ભૌતીક ચકાસણી થયેલ નથી તો આ પ્રથા અમલી કરી બરાબર હોવાની ખાત્રી થયેથી રજીસ્ટરમાં નોંધ કરવી તેમ પ્રથા અમલી બનાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૪. આ સ્ટોકમાંથી ઈસ્યુ કરેલ મુખ્ય ઉતરવહીઓ પૈકી પરત આવે તો તે આવેલ સ્ટોકને સ્ટોક રજીસ્ટર માં જમા લેવા જોઈએ પરંતુ સ્ટોક રજીસ્ટર જોતાં આવી કોઈ પ્રથા અમલી બનાવેલ નથી. રૂબરૂ પૃચ્છા કરતા પરત આવેલ મુખ્ય ઉતરવહીઓને સ્ટોકમાં મુકવામાં આવે છે પરંતુ પરત જમાંની નોંધ સ્ટોક રજીસ્ટરમાં કરવામાં આવતી નથી. આ બાબત ગંભીર ગણાય જેથી મુખ્ય ઉતરવહીઓના સ્ટોક અને ઈસ્યુમાં અનિયમિતતા અને દુરપયોગ થવા પુરેપુરો સંભવ છે. આ અતિ ગંભીર બાબત હોઈ જે તે કોલેજોને ઈસ્યુ કરેલ મુખ્ય ઉતરવહીઓ કોલેજમાં વપરાયેલ ઉતરવહીઓનો હિસાબ કોલેજમાંથી પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે મેળ લઈ ત્યારબાદ બચત રહેલ તમામ મુખ્ય ઉતરવહીઓ પરત લેવાની પ્રથા અમલી બનાવી. ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે તથા આ ઓડીટ વર્ષમાં તેનો હિસાબ મેળ લઈ વર્ષાન્તે હાથ ઉપરનો સ્ટોક નક્કી કરી સ્ટોક રજીસ્ટરમાં પુર્તતા કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૫. આ પ્રેસમાં ૨૦ પાના ની મુખ્ય ઉતરવહીઓના સ્ટોકમાં ઉકત પ્રકારની ક્ષતિ હોવાને કારણે ઓડીટે ૨૦૦૩-૦૪ ની ખરીદી અને ઈસ્યુ ની માહીતી ના આધારે તા-૩૧/૩/૦૪ ની પરીસ્થીતીએ બંધ સિલક નકકી કરેલ છે (આ હિસાબમાં સને ૨૦૦૩-૦૪ ની ઉઘડતી સીલક નથી નો હિસાબ મજરે લીધેલ નથી) ત્યારબાદ ઓડીટ વર્ષનો હિસાબ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સને ૨૦૦૩-૦૪ | | |
| ઉઘડતી સિલક | | દર્શાવેલ નથી |
| ઓડીટ વર્ષમાં ખરીદી | | |
| તા-૨૪/૪/૦૩ થી તા-૯/૬/૦૩ | | ૨૦,૦૦,૦૦૦ |
| (રજી.પાના નં.૧ થી ૬ મુજબ) | | |
| ઈસ્યુ | | |
| ૧. તા-૧/૪/૦૩ થી ૯/૬/૦૩ | | ૧૪,૧૭,૧૭૫ |
| (રજી.પાનાનં.૧ થી ૪૧) | | |
| ૨. તા-૨૯/૬/૦૩ થી ૨૩/૧/૦૪ | | ૦૩,૩૮,૭૦૦ |
| (પાના નં.૪૨ થી ૪૭) | કુલ ઈસ્યુ | ૧૭,૫૫,૮૭૫ |
| | સ્ટોક | ૦૨,૪૪,૧૨૫ |
| ખરીદી | | |
| ૧.તા-૫/૪/૦૩ થી ૨૫/૩/૦૪ | | ૧૪,૯૯,૦૦૦ |
| (પાના નં.૧૦૩ થી ૧૦૬) | | |
| | કુલ | ૧૭,૪૩,૧૨૫ |
| ઈસ્યુ તા-૭/૨/૦૪ થી ૩૧/૩/૦૪ | | |
| (પાના નં.૪૭ થી ૬૦) | | ૦૫,૪૨,૦૧૧ |
| તા-૩૧/૩/૦૪ ની બંધ સિલક | | ૧૨,૦૧,૧૧૪ |

બાદ વપરાશ

૧. માર્ચ-એપ્રિલ પરીક્ષાર્થી
   ૧,૯૩,૯૪૮

૨. ઓકટો-નવે પરીક્ષાર્થી
   ૪૦,૨૧૨

કુલ ૨,૩૪,૧૬૦

૭ વિષય × ૭

૧૬,૩૯,૧૨૦ . ૧૬,૩૯,૧૨૦

પરત મળવી જોઈએ ૬,૫૮,૭૬૬ ૬,૫૮,૭૬૬

તારીખ-૩૧/૩/૦૪ અંતિત સિલક ૧૮,૫૯,૮૮૦

૨૦૦૪-૦૫ નો હિસાબ

ખરીદી

તા-૧૪/૫/૦૪ (પાના નં.૧) ૧,૦૨,૨૫૦

કુલ સ્ટોક ૧૯,૬૨,૧૩૦

ઈસ્યુ

૧. ૧/૪/૦૪ થી ૨૫/૧૨/૦૪ ૨૧,૮૦,૯૨૯

પાના નં.૧ થી ૨૮

૨. ૩૦/૧૨/૦૪ થી ૩૧/૧/૦૫ ૩૩,૦૦૦

(પાના નં.૨૯)

૩. તા-૧૪/૨/૦૫ થી ૩૧/૩/૦૫ ૦૧,૩૯,૫૦૦

(પાના નં.૨૯ થી ૪૫) કુલ ૨૩.૫૩,૪૨૯

\- ૦૩.૦૧,૨૯૯

ઉમેરો- પરત મળવા પાત્ર

ઈસ્યુ - ૨૩,૫૩,૪૨૯

બાદ વપરાશ

૧. માર્ચ-એપ્રિલ પરીક્ષાર્થી

૨,૫૮,૧૨૬

૨. ઓકટો-નવે પરીક્ષાર્થી

૫૪,૦૮૮

કુલ ૩,૧૨,૨૧૪

૭ વિષય × ૭

૨૧,૮૫,૪૯૮ ૨૧,૮૫,૪૯૮

પરત મળવાપાત્ર ૧,૬૭,૯૩૧ ૧,૬૭,૯૩૧

મુખ્ય ઉતરવહી

૨,૨૩,૩૬૮

આમ તા-૩૧/૩/૦૫ ના રોજ મુખ્ય ઉતરવહીઓનો સટોક (-) ૨,૨૩,૩૬૮ રહે. આમ, ૨૦ પાનાની મુખ્ય ઉતરવહીઓ ખરીદી કરતા વધુ ઈસ્યુ કરવા બાબતે સ્પષ્ટતા સહ ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે. તથા આ મુજબનો હિસાબ મેળ લઈ આ સ્ટોકમાં વર્ષોવર્ષથી આવતી આ સ્ટેશનરીનો ઉઘડતો સ્ટોક જમા નહીં હોવા બદલ સપષ્ટતા કરવી તેમજ અનિયમિતતાને નિયમીત કરી આખરી સ્ટોક નકકી કરી હાલની પરીસ્થીતી ઓ જણાયેલ વધઘટ બાબતે આપના સ્તરેથી નિયમોનુસાર ના પગલા લઈ ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા. નં.૧૧૬, તા-૧૭/૧૨/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ બાબતને ગંભીરતા લઈ ઉતરવહીઓનો હિસાબ મેળ વ્યવસ્થિત થાય તેવી કાર્યવાહી કરી અન્વેષણ વખતથી હિસાબ મેળ કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

---

## ૬૮.૩ ૧૬ પેઈજની મુખ્ય ઉતરવહીની ખરીદી અને વપરાશના હિસાબ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના પ્રેસના ઓડીટ વખતે આ પ્રેસમાં નિભાવવામાં આવેલ ૧૬ પેઈજની મુખ્ય ઉતરવહીની ખરીદી, સ્ટોક અને વપરાશના હિસાબોની ચકાસણી કરતા આ નાણાંકીય વર્ષમાં ૧૬ પેઈજની મુખ્ય ઉતરવહી શરૂ કરવામાં આવેલ છે અને ઓડીટ વર્ષ દરમ્યાન તા-૩૧/૩/૦૫ ના રોજ ૨,૦૦,૦૦૦ (૧૬ પેઈજ ની )મુખ્ય ઉતરવહીઓ ખરીદવામાં આવેલ છે. પરંતુ ઓડીટ વર્ષ દરમ્યાન આ જથ્થો ઈસ્યુ કરવામાં આવેલ નથી જેથી ત્યારબાદના વર્ષોમાં ખરીદ ઈસ્યુ તથા પરત આવેલ સ્ટોકના હિસાબ મેળ લઈ આજની તારીખની સિલક કાઢી હાથ ઉપરના ભૌતિક જથ્થા સાથે મેળ લઈ જણાવેલ વધ/ઘટ બાબતે આપવા સ્તરેથી નિયમોનુસાર ના કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૧૯, તા-૧૮/૧૨/૨૦૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી તો આ મુખ્ય ઉતરવહીનો સ્ટોક અને હિસાબ ઓડીટ વર્ષથી અદ્યતન નિભાવી આગામી ઓડીટે રજુ કરવા ઓડીટનુ સુચન છે. ત્યાં સુધી વા. નં. ૧૧૩૪૭ થી કરેલ ખર્ચ રૂ. ૨૬૪૦૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ. ૨,૬૪,૦૦૦/-

---

**૬૮ (૪)** ૧૨ પેઈજની પુરવણી ઉતરવહી ની ખરીદી અને વપરાશ ના હિસાબ બાબત

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૪-૦૫ ના અન્વેષણ દરમ્યાન આ સંસ્થાના પ્રેસના ઓડીટ વખતે આ પ્રેસ ખાતે પરીક્ષાર્થીઓ માટે ૧૨ પેઈજ ની પુરવણી ઉતરવહીઓની ખરીદી તથા તેના વપરાશ બાબતેના સ્ટોક રજીસ્ટર ની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતાઓ માલુમ પડેલ છે.

૧. આ સ્ટોક પત્રકમાં કરેલ ખરીદીના જથ્થાની નોંધ ઈસ્યુ કરવામાં આવેલ જથ્થાની નોંધો મેનેજરશ્રી ધ્વારા અધિકૃત કરેલ નથી તેમજ વર્ષ દરમ્યાન આ પુરવણી ઉતરવહીઓ ના સ્ટોકની આકસ્મીક ભૌતીક ચકાસણી કરવામાં આવેલ નથી જે યોગ્ય નથી તો વર્ષમાં આકસ્મીક રીતે ભૌતિક ચકાસણી કરવાની પ્રથા અમલી બનાવવી.

૨. આ સ્ટોક પત્રકમાં પરીક્ષા માટે ઈસ્યુ કરવામાં આવેલ પુરવણી ઉતરવહી ઓનો બચતનો સ્ટોક જે તે કોલેજ પાસે થી પરત આવ્યો હોય તેની નોંધ કરવામાં આવેલ નથી તો જે તે કોલેજ ને ઈસ્યુ કરવામાં આવેલ હોય અને તે કોલેજના સેન્ટરમાં જેટલા વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા હોય તે સંખ્યા બાદ કરી બાકીની પુરવણી ઉતરવહીઓ નો તાળો મેળવી આ સપ્લીમેન્ટરીઓ પરત મેળવી સ્ટોક રજીસ્ટરમાં જમા લઈ ઓડીટને આગામી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે. .....

૩. આ સ્ટોક રજીસ્ટરમાં કરેલ નોંધ મુજબ (રજી.ના પાના-૮૧ થી ૮૪) ૧૬૦૦,૦૦૦ (૧૨ પેઈજની) પુરવણી ઉતરવહીઓ ખરીદ કરીને સ્ટોક રજીસ્ટરે જમા લેવામાં આવેલ છે ત્યારબાદ ઓડીટ વર્ષ દરમ્યાન તા-૨૮/૨/૦૫ થી ૨૧/૩/૦૫ સુધી (પાના ૩૦ થી ૪૫ ) માં ૩,૩૨.૫૦૦ પુરવણી ઉતરવહીઓ કોલેજોને ફાળવવામાં આવેલ છે. તા-૩૧/૩/૦૫ ના રોજ ૧૨,૬૭૫૦૦ નો સ્ટોક હાથ ઉપર જણાય તેમાં જે તે કોલેજોમાં બચત રહેલ પુરવણી ઉતરવહીઓ પરત મેળવી સ્ટોક રજીસ્ટરે જમા લઈ અને ત્યારબાદના વર્ષોના હિસાબો અદ્યતન કરી આજની તારીખનો સ્ટોક નકકી કરી હાથ પરત ના ભૌતીક જથ્થા સાથે મળેલઈ વધઘટ બાબતે આપના સ્તરેથી નિયમોનુસારની કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

